દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 91 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 April 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૧૮ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપી ન શકેઃ ધનખડ




નવી દિલ્હીઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગુરુવારે જણાવ્યું હતું કે અદાલતો રાષ્ટ્રપતિને આદેશ આપી ન શકે અને સંસદની ઉપરવટ જઇને કામ કરી ન શકે. અદાલતોનું કામ સંસદે ઘડેલા કાયદાનો અમલ કરાવવાનું જ છે.

રાષ્ટ્રપતિ દ્વારા (ખરડા અંગે) નિર્ણય લેવા ચોક્કસ મુદત (સમયમર્યાદા) નક્કી કરવા સર્વોચ્ચ અદાલતે કરેલા નિવેદનની ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગુરુવારે આકરી ટીકા કરી હતી અને અદાલતનો ઊધડો લેતા જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત ક્યારેય સંસદની ઉપરવટ જઇ ન શકે અને લોકતાંત્રિક પરિબળોની સામે 'અણુ-મિસાઇલ' છોડી ન શકે.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રપતિ દ્વારા ખરડાને



સર્વોચ્ચ અદાલતને ઠપકો આપતા ઉપરાષ્ટ્રપતિ

મંજૂરી આપવા કે નકારવા માટેની મુદત નક્કી કરવાનું કહેતા તેનો ભારે વિરોધ થઇ રહ્યો છે.

ધનખડે રાજ્યસભામાં સવાલ કર્યો હતો કે શું હવે આપણા ન્યાયાધીશો જ કાયદા ઘડશે? તેનો અમલ કરાવશે? સંસદથી ઉપરવટ જઇને કામ કરશે? શું તેઓ કોઇ જવાબદારી નહિ લે, કારણ કે તેઓ (ન્યાયાધીશો)ની સામે ખાસ અપવાદરૂપ કિસ્સા સિવાય કાયદેસર કાર્યવાહી કરી નથી શકાતી?

ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતને ખાસ સત્તા આપતી બંધારણની કલમ ૧૪૨નો દુરુપયોગ લોકતાંત્રિક પરિબળો સામેની (જુઓ પાનું ૨) ▸▸




## વક્ફ એક્ટ કેસ
## એક અઠવાડિયામાં જવાબ આપવાનો કેન્દ્રને સુપ્રીમનો આદેશ

નવી દિલ્હીઃ વક્ફ એમેન્ડમેન્ટ ઍક્ટ ૨૦૨૫ને પડકારતી અરજીને મામલે એક અઠવાડિયામાં પ્રતિક્રિયા આપવાનો સુપ્રીમ કોર્ટે ગુરુવારે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો.

આગામી સુનાવણી અગાઉ 'વક્ફ બાય યુઝર' કે 'વક્ફ બાય ડીડ' પ્રોપર્ટીને ડિનોટિફાય કરવામા નહીં આવે એ પ્રકારની કેન્દ્ર સરકારે બાંયધરી આપ્યા બાદ સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો.

આ સમયગાળા દરમિયાન સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ ઍન્ડ બૉર્ડમાં કોઈ નિમણૂક કરવામાં નહીં આવે એ પ્રકારની કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા એટર્ની જનરલ તુષાર મહેતાએ આપેલી એ બાંયધરીની મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજયકુમાર તેમ જ કે. વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠે નોંધ લીધી હતી.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે જો વક્ફની કોઈપણ પ્રોપર્ટીનું અગાઉના ૧૯૯૫ ઍક્ટ અંતર્ગત રજિસ્ટ્રેશન થયું હશે તો પાંચમી મેએ થનારી આગામી સુનાવણી પહેલાં એવી મિલકતોને ડિનોટિફાય નહીં કરી શકાય.

સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ ઍન્ડ બૉર્ડમાં બિનમુસ્લિમોનો સમાવેશ કરવાની પરવાનગી આપતી જોગવાઈને બાજુએ રાખીને 'વક્ફ બાય યુઝર' કે 'વક્ફ બાય ડીડ' પ્રોપર્ટીને ડિનોટિફાય કરવાના સુપ્રીમ કોર્ટના પ્રસ્તાવનો કેન્દ્ર સરકારે ઉગ્ર વિરોધ કર્યો હતો.

સઘન ચર્ચાવિચારણા બાદ સંસદના બંને (જુઓ પાનું ૨) ▸▸

## તેજી અવિરતઃ સેન્સેક્સ ફરી ૧૫૦૦ પોઇન્ટ ઊછળ્યો

### માર્કેટ કેપમાં ₹ ૪.૬૦ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં સતત ચોથા દિવસે તેજી અવિરત રહી હતી અને સેન્સેક્સ ફરી ૧૫૦૦ પોઇન્ટ ઊછળ્યો હતો. એફઆઇઆઇની ફરી શરૂ થયેલી લેવાલી, ડોલરની નબળાઇ, ટેરિફ વોર વચ્ચે ભારતને લાભ થવાના આશાવાદ ઉપરાંત અમેરિકા અને જાપાનની ટેરિફ ટોક સફળ રહેવાના અશાવાદ વચ્ચે એશિયન બજારોમાં આવેલી તેજી પાછળ સેન્સેક્સે ૧૫૦૯ પોઇન્ટની છલાંગ સાથે ૭૮,૫૦૦ પોઇન્ટની, જ્યારે નિફ્ટીએ ૪૧૪.૪૬ પોઇન્ટના ઉછાળા સાથે ૨૩,૮૫૦ની સપાટી પુનઃહાંસલ કરી છે.

આ ઉછાળા સાથે બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪.૬૦ લાખ કરોડ વધીને રૂ. ૪૧૯.૬૦ લાખ કરોડના સ્તરે પહોંચ્યું છે. ટેરિફ વોર અને મંદીની ચિંતા વચ્ચે વિશ્વ બજારમાં જોવા મળેલી નરમાઇ પાછળ ભારતીય શેરબજાર પણ નીચા મથાળે ખુલ્યું હતું અને પ્રારંભિક સત્રમાં નીચા સ્તરે અથડાતું રહ્યું હતું. જોકે ઇન્ડેક્સ હેવીવેઇટ ફાઇનાન્શિયલ સ્ટોકસમાં નવેસરની લેવાલી નીકળતાં બેન્ચમાર્ક ઝડપી ગતિએ (જુઓ પાનું ૨) ▸▸

## ટૅરિફને મુદ્દે જાપાનની સાથે ટ્રમ્પની મંત્રણા

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ટૅરિફને મુદ્દે બુધવારે જાપાનના અધિકારીઓની સાથે સીધી મંત્રણા કરી હતી.

રિપબ્લિકન પ્રમુખે અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટ અને વાણિજ્ય પ્રધાન હોવર્ડ લટનિક અને અગ્રણી આર્થિક સલાહકારોની સાથે મળીને ટૅરિફને મુદ્દે જાપાનના પ્રતિનિધિમંડળની સાથે સીધી મંત્રણા કરી હતી.

ટ્રમ્પે આ મિટિંગ બાદ સોશિયલ મીડિયાની પોસ્ટમાં લખ્યું હતું કે મને આશા છે કે આ મંત્રણા જાપાન અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષી વેપારને વધારવા ફળદાયી સાબિત થશે.

તેમણે લખ્યું હતું કે મને જાપાનના વેપારને લગતા પ્રતિનિધિમંડળની સાથે મંત્રણા કરતા આનંદ થયો છે. અગાઉ, ટ્રમ્પે અસંખ્ય દેશમાંથી અમેરિકા ખાતે આયાત થતાં માલસામાન પરની ટૅરિફમાં વધારો કરવાની જાહેરાત કરતા તેની માઠી અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી હતી.બાદમાં, ટ્રમ્પે ચીન સિવાયના દેશોના માલસામાન (જુઓ પાનું ૨) ▸▸

## કેનેડાની ચૂંટણીમાં ટ્રમ્પ ચાવીરૂપ મુદ્દોઃ કાર્ની

ટૉરન્ટોઃ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ બુધવારે કહ્યું હતું કે કેનેડાની ચૂંટણીમાં ટ્રમ્પ ચાવીરૂપ મુદ્દો હશે. તેમણે કહ્યું હતું કે ટ્રમ્પ સાથે સૌથી સારી રીતે સોદાબાજી કોણ કરી શકશે એ કેનેડાની ચૂંટણીનો ચાવીરૂપ પ્રશ્ન હશે તો બીજીતરફ વિપક્ષ રૂઢિચુસ્ત પાર્ટીના પ્રતિસ્પર્ધી પીઅરે પૉઈલિવ્રેએ દલીલ કરી હતી કે લિબરલ પાર્ટીના દાયકાના શાસન બાદ પણ કાર્ની બદલાવ-પરિવર્તનનું પ્રતિનિધિત્વ નથી કરતા. કેનેડા બદલાવ અપનાવે તે જરૂરી છે અને કાર્ની આ મામલે તેમના પુરોગામી જસ્ટિન ટ્રુડો જેવા જ છે, એમ પીઅરેએ કહ્યું હતું. કાર્નીએ કહ્યું હતું કે પીઅરે કે હું બંનેમાંથી કોઈ જસ્ટિન ટ્રુડો નથી. આ ચૂંટણીનો મુખ્ય મુદ્દો એ છે કે ટ્રમ્પનો સામનો કોણ કરશે?

ટ્રમ્પના ટ્રેડ વૉર તેમ જ કેનેડાને અમેરિકાનું એકાવનમું રાજ્ય બનાવવાની ધમકીએ કેનેડાવાસીઓને ઉશ્કેર્યા છે અને તેને કારણે તેમનામાં રાષ્ટ્રવાદ જાગ્યો છે અને આ બાબતે ૨૮ એપ્રિલે યોજાનારા મતદાન અગાઉ લિબરલ પાર્ટીનો ઉત્સાહ વધાર્યો છે.

લિબરલ પાર્ટીને ચોથી મુદત ન આપવા પીઅરે કેનેડાવાસીઓને વિનવી રહ્યા છે. ટ્રમ્પ સાથેના વાદવિવાદ બાદ ટ્રુડોએ રાજીનામું આપી દીધું હતું જેને પગલે કાર્ની લિબરલ પાર્ટીના નેતા અને વડા પ્રધાન બની ગયા હતા. (એજન્સી) ■

## ગુજરાતમાં રસ્તાઓ પર લોહી રેડાયું
## ૧૩ જણે અકસ્માતમાં જીવ ગુમાવ્યા

અમદાવાદઃ હેલ્મેટ પહેરવાથી માંડી વાહનની ઝડપના ઘણા નિયમો હોવા છતાં સતત અકસ્માત થતા રહે છે અને યુવાન-વૃદ્ધ-બાળકો અકાળે મોતને ભેટે છે. બુધવારે રાજકોટમાં બેકાબૂ બનેલી બસે ચારના જીવ લીધા હતા અને તેના વાયરલ થયેલા વીડિયોએ સૌને હચમચાવી નાખ્યા હતા ત્યારે ફરી ગમખ્વાર અકસ્માતમાં ૧૩ જણે જીવ ગુમાવ્યા છે.

ગુજરાતના પાટણ જિલ્લામા વહેલી સવારે એસ.ટી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા છ લોકોના મોત થયા હતા. હિંમતનગરથી માતાના મઢ જતી બસે રીક્ષાને અડફેટે લીધી હતી. જેથી રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. રિક્ષામાં સવાર છ લોકોના મોત થયા છે. આ અકસ્માત સમીના વચ્છરાજ હોટલ નજીક સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ અને એમ્બુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકોના નામ ફૂલવાદી બાબુભાઈ લાલાભાઇ (ઉં.વ. ૭૦), ફૂલવાદી કાંતાબેન બાબુભાઈ (ઉં.વ. ૬૦), ફૂલવાદી ઇશ્વરભાઇ લાલાભાઇ (ઉં.વ. ૭૫), ફૂલવાદી તારાબેન ઈશ્વરભાઈ (ઉં.વ. ૭૦), ફૂલવાદી (જુઓ પાનું ૨) ▸▸

### કચ્છના અકસ્માતમાં પાંચના જીવ ગયા

આદિપુરના અકસ્માત ઝોન તરીકે ઓળખાતા ટાગોર રોડ પર ગત બુધવારે બપોરે એસ.ટી.ની ઓવર સ્પીડિંગ વોલ્વો બસની અડફેટે એક કોલેજીયન યુવતીનું મોત નીપજ્યું હતું, જયારે આ દુર્ઘટનામાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં, આ ઉપરાંત સીમાવર્તી રાપર, બંદરીય મુંદરા અને ગાંધીધામમાં પણ ત્રણ જુદાં જુદાં અકસ્માતોમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં,

પોલીસના કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૫ વર્ષીય રીતુ સાધુપલ્લી બહેનપણી સાથે ટાગોર રોડ (જુઓ પાનું ૨) ▸▸

## ચૂંટણીના નિયમોનો વિવાદ
## કૉંગ્રેસની અરજીઃ સુપ્રીમે ચૂંટણી પંચને વધુ ત્રણ મહિનાનો સમય આપ્યો

નવી દિલ્હીઃ વર્ષ ૧૯૬૧ના ચૂંટણીના નિયમોમાં તાજેતરમાં કરવામાં આવેલા સુધારાને પડકારતી કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશ અને અન્યોની અરજી અંગે પ્રતિક્રિયા આપવા સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી પંચને વધુ ત્રણ મહિનાનો સમય આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજયકુમારની બનેલી ખંડપીઠે જયરામ રમેશની અરજીને મામલે ચૂંટણી સમિતિ અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી તેમની પ્રતિક્રિયા માગી હતી.

ચૂંટણી સમિતિ વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે અરજી અંગે પ્રતિક્રિયા આપવા વધુ ત્રણ અઠવાડિયાના સમયની માગણી કરી હતી.

ખંડપીઠે મનિન્દર સિંહની વિનંતીને માન્ય રાખી હતી અને કેસની આગામી સુનાવણી માટે ૨૧ જુલાઈ મુકરર કરી હતી.

જયરામ રમેશે ડિસેમ્બરમાં અરજી દાખલ કરી હતી અને આશા વ્યક્ત કરી હતી ઝડપથી ઘસાઈ રહેલી ચૂંટણી પ્રક્રિયાની સિસ્ટમને પૂર્વવત કરવામાં સુપ્રીમ કોર્ટ મદદ કરશે. (એજન્સી) ■

## હિમાચલના અનેક ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડુંઃ એક બાળકનું મોત

શિમલાઃ હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ, વાવાઝોડું અને કરાવૃષ્ટિ થઇ હતી. જેના કારણે વૃક્ષો ઉખડી ગયાં અને વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. પરિણામે રાજધાની શિમલાના ઘણા વિસ્તારોમાં કલાકો સુધી વીજળી ગુલ રહી હતી. હમીરપુરના બરસરમાં રાત્રે ત્રાટકેલા વાવાઝોડાને કારણે પાઇન અને અન્ય વૃક્ષો પ્રવાસીઓની ઝૂંપડીઓ પર પડ્યા હતા. એક ઝૂંપડીની અંદર સૂઇ રહેલા અભિષેક કુમાર નામના આઠ વર્ષના બાળકનું વૃક્ષ પડવાથી મોત નીપજ્યું હતું. બાળકને તાત્કાલિક બરસર સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યું હતું. જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બુધવાર સાંજથી અત્યાર સુધીમાં કુલ્લુ જિલ્લાના સેઉબાગમાં સૌથી વધુ ૨૮.૮ મિ.મી. વરસાદ નોંધાયો છે. ત્યારબાદ લાહૌલ-સ્પિતિના કુકુમસેરીમાં ૨૩.૮ મીમી અને નારકંડામાં ૧૮ મિ.મી. વરસાદ નોંધાયો છે. બાગાયત અને મહેસૂલ પ્રધાન જગતસિંહ નેગીએ જણાવ્યું કે ઘણા વિસ્તારોમાં કરા પડ્યા હતા. જેના કારણે સફરજન અને અન્ય ફળોના પાકને નુકસાન થયું હતું. વૃક્ષો પડી જવાથી રસ્તાઓ બંધ થઇ ગયા હતા અને કેટલાંક ઘરોને નુકસાન થયું હોવાનાં અહેવાલ છે. હવામાન વિભાગે ગુરૂવાર અને શુક્રવાર માટે રાજ્યના અલગ-અલગ ભાગોમાં કરાવૃષ્ટિ, ભારે વરસાદ અને હિમવર્ષા માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. તેમજ વાવાઝોડું, વીજળી અને ભારે પવનની ચેતવણી આપી છે. બુધવારે ત્રાટકેલા વાવાઝોડા અને કરાવૃષ્ટિને કારણે વૃક્ષો ઉખડી ગયાં હતાં, કામચલાઉ મકાનોની છતો ઉડી ગઇ હતી. તેમજ શિમલા સહિત અનેક વિસ્તારોમાં વીજળી ગુલ રહી હતી. શિમલામાં કેટલાક વાહનો પણ ઝાડ નીચે દટાઇ ગયાં હતાં.

હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું કે મંડીમાં ૧૭.૬ મિ.મી, ધર્મશાળામાં ૧૭ મિ.મી, ચંબામાં ૧૬ મિ.મી, કલ્પામાં ૧૫.૬ મિ.મી, કુફરીમાં ૧૫ મિ.મી, વરસાદ નોંધાયો હતો. જ્યારે પર્યટન સ્થળ કસૌલીમાં ૧૪.૪ મીમી, ડેલહાઉસીમાં ૧૦ મિ.મી, શિમલામાં ૯.૬ મિ.મી અને મનાલીમાં ૬.૮ મીમી વરસાદ પડ્યો હતો. તેમજ લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. ■



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ફારુક ભારતતરફી રહે તો ફાયદામાં રહેશે

**ભારતની** જાસૂસી સંસ્થા 'રિસર્ચ એન્ડ એનલસિસ વિંગ' (RAW)ના ભૂતપૂર્વ વડા એ.એસ. દુલતની નવી બુક 'ધ ચીફ મિનિસ્ટર એન્ડ ધ સ્પાય' ૧૮ એપ્રિલે પબ્લિશ થવાની છે. પશ્ચિમની દેખાદેખી આપણે ત્યાં પણ પુસ્તકની હવા જમાવવા અને તેની પબ્લિસિટી કરવા માટે પુસ્તકની સનસનાટીભરી વાતો ફેલાવવાની ફેશન લાંબા સમયથી ચાલે છે. અત્યારે માર્કેટિંગનો જમાનો છે ને બોલ એનાં બોર વેચાય એવી હાલત છે તેથી માલ વેચવો હોય તો એ કરવું જ પડે તેથી તેમાં કશું ખોટું નથી.

અમરજીત સિંહ દુલત ૧૯૪૦માં જન્મેલા એટલે અત્યારે ૮૫ વર્ષના છે પણ કડેધડે છે. અટલ બિહારી વાજપેયીના સમયમાં રોના ડિરેક્ટર રહેલા ને નિવૃત્તિ પછી તેમને વડા પ્રધાન કાર્યાલયમાં જમ્મુ અને કાશ્મીરના સલાહકાર નિયુક્ત કરવામાં આવ્યા હતા. દુલકે મે ૨૦૦૪ સુધી ત્યાં સેવા આપી હતી. દુલતના પુસ્તક 'ધ ચીફ મિનિસ્ટર એન્ડ ધ સ્પાય'ના પણ કેટલાક અંશો પુસ્તકના વિમોચન પહેલાં મીડિયામાં ફરતા થયા છે ને તેમાં સૌથી મહત્વની વાત જમ્મુ એન્ડ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ને લગતી છે. દુલતે 'ધ ચીફ મિનિસ્ટર એન્ડ ધ સ્પાય'માં દાવો કર્યો છે કે નેશનલ કોન્ફરન્સના વડા અને જમ્મુ તથા કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ડૉ. ફારુક અબ્દુલ્લા જમ્મુ એન્ડ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવા માટે ગુપ્ત રીતે સંમત થયા હતા.

ભારતમાં લોકો કલમ ૩૭૦ને ભૂલી ગયાં છે તેથી લોકોને આ મુદ્દો બહુ મહત્ત્વનો નથી લાગતો પણ જમ્મુ અને કાશ્મીરમાં હજુય કલમ ૩૭૦ મોટો મુદ્દો છે. ભાજપ સિવાયના પક્ષો સૈદ્ધાંતિક રીતે જમ્મુ એન્ડ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ પાછી લાવવા માગે છે. ફારુકની નેશનલ કોન્ફરન્સ તેમાં અંગ્રેસર છે ત્યારે ફારુકે જમ્મુ એન્ડ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સાથે અંદરખાને સાંઠગાંઠ કરેલી એવી વાતથી કમ સે કમ જમ્મુ અને કાશ્મીરના રાજકારણમાં તો ખળભળાટ મચે જ ને અત્યારે એવી જ સ્થિતી છે.

એક તરફ ડૉ. ફારુક અબ્દુલ્લા દુલત ખોટું બોલે છે એવી ચોખવટ કરવામાં પડ્યા છે ત્યારે બીજી તરફ ફારુકના વિરોધીઓ તેમના પર તૂટી પડ્યા છે. જમ્મુ એન્ડ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવામાં સાથ આપીને કાશ્મીરની પ્રજા સાથે વિશ્વાસઘાત કર્યો છે એવા આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે. ફારુક અબ્દુલ્લાએ તો દુલતના પુસ્તકમાં જૂઠાણાંની ભરમાર છે એવો દાવો કરીને બીજી કઈ કઈ ખોટી વિગતો લખી છે તેનું આખું લિસ્ટ મીડિયાને પકડાવી દીધું છે. સાથે સાથે દુલત પોતાના પુસ્તકના પ્રચાર માટે સસ્તી લોકપ્રિયતાનો આશરો લઈ રહ્યા હોવાનો આક્ષેપ પણ કર્યો છે. દુલત ડૉ. ફારુકના ખાસ મિત્રોમાંથી એક હોવાથી ફારુક વધારે બગડ્યા છે. ફારુકે ત્યાં લગી કહી દીધું છે કે, દુલત પોતાને મારો મિત્ર ગણાવે છે પણ ખરેખર મારો મિત્ર હોત તો આ બધાં જૂઠાણાં લખ્યાં જ ના હોત.

ફારુક અબ્દુલ્લાના વિરોધી પીપલ્સ કોન્ફરન્સ (પીસી)ના સજ્જાદ ગની લોને દુલતની વાતને સાચી ગણાવી છે. લોનનું કહેવું છે કે, ફારુક અબ્દુલ્લા અને તેમના પુત્ર ઓમર ૪ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને બીજા દિવસે સંસદમાં કલમ ૩૭૦ નાબૂદ કરવાનો ઠરાવ લવાયો તેથી તેમને દુલતના દાવાથી જરાય આશ્ચર્ય થયું નથી. બલ્કે અમે અત્યાર લગી કહેતા હતા તો કોઈ માનતું નહોતું પણ ફારુકે કલમ ૩૭૦ નાબૂદ કરવાની વાતને વ્યક્તિગત રીતે સમર્થન આપ્યું હતું એવું દુલતે કહ્યું પછી કોઈ શંકા રહેતી નથી. દુલત ફારુકના સૌથી નજીકના સાથી અને મિત્ર છે એ જોતાં હવે કશું કહેવાપણું રહેતું નથી. ફારુક અબ્દુલ્લા વિરુદ્ધ બીજાં પણ નિવેદનો થયાં છે ને તેમાં પણ ફારુકને કાશ્મીરની પ્રજાના ગદ્દાર જ ગણાવાયા છે.

જમ્મુ અને કાશ્મીરમાં સજ્જાદ ગની લોન સહિતના નેતાઓનો પોતાનો રાજકીય એજન્ડા છે તેથી એ લોકો આ મુદ્દાનો ઉપયોગ પોતાના રાજકીય ફાયદા માટે જ કરવાના તેથી એ લોકો પાસેથી બીજી કોઈ અપેક્ષા નથી. દુલતે કરેલી વાત સાચી છે કે નહીં એ આપણને ખબર નથી પણ ખરેખર સાચી હોય તો ડૉ. ફારુક અબ્દુલ્લાનું હૃદયપરિવર્તન થયેલું કહેવાય.

ફારુક અબ્દુલ્લાના પરિવારની છાપ પાકિસ્તાનના પીઠ્ઠુ તરીકેની છે. દેશ આઝાદ થયો ત્યારે ફારુકના પિતા શેખ અબ્દુલ્લા ભારત તરફી હતા પણ પછી પાકિસ્તાન તરફી થઈ ગયેલા. દેશ આઝાદ થયો એ પહેલાં કાશ્મીરમાં રાજા હરિસિંહ સામે બગાવત શરૂ થઈ ગયેલી ને તેની આગેવાની શેખ અબ્દુલ્લાએ લીધી હતી. ૧૯૪૬થી જ કાશ્મીરમાં માહોલ ખરાબ હતો તેથી હરિસિંહે ભારત સાથે ભળી જવાની જરૂર હતી પણ તેમણે સ્વતંત્ર રહેવાની મૂર્ખામી કરી તેનો લાભ લઈને પાકિસ્તાન તરફી મુસ્લિમોએ બગાવત કરી નાખી.

મહારાજાએ તેમને દબાવી દેવા લશ્કરને છૂટો દોર આપેલો પણ પાકિસ્તાનની મદદ હોવાથી તેમને દબાવી શકાયા નહીં. દરમિયાનમાં પાકિસ્તાની પીઠ્ઠુ એવા પશ્તુનો ચડી આવ્યા. કાશ્મીર ખીણના પાકિસ્તાની તરફી મુસ્લિમોને ફરી મુસ્લિમ શાસન લાદવાનાં સપનાં આવવા માંડેલાં તેથી તેમણે પાકિસ્તાનના પીઠ્ઠુઓને સાથ આપ્યો. એ વખતે શેખ અબ્દુલ્લા ભારત સાથે રહ્યા હતા અને પોતાના સમર્થકો સાથે પાકિસ્તાનના આક્રમણને ખાળવામાં ભારત સરકારની મદદ કરી હતી.

જવાહરલાલ નહેરુએ શેખને જમ્મુ અને કાશ્મીરના વડા પ્રધાન બનાવીને શેખની ભારત તરફની વફાદારીનો બદલો વાળેલો. જો કે પછી નહેરુને શેખ અબ્દુલ્લા સાથે વાંધો પડતાં શેખને જેલમાં પૂરી દેવાયેલા. ૧૯૬૪માં શેખને મુક્ત કરીને કોંગ્રેસે વધુ એક ભૂલ કરી. જેલમાંથી બહાર આવતાં જ શેખ અબ્દુલ્લા પાકિસ્તાનના સરમુખત્યાર અય્યુબખાનને મળ્યા ને પછી ભારતના દુશ્મન ચીનની મુલાકાતે જઈને વડા પ્રધાન ચાઉ એન લાઈને મળ્યા હતા. શેખે ભારત વિરોધી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. પાકિસ્તાને ૧૯૬૫માં ભારત પર આક્રમણ કર્યું તે માટે શેખ અબ્દુલ્લાની ચડવણી જવાબદાર હતી. કાશ્મીરમાં ભારત વિરોધી માહોલ છે તેથી પાકિસ્તાન આક્રમણ કરે તો કાશ્મીરીઓ પાકિસ્તાનને સાથ આપશે એવી પટ્ટી શેખે પઢાવી હતી.

અબ્દુલ્લા પરિવારની છાપ એ રીતે ભારત વિરોધી છે. ફારુક છાસવારે કાશ્મીર મુદ્દે પાકિસ્તાન સાથે વાટાઘાટો કરવાની તરફેણ કરીને આ છાપને વધારે મજબૂત બનાવે છે પણ પાકિસ્તાનની અવદશા જોયા પછી તેમને ભારત સાથે રહેવામાં જ શાણપણ છે એ સમજાયું હોય તો સારું છે. આશા રાખીએ કે, ફારુકનું ભારતતરફી વલણ જળવાય ને બાપની જેમ એ પણ પછી ભારત વિરોધી ના થઈ જાય. ભારતતરફી રહેવું તેમના પણ ફાયદામાં છે કેમ કે કોઈ કાળે જમ્મુ અને કાશ્મીર ભારતથી અલગ થવાનું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૧૮–૪–૨૦૨૫, ગુડફ્રાઈડે, વિંછુડો

- ભારતીય દિનાંક ૨૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ –૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ–૫
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૮–૨૦ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૮–૨૦ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક.૧૫–૧૦, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૬ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૮–૧૧, રાત્રે ક. ૨૦–૫૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – પંચમી. ગુડફ્રાઈડે, વિંછુડો સવારે ક. ૦૮–૨૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, સર્વદેવ પ્રતિષ્ઠા. જયેષ્ઠા, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શુક્ર–બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, હજામત, વાહન, ચંત્રારંભ, ખેતીવાડી, પશુ લે–વેંચ. પ્રાણી પાળવા, પરદેશગમનનું પસ્તાનું.
- આચમનઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ ધંધામાં સંભાળવું, ચંદ્ર–શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર–સૂર્ય ત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર–બુધ ચતુષ્કોણ જુઠ્ઠું બોલવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–સૂર્ય ત્રિકોણ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# પ્રજામત

## ગેરસમજની સમજ

માણસ માત્ર ભૂલને પાત્ર છે...પણ ઘણી વખત સમજ સમજમાં જ ગેરસમજ સર્જાય છે. માણસની સ્વતંત્રતાની દૃષ્ટિએ દરેકને તે સાચા હોવાની માન્યતા રાખવાનો હક્ક છે, પણ હકીકત સાચી છે તે નક્કી કરવાનું કામ અટપટું તો છે પણ કદાચ અશક્ય છે, કારણ કે સત્ય હકીકત પ્રકાશમાં આવતા ચોક્કસ જીત જેની થાય છે તે હકીકત સર્વાંગી મંજૂર થઈ સામા પક્ષની નામંજૂર થવાથી... નારાજગી, અણગમો, વૈમનસ્ય, અબોલા કાં તો વધુ આકરા પરિણામો ભોગવવા પડે છે. હવે, મધ્યસ્થીથી વાતનું નિરાકરણ લાવતાં ચોક્કસ કાંઈક સામા પક્ષના મનમાં ગેરસમજ કાયમ ઘર કરી જાય છે. ગેરસમજમાં સમજ નથી હોતી. કેમ કે જો સમજ હોત તો પછી ગેરસમજ જ કેવી? ગેરસમજ દૂર કરવા ઘણાં ઘણાં કારણો તથા તથ્યો બહાર લાવવાની જહેમત ઉઠાવાય છે... પછી પણ એક પક્ષ દ્વારા જેની વાત નકારી દેવાતાં તેનામાં 'ગેરસમજ' ડંખરૂપે મનમાં હૃદયમાં રહી જાય છે. આનો શ્રેષ્ઠ દાખલો છે જ્યારે વિખ્યાત સંગીતકાર ઓ.પી. નય્યર સાહેબે કેમ ક્યારે પણ તેમની કારકિર્દી દરમ્યાન અવાજની અને સૂરોની મલ્લિકા માનનીય લતાદીદીના કંઠે એક પણ ગીત ગવડાવ્યું નથી?

આની સામે ઘણાં કારણો અપાયા...ખુદ લતાજીને તેમના ઈન્ટરવ્યૂમાં પૂછાયું પણ જવાબ મળ્યો કે તેમનો સ્વર ઓ.પી. નય્યરને પોતાની સંગીત રચનામાં ફાવ્યા કે બંધબેસતા ન લાગ્યો. તો ઘણાં ફિલ્મી જગતના માંધાતાઓએ માની ન શકાય એવા અનેક કારણો આપ્યા હતાં. જેથી વધુ ને વધુ ગૂંચવણ ઊભી થઈ.

પણ...ખુદ ઓ.પી. નય્યરને પૂછાયું તો તરત જ જવાબ મળ્યો કે મારે કોઈ હકીકત બયાં કરવી નથી. કારણ તે ઘણાંને ગળે નહીં ઊતરે. મને જે લોકો ઊંડાણથી જાણે છે તેને મારે કહેવાની જરૂર નથી. કારણ કે તેઓની સમજમાં લાવવાની જરૂર નથી... તેઓની સમજમાં શું થયું તે હકીકત જ છે.

બસ...ગેરસમજમાં કોઈ સમજ હોતી જ નથી. કરેલા પ્રયાસે પણ જો સમજે તો પણ કશે રંજ રહી જ જવાનો છે. સાચુ શું હતું? છે?

બોધ એ લેવાનો કે ગેરસમજમાં કોઈ સમજ આપવાની જરૂર જ નથી... તે ભલે એમ જ પડી રહે... થોડા સમય માટે ભલે સમજ સ્થપાય, પણ તે કાયમી નથી રહી શકતી. સમજ, સમજ છે...જીવનમાં તેટલું જ અગત્યનું છે કે 'મન સમજ સમજ પગ ધરીએ.'

'મન સમજ સમજ પગ ધરીએ.'

**હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ).**

## પશુ વિજ્ઞાનના અણમોલ વારસાનું જતન સંસ્કૃતિ અને ધાર્મિકવિધિમાં સહાયક બનશે

દેશી ગાયોને અલીલા-સૂકા ચારા સાથે પશુઆહાર આપી ચરિયાણાના મુક્ત વાતાવરણમાં રાખીને હાથ વડે દોહીને એકત્ર કરેલા દૂધને ગરમ થયા પછી ઠંડું થાય ત્યારે તેમાં મેળવણ નાખી દહીં જમાવી બીજા દિવસે તે દહીંને માટીની ગોળીમાં નાખી તેમાં જરૂર પ્રમાણે પાણી ભેળવી હાથ વડે વલોણું થાય છે.

ત્યારે બધું સત્વ એટલે કે માખણ એકત્રિત થાય છે. આ માખણને છાશ સાથે પિત્તળના કલઈ કરેલા વાસણમાં લઈ ગરમ કરી વિશેષ સંસ્કાર આપીને કરાયેલા રૂપાંતરથી જે ઘી તૈયાર થાય છે તે ઘી આયુષ્ય છે.

ગોમાતાની પ્રસાદી છે. અવર્ણનીય અને રુચીકર છે. દૂધની મલાઈમાંથી બનાવેલું ઘી કાચું ઘી કહેવાય. આયુર્વેદની દૃષ્ટિએ આવું ઘી ફાયદાકારક ન ગણાય. દેશી ગાયના હાથ વલોણાનું ઘી સુગંધ-સ્વાદ અને ગુણમાં સર્વશ્રેષ્ઠ છે.

ઘેર-ઘેર દહીંના વલોણા થતાં, ત્યારે ઘરના દરેક જણ આ નવનીત ઘી છૂટથી વાપરતાં. આવા ઉત્તમ ગુણોવાળા ગાયના ઘી વિ. પદાર્થો આહારરૂપે જ નહીં, ઔષધરૂપે પણ સર્વત્ર ઉપયોગમાં લેવાતાં.

આવા ઘીના અપાર ગુણ આ પ્રમાણે છે:

ગાયો જે વનસ્પતિઓનો ચારો ચરે છે તેમાંથી મોટાભાગની ઔષધિઓમાં અમૃત જેવા ગુણ હોવાથી તેમના દૂધ-ઘી વગેરેમાંથી અમૃત જેવા ગુણ પ્રાપ્ત થાય છે. લીલા-સૂકા ચારા જંગલમાં ચરતી ગાયનું દૂધ પૌષ્ટિક, હલકું અને નીરોગી હોય છે.

દેશી ગાયનું શુદ્ધ ઘી ધાર્મિક અનુષ્ઠાનો-સંસ્કૃતિનો તથા સામાજિક પ્રસંગોનો આધારસ્તંભ છે. ધાર્મિક વિધિ વિધાનનો પાયો ગણાય.

ધાર્મિક વિધિમાં આવું ઘી વાપરવાથી આરાધકોમાં વિશેષ ઉત્સાહ પ્રગટે છે.

મન વિધિમાં એકાકાર થઈ શકે છે. દીવાના પ્રકાશથી હવા શુદ્ધ -નિર્મળ થાય. વાતાવરણમાં પ્રાણવાયુ વધે. સાત્ત્વિકતા અને સુગંધ ફેલાય.

મંદિરો-તીર્થોમાં દેશી ગાયના ઘીના દીવા કરવાનું વિધાન છે. ઘીના આ દીવડાઓથી વાયુમંડળ પવિત્ર-સુંદર-આહ્લાદક અને ભક્તિભાવભર્યું બને છે. સાથે જ વાતાવરણમાં રહેલા ઝેરી જંતુઓથી બચાવે છે. ગાયનું ઘી અને છડેલા ચોખાનો હવન કરવાથી ઈથિલિન ઓક્સાઈડ પ્રોપીલીન ઓક્સાઇડ પેદા થાય છે, જે વાતાવરણને જંતુરહિત બનાવે છે. ડેરીના અભક્ષ્ય ઘીના મહાપાપથી બચવા શુદ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખીશું તો સુપાત્રદાનમાં તથા દેવમંદિરોના દીવામાં સહજ રીતે આવા ઘીનો ઉપયોગ શરૂ થશે.

જો દરેક ઘરમાં દેશી ગાયના દૂધ-ઘી વગેરે ઉત્તમ પદાર્થોને પ્રાધાન્ય આપી વપરાશ કરવામાં આવે તો લોકોનું સ્વાસ્થ્ય પણ જળવાઈ રહેશે. ધાર્મિક-સામાજિક પ્રસંગે મીઠાઈ આપવાને બદલે કાચની બોટલમાં ઘી આપવાનો વહેવાર શરૂ કરવો જોઈએ.

જે ગાયો વગડામાં જડીબુટ્ટીઓ ચરીને આવી હોય તેના દૂધમાં તે જડીબુટ્ટીઓના સત્ત્વ અને ગુણો ભળી જાય છે અને એ દૂધ અને ઘીમાં આવે છે. આવા દૂધ-ઘીનું સેવન કરનારા બુદ્ધિશાળી અને મેધાવી બને છે.

**સેવંતીભાઈ સંઘવી (થરાદ)**

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# કલમ ૩૭૦ને રદ કરવા અબ્દુલ્લાએ આપેલા ટેકાથી મને આશ્ચર્ય નથી થયું: મહેબૂબા

શ્રીનગરઃ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીનાં પ્રમુખ મહેબૂબા મુફતીએ જણાવ્યું હતું કે નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબદુલ્લાએ જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ને રદ કરવા 'ખાનગી'માં (કેન્દ્ર સરકારને) ટેકો આપ્યો હોવાનો દાવો રિસર્ચ ઍન્ડ ઍનાલિસીસ વિંગ (રૉ)ના ભૂતપૂર્વ વડા અમરજિત સિંહ દુલતે પોતાના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા પુસ્તકમાં કર્યો તેનાથી મને કોઇ આશ્ચર્ય નથી થયું.

મહેબૂબા મુફતીએ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના કાર્યકરોના અહીં યોજાયેલા સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે અમરજિત સિંહ દુલતે કરેલી સંબંધિત જાહેરાત મારા માટે કંઇ નવી વાત નથી. આ બાપ-બેટો (ફારુક અબદુલ્લા અને ઉમર અબદુલ્લા) ૨૦૧૯ની ત્રીજી ઑગસ્ટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ફારુકસાહેબ ૨૦૧૯ની પાંચ ઑગસ્ટે સંસદમાં પણ નહોતા ગયા. તેઓ સંસદમાં ગેરહાજર રહ્યા હોવાથી મારા માટે આ બધી ઘટના આશ્ચર્યજનક નહોતી. જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણમાંની કલમ ૩૭૦ કેન્દ્રે ૨૦૧૯ની પાંચ ઑગસ્ટે રદ કરી હતી.

મહેબૂબા મુફતીએ એવો દાવો પણ કર્યો હતો કે ઉમર અબદુલ્લા ૨૦૧૪માં જમ્મુ અને કાશ્મીરમાં સરકાર રચવા માટે અમિત શાહને પણ મળ્યા હતા. ઉમરે રાજ્યમાં પીડીપીની સાથે સરકાર રચવાને બદલે નેશનલ કોન્ફરન્સની સાથે મળીને સરકાર રચવા શાહને વિનંતિ કરી હતી.(એજન્સી) ■

# પ્યુઅર્ટો રિકો ટાપુમાં ૧૪ લાખ ઘરનો વીજ પુરવઠો ખોરવાયો

સાન જુઆન (પ્યુઅર્ટો રિકો): કેરિબિયન ટાપુ પ્યુઅર્ટો રિકોમાં ઇસ્ટરના વીકઍન્ડની ઉજવણીની તૈયારી ચાલતી હતી ત્યારે જ વીજળી પુરવઠો ખોરવાતા લાખો લોકો હેરાન થઇ ગયા હતા. અમેરિકાના પ્રદેશ ગણાતા પ્યુઅર્ટો રિકોમાં વીજળી પુરવઠો પહોંચાડવાનું કામ કરતી કંપની લુમા એનર્જીના પ્રવક્તાએ કબૂલ કર્યું હતું કે ટાપુ પરના અંદાજે ૧૪ લાખ ઘરનો વીજ પુરવઠો ખોરવાયો હતો. બાદમાં મોડી રાતે આશરે ૧,૭૫,૦૦૦ લોકો એટલે કે અંદાજે ૧૨ ટકા ગ્રાહકોનો વીજ પુરવઠો ફરી ચાલુ કરવામાં સફળતા મળી હતી. અહીંના મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને અસંખ્ય હૉસ્પિટલમાં વીજ પુરવઠો ખોરવાઇ જવાથી અંધાધૂંધી ફેલાઇ હતી તેમ જ ઓછામાં ઓછા ૩,૨૮,૦૦૦ લોકોને તો પાણી પુરવઠો પણ પહોંચાડી નહોતો શકાયો.અહીંના ટાપુ પર હજારો પર્યટકો ઇસ્ટરની રજાઓ માણવા હૉટેલમાં રોકાયા છે. અનેક હૉટેલે જનરેટરોનો સહારો લેવો પડ્યો હતો. અહીં કેથલિક લોકોની બહુમતી છે. હજી વીજ પુરવઠો ફરી સામાન્ય કરતા ઓછામાં ઓછા બેથી ત્રણ દિવસ લાગશે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### કચ્છના અકસ્માતમાં

પર આવેલા જનતા પેટ્રોલ પંપ પર સ્કૂટરમાં પેટ્રોલ પૂરાવીને ઘરે પરત જવા નીકળ્યાં હતા. આ વેળાએ પૂરઝડપે આવી રહેલી રાજ્ય પરિવહનની વોલ્વો બસે તેમને કચડી નાંખ્યા હતાં. કાબુ ગૂમાવી ચૂકેલાં બસચાલકે વીજપોલ તોડીને બસને ડિવાઈડર પર ચઢાવી દીધી હતી અને સામેથી આવી રહેલાં એક મોટરસાઇકલ સવાર સમીર રહીમ ત્રાયા (રહે. કિડાણા)ને પણ અડફેટે લીધો હતો. દુર્ઘટનામાં ગંભીર ઈજાથી રીતુનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે તેની બહેનપણી અંકિતા અને સમીર ત્રાયાને ગંભીર ઈજાઓ પહોંચી છે. દુર્ઘટના અંગે આદિપુર પોલીસે રીતુના પિતાએ આપેલી ફરિયાદના આધારે બસચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી લેવા કવાયત્ આદરી છે.

બીજી તરફ રાપરના પ્રાગપર ગામ પાસે બે મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલાં અકસ્માતમાં બે યુવકોના મૃત્યુ નીપજ્યાં છે જ્યારે બે ઘવાયાં છે. ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા છે, તેમ જ પોલીસ તપાસ ચાલી રહી છે.

બંદરીય મુંદરાના ગુંદાલા અને રતાડિયા તરફ જતા માર્ગ પર ગત મધરાત્રે એક વાગ્યાના અરસામાં પૂરઝડપે જતું મોટરસાઇકલ સ્લીપ થતાં ગંભીર ઈજાઓથી દેવરાજ વંકા રબારી નામના ગુંદાલાના ૪૦ વર્ષના યુવકનું સારવાર પૂર્વે મૃત્યુ નિપજતાં પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.જયારે બુધવારે સાડા આઠ વાગ્યાના અરસામાં ગાંધીધામ-ભચાઉ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક લોખંડ ભરેલાં પાઈપને લઈ જતાં ટ્રેલર પાછળ એક ટ્રેલર ટકરાયા બાદ, લોખંડના તોતિંગ પાઈપો ટ્રેલરમાં ઘૂસી જતાં ડ્રાઈવર ચત્તરસિંહ પન્નાસિંહ રાજપૂતનું કેબિનમાં જ ગંભીર ઈજાઓથી મૃત્યુ નીપજ્યું હતું.

તો અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં બીએમડબ્લ્યુ કારે અકસ્માત સર્જ્યો હતો. જેમા બીએમડબ્લ્યુએ બિલ્ડિંગમાંથી બહાર નીકળતી કારને ટક્કર મારી હતી. જેના કારણે કાર ફંગોળાઈ ગઈ હતી. અકસ્માતમા બે વ્યક્તિને ઈજાઓ પહોંચી છે. અકસ્માત બાદ બીએમડબ્લ્યુ રસ્તાના થાંભલા સાથે અથડાઈ ગઈ હતી. તેમજ અકસ્માત બાદ બીએમડબ્લ્યુ કાર સ્થળ પર મૂકી યુવક અને યુવતી ફરાર થઈ ગયા હતા. ■

### કોર્ટ રાષ્ટ્રપતિને

'અણુ-મિસાઇલ'ની જેમ થઇ ન શકે. આ કલમ હેઠળ અદાલતને કોઇ 'અમર્યાદિત સત્તા' નથી મળતી.

તેમણે જણાવ્યું હતું કે અદાલતે તાજેતરમાં એક ચુકાદામાં રાષ્ટ્રપતિને આદેશ આપ્યો હતો. આપણે ક્યાં જઇ રહ્યા છીએ? આ દેશમાં શું થઇ રહ્યું છે? આપણે બહુ સંવેદનશીલ બની ગયા છીએ. આ સવાલ કોઇ રિવ્યૂ (પિટિશન) ફાઇલિંગનો નથી. અદાલત રાષ્ટ્રપતિને કઇ રીતે આદેશ આપી શકે?

ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે મેં મારી જિંદગીમાં આવો સમય આવશે, એવું ક્યારેય વિચાર્યું નહોતું. રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. રાષ્ટ્રપતિ દેશના બંધારણના રક્ષણ માટે શપથ લે છે. ઉપરાષ્ટ્રપતિ અને અન્ય પ્રધાનો, સાંસદો તેમ જ ન્યાયાધીશોએ પણ બંધારણમાંની જોગવાઇનું પાલન કરવાના શપથ લીધા હોય છે.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં કોઇ રાષ્ટ્રપતિને આદેશ આપી ન શકે. બંધારણની કલમ ૧૪૫ (૩)નું ખોટું અર્થઘટન કરવું ન જોઇએ.

ધનખડે જણાવ્યું હતું કે જનતા સરકારને ચૂંટે છે અને સરકાર કોઇ પણ પરિસ્થિતિ માટે સંસદ અને જનતાને જવાબ આપવા બંધાયેલી છે. સંસદમાં તમે (સાંસદો) સરકારને સવાલ પૂછી શકો છો, પણ જો કાયદા ઘડવાથી લઇને તેના અમલ સુધીની સત્તા જો અદાલતો જ લઇ લેશે, તો તમે કોઇ પરિસ્થિતિ માટે ન્યાયતંત્રને જવાબદાર ગણશો કે સરકારને? ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ધારાસભા અને ન્યાયતંત્રે સાથે મળીને કામ કરવું જ યોગ્ય ગણાય. અદાલતો સાંસદો કે વિધાનસભ્યોની સત્તાને પડકારે તે ખોટું ગણાય. (એજન્સી) ■

### એક અઠવાડિયામાં

ગૃહમાં મંજૂર કરવામાં આવેલા નવા સુધારીત વક્ફ કાયદા પર સરકારને સાંભળ્યા વિના સ્ટે ન આપવાની તુષાર મહેતાએ ખંડપીઠને વિનંતી કરી હતી.

નવા સુધારીત વક્ફ કાયદા પર સ્ટે આપવો એ ઉતાવળીયું પગલું હશે અને સરકારને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવવી જોઈએ, એમ મહેતાએ કહ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે સરકારની પ્રતિક્રિયા અંગે અરજકર્તાઓને પાંચ દિવસની અંદર રિજોઈન્ડર દાખલ કરવાની પરવાનગી આપવામાં આવશે.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે આગામી સુનાવણી પ્રાથમિક વાંધો ઉઠાવવા અને વચગાળાના આદેશ માટે હશે.

નવા સુધારિત વક્ફ કાયદાને પડકારતી અરજીને મામલે પ્રાથમિક પ્રતિક્રિયા આપવા મહેતાએ અઠવાડિયાના સમયની કરેલી માગણી બાદ ખંડપીઠે ઉપરોક્ત આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

### ટૅરિફને મુદ્દે

પરની ટૅરિફમાંના વધારાનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખવાની જાહેરાત કરી હતી અને તેની સાથે ચીનથી આયાત કરાતી ચીજો પરની ટૅરિફમાં ભારે વધારો કર્યો હતો.

તેમણે હાલમાં ટૅરિફની ૧૦ ટકા બેઝલાઇન ચાલુ રાખી છે.

ટ્રમ્પે જાપાનથી આયાત કરાતી ચીજો પર ૨૪ ટકા ટૅરિફ નાખવાની અગાઉ જાહેરાત કરી હતી અને તેને લીધે અમેરિકામાં આયાત કરાતી ઘણી ચીજો મોંઘી થઇ ગઇ છે. (એજન્સી) ■

### તેજી અવિરત

આગળ વધ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ અનેક સત્રોની સતત વેચવાલી બાદ બુધવારે રૂ. ૬૦૬૫.૭૮ કરોડની અને ગુરુવારે રૂ. ૩૯૩૬.૪૨ કરોડની લેવાલી નોંધાવી હતી. આમ બે દિવસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૦,૦૦૦ કરોડ જેવી લેવાલી કરી છે.

ટ્રેડ વોરની વધતી તીવ્રતા અને મંદીની ચિંતા વચ્ચે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીઅલ એવરેજ, નેસ્ડેક કમ્પોઝિટ અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સમાં ફરી નવા કડાકા જોવા મળ્યા હતા. જોકે, અમેરિકા અને જાપાનની વાટાઘાટોનું સકારાત્મક પરિણામ આવશે એવી આશા વચ્ચે એશિયાઇ બજારોમાં સુધારો જોવા મળ્યો હતો. બજારના સાધનો અનુસાર બચત અને થાપણ વ્યાજદરોમાં ફેરફારથી માર્જિનમાં સુધારો થવાની અપેક્ષા વચ્ચે, મુખ્યત્વે ફાઇનાન્શિયલ સેકટરની આગેવાનીમાં લાર્જ કેપ શેરોમાં મજબૂત તેજી જોવા મળી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો નેટ સેલર્સમાંથી બાયર્સ બન્યા હોવાથી પણ પોઝિટિવ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો છે, જોકે આ વલણ કેટલા સમય સુધી ટકી રહેશે એ અનિશ્ચિત હોવા છતાં, સ્થાનિક બજારની આસપાસનો આશાવાદ યથાવત્ છે. ■

### ૧૩ જણે અકસ્માતમાં

નરેશભાઈ ઇશ્વરભાઇ (ઉ.વ. ૩૫), ફૂલવાદી સાયરાબેન દિલુભાઈ વાદી (ઉ.વ. ૩૫) હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના મોરબીના માળિયામાં બોલેરો પલટી જતા દંપતીનું મોત થયું હતું અને ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલો મળ્યા છે. આ ઘટના અણિયાળી ટોલનાકા નજીક બની હતી. બોલેરોમાં ૧૫ કરતા વધુ માણસો બેઠા હતા અને તે દરમિયાન ડ્રાઈવરે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો જેના કારણે બોલેરોએ પલટી મારી હતી. જેમાં ૧૨ જણને ઈજા પહોંચી હતી તો એક દંપતીએ જીવ ગુમાવ્યો હતો. ■

ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી આયોજિત એલ એલ ડી સી નાટ્ય સ્પર્ધા ૨૦૨૫
(વર્ષ ૧૭)માં પારિતોષિક વિજેતા નાટક માણવાનો અવસર
સરદાર પટેલ સભાગૃહ, ભવન્સ કેમ્પસ, અંધેરી

આજે ૧૮ એપ્રિલ સાંજે ૭




આર્ટિસ્ટીક ગૃપ ઓફ થિયેટર
લેખક: રિષીત ઝવેરી
દિગ્દર્શક: ડિંકેશ અશોકભાઈ કનાધીયા

કાલે ૧૯ એપ્રિલ સાંજે ૭




શિવમ્ ફાઉન્ડેશન - રાજકોટ પ્રસ્તુત
લેખક: સ્વદેશ દીપક • ગુજરાતી અનુવાદ: હસન મલેક
દિગ્દર્શક: કૃશાન દોશી

ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરી રીન્યુઅલ અને નવી મેમ્બરશીપ વર્ષ ૨૦૨૫ (૨૧મું વર્ષ)

છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરી સાંસ્કૃતિક પ્રવૃતિઓ જેવી કે નાટક, સંગીત, નૃત્ય, ચિત્રપટ, ટોક શો વગેરે મળીને વર્ષના લગભગ ૧૫૦થી વધુ કાર્યક્રમો કરતી આ સંસ્થા મુંબઈના પરામાં રહેતા સાંસ્કૃતિક રસીયાઓની માનીતી છે. નાના મોટા કાર્યક્રમો ઉપરાંત ગુજરાતી નાટયસ્પર્ધા યોજી વિવિધ શહેરોના નાટકોને મુંબઈના પ્રેક્ષકો સમક્ષ રજુ કરે છે. સંગીત સંમેલન, ફિલ્મી સંગીત, મુશાયરો, ભારતીય નૃત્યો અને ફિલ્મ ફેસ્ટિવલ્સ એ ભવન્સ કલ્ચરલ સેન્ટરની વિશેષતા છે. આ મહિને મેમ્બરશીપ લેશો તો આ વર્ષનાં બેલેન્સ કાર્યક્રમો માં પણ ભાગ લઈ શકશો તે પણ ફક્ત રૂપિયા ૧૫૦૦માં વ્યક્તિદિઠ પ્રતિ વર્ષ.

આ નાટકોનાં એન્ટ્રીપાસ મેળવવા, નવી મેમ્બરશીપ તથા વધુ વિગત માટે
સંપર્ક: જીગ્નેશ મકવાણા -9167605061 અંકિત રાય -9137167942

Theatrix

# માલેગાંવ બ્લાસ્ટ કેસની સુનાવણી કરતા જજની બદલી અટકાવાઇ

મુંબઈ: ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસની સુનાવણી કરનારા વિશેષ એમઆઇએ જજ એક. કે. લાહોટીની મુદત બૉમ્બે હાઇ કોર્ટે ૩૧મી ઓગસ્ટ સુધી વધારી દીધી છે, જ્યારે કે તેના થોડા દિવસ પહેલા જ હાઇ કોર્ટે જ લાહોટીની બદલી નાશિક કરવાનો આદેશ જારી કર્યો હતો.

હાઇ કોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા અગાઉ જે જજોની વાર્ષિક બદલીની યાદી જાહેર કરી હતી તેમાં લાહોટીનો પણ સમાવેશ થતો હતો.

આ મહિનાની શરૂઆતમાં જારી કરાયેલા જાહેરનામામાં લાહોટીની નાશિકની કોર્ટમાં બદલી કરવામાં આવી હતી. આ આદેશ નવમી જૂને ઉનાળું વેકેશન બાદ જ્યારે કોર્ટ શરૂ થાય ત્યારથી લાગુ થવાનો હતો, પરંતુ તાજેતરમાં જારી કરાયેલા જાહેરનામામાં લાહોટીની મુદત ૩૧મી ઓગસ્ટ સુધી વધારવામાં આવી છે જેથી તેઓ માલેગાંવ કેસમાં અંતિમ તબક્કામાં આવેલી સુનાવણી પૂર્ણ કરી ચુકાદો સંભળાવી શકે. માલેગાંવમાં ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના એક મસ્જિદ નજીક મોટરસાયકલમાં વિસ્ફોટક ડિવાઇસ ગોઠવીને બ્લાસ્ટ કરાયો હતો જેમાં છ લોકોનાં મોત અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. આ કેસના આરોપીઓમાં ભાજપનાં નેતા અને ભોપાલનાં ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત અને અન્ય પાંચ જણનો સમાવેશ થાય છે. (પીટીઆઇ)■

## વિદ્યાર્થી આંદોલન સફળ

# એમપીએસસી પરીક્ષા મહિનો પાછળ ઠેલાઇ

મુંબઈ: મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની પરીક્ષા આગળ ધકેલવામાં આવી છે. પુણેના હજારો આંદોલનકારી વિદ્યાર્થીઓની આ સૌથી મોટી સફળતા માનવામાં આવી રહી છે. ૨૬થી ૨૮ એપ્રિલ દરમિયાન આ પરીક્ષા યોજાવાની હતી, પરંતુ હવે તેની તારીખો આગળ ધકેલવામાં આવી છે. રાજ્ય સરકારે જાહેર કરેલા સુધારિત ટાઇમટેબલ પ્રમાણે હવે ૨૬મી, ૨૭મી અને ૨૮મી મેના રોજ એમપીએસસી પરીક્ષા યોજાશે. મહારાષ્ટ્ર લોકસેવા પંચે આપેલી માહિતી અનુસાર સ્ટેટ સર્વિસની ૨૦૨૪ની પરીક્ષાના સુધારિત પરિણામ પ્રમાણે નવેસરથી પાત્ર ઠરેલા ૩૧૮ ઉમેદવારોને એમપીએસસીની મુખ્ય પરીક્ષા-૨૦૨૪ની તૈયારી માટે પૂરતો સમય મળ્યો ન હોવાથી ૨૬મીથી ૨૮મી એપ્રિલ, ૨૦૨૫ના સમય દરમિયાન લેવામાં આવનારી મુખ્ય પરીક્ષા આગળ વધારવા માટે ઉમેદવારો તરફથી પંચને અરજી કરવામાં આવી હતી. ઉમેદવારોની અરજી તથા અન્ય બાબતોને ધ્યાનમાં રાખીને હવે પરીક્ષા ૨૭મી, ૨૮મી અને ૨૯મી મે, ૨૦૨૫ના રોજ લેવામાં આવશે. ■

# અહો આશ્ચર્યમ: બેલાસિસ બ્રિજ મહેતલના છ મહિના પહેલા તૈયાર થઈ જશે

મુંબઈ: મુંબઈમાં હાલમાં ઘણા માળખાકીય પ્રકલ્પો ચાલી રહ્યા છે અને આ પ્રકલ્પો પૂર્ણ કરવાની ડેડલાઇન હંમેશા ચૂકી જવાતી હોવાનું સંભળાય છે, પણ દક્ષિણ મુંબઈનો બેલાસિસ બ્રિજ આમાં અપવાદ સાબિત થઇ શકે છે.

એક સદી કરતા વધુ જૂના બેલાસિસ બ્રિજની ફરી બાંધકામની ડેડલાઇન જૂન, ૨૦૨૬ છે, પરંતુ મુંબઈ પાલિકાને વિશ્વાસ છે કે આ કામ છ મહિના પહેલા જ પૂરું થઇ જશે.

હાલમાં મુંબઈમાંથી બ્રિટિશકાળના જોખમી બ્રિજોને તોડીને તેની જગ્યાએ નવા બ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. બેલાસિસ બ્રિજ પણ ૧૮૯૩માં બનાવવામાં આવ્યો હતો અને બ્રિટિશ મેજર જનરલ જોન બેલાસિસના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું હતું. આ બ્રિજ મુંબઈ સેન્ટ્રલ રેલવે ટ્રેક ઉપરથી પસાર થાય છે જે પૂર્વમાં નાગપાડા અને પશ્ચિમમાં તાડદેવને કનેક્ટ કરે છે.

તેના બાંધકામના ૧૩૦ વર્ષ બાદ ૨૦૧૮માં તે જોખમી હોવાનું જણાતા પાલિકા દ્વારા તેનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવામાં આવ્યું હતું. આ બ્રિજનો ઉપયોગ રોજના ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ વાહનો દ્વારા કરવામાં આવે છે. પાલિકાનું કહેવું છે કે આ બ્રિજને તોડીને ફરીથી બનાવવામાં આવશે.

બ્રિજ તોડી પાડવાનું કામ જૂન, ૨૦૨૪ સુધી શરૂ કરાયું નહોતું. પહેલા મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન અથવા પાલિકા અને પશ્ચિમ રેલવે દ્વારા સંયુક્ત રીકે તેનું બાંધકામ કરવામાં આવશે કે તેના પર વિવાદ ઊભો થયો હતો. છેવટે કેબલ સ્ટડ બ્રિજ બનાવવામાં આવનાર છે જેની માટે પાલિકા ૭૦ કરોડ રૂપિયા અને રેલવે ૪૦ કરોડ રૂપિયા આપ્યા છે. ■



# સોનામાં રોકાણ કરવું એ દરેક સમયગાળા માટે યોગ્ય વ્યૂહરચના છે.

- વિકાસ વાડેકર, હેડ પેસિવ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

૧૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ વૈશ્વિક સોનાનો ભાવ (LBMA) પહેલી વાર ૩,૦૦૦ યુએસ ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયો, જે છેલ્લા ૧૮ મહિનામાં સતત વધી રહ્યો છે. કોવિડ-૧૯ પછી, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ સોનાનો ભાવ ૧,૬૧૮ યુએસ ડોલર પ્રતિ ઔંસના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. ત્યારથી, ૨૬ માર્ચ, ૨૦૨૫ સુધીમાં સોનાના ભાવમાં આશરે ૮૭% (યુએસ ડોલરના સંદર્ભમાં) વધારો થયો છે. સોનાના ભાવમાં આ વધારો રાજકીય અનિશ્ચિતતા, કેન્દ્રીય બેંકની ખરીદી, ડોલરમાં નબળાઈ અને ફુગાવા સંબંધિત ચિંતાઓ જેવા પરિબળોને કારણે હોઈ શકે છે. જોકે આ સાબિત કરે છે કે સોનું એક સુરક્ષિત સંપત્તિ છે. પ્રાચીન સમયમાં, સોનાનો ઉપયોગ ઘરેણાં, ધાર્મિક કલાકૃતિઓ, કલા અને શિલ્પો, માટીકામ, સ્થાપત્ય સજાવટ, સહિત ઘણા હેતુઓ માટે થતો હતો. સોનું તેની સુંદરતા, દુર્લભતા, ઉપયોગિતા અને વિવિધ પ્રકારના ઉપયોગોને કારણે અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યું છે.

▸ **સોનામાં રોકાણ કરવાના મુખ્ય કારણો-**

▸ **ફુગાવા સામે રક્ષણ:** સોનાએ ઐતિહાસિક રીતે સમયની સાથે તેનું મૂલ્ય જાળવી રાખ્યું છે. જે ફુગાવા સામે રક્ષણ આપે છે.

▸ **સલામત સંપત્તિ:** ભૂ-રાજકીય અસ્થિરતા અથવા આર્થિક ઊથલપાથલના સમયગાળા દરમિયાન, સોનાને એક સુરક્ષિત સંપત્તિ તરીકે જોવામાં આવે છે.

▸ **વૈવિધ્યકરણ:** સોનું ઇક્વિટી અને બોન્ડ જેવા અન્ય સંપત્તિ વર્ગો સાથે ઓછું અથવા લગભગ કોઈ સંબંધ ન હોવાથી તે વૈવિધ્યકરણ પૂરુંપાડે છે. રોકાણ પોર્ટફોલિયોમાં સોનાનો સમાવેશ કરવાથી એકંદર જોખમ ઘટાડી શકાય છે અને વળતરમાં વધારો થઈ શકે છે.

▸ **પ્રવાહિતા:** સોનું એ ખૂબ જ પ્રવાહી સંપત્તિ છે જે વૈશ્વિક બજારોમાં સરળતાથી ખરીદી અથવા વેચી શકાય છે.

▸ **સેન્ટ્રલ બેંકની માંગ:** વિશ્વભરની સેન્ટ્રલ બેંકો સોનાનો મોટો ભંડાર ધરાવે છે અને સોનાની ખરીદી ચાલુ રાખે છે, જે સોનાના ભાવને ટેકો આપે છે.

▸ **મેનેજમેન્ટમાં:** સોનું સદીઓથી મૂલ્યવાન છે અને ભવિષ્યની પેઢીઓ માટે સંપત્તિ સાચવવાનું એક વિશ્વસનીય માધ્યમ છે.

▸ **સોનામાં રોકાણ કેવી રીતે કરવું?**

સોનામાં રોકાણ સોનાના સિક્કા, બાર અથવા ઘરેણાં ખરીદીને કરી શકાય છે. જોકે, ભૌતિક સોનાના સંગ્રહની સલામતી, ચોરીનું જોખમ, તરલતા અને શુદ્ધતાના અભાવ અંગે ચિંતાઓ હોઈ શકે છે. સોનામાં રોકાણ કરવાની બીજી રીત એ છે કે બોન્ડ ETF (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ) ખરીદવું. ગોલ્ડ ETF એક એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF) છે જે સ્થાનિક ભૌતિક સોનાના ભાવને ટ્રેક કરે છે. ગોલ્ડ ETF સ્ટોક એક્સચેન્જ (SE) એટલે કે BSE/NSE અથવા અન્ય કોઈપણ એક્સચેન્જ પર લિસ્ટેડ હોય છે અને સ્ટોકબ્રોકર દ્વારા ગમે ત્યારે ખરીદી અથવા વેચી શકાય છે.

# વાળ ખરવા પછી હવે બુલઢાણાના ગામવાસીઓના નખ ઊતરી રહ્યા છે

બુલઢાણા: ત્રણ મહિનાથી વાળ ખરવાની સમસ્યાને કારણે બુલઢાણા જિલ્લાના શેગાંવ તાલુકાના આશરે ૧૫ ગામના રહેવાસી ચિંતામાં જીવી રહ્યા છે. અચાનક વાળ ખરવાની સમસ્યાથી ત્રસ્ત ગામવાસીઓ હવે નખ ઊતરી જવાની નવી સમસ્યાથી ચિંતિત છે. આ નવી તકલીફથી તેમની પરેશાનીમાં વધારો થયો છે. સમસ્યાનું મૂળ કારણ શું છે એની ખબર નથી પડી રહી. અહેવાલ અનુસાર આ સમસ્યા શેગાંવથી આગળ પણ વિસ્તરેલી છે, કારણ કે બોન્ડગાંવના રહેવાસીઓ પણ વાળ ખર્યા બાદ નખ ઉતારવાનો અનુભવ કરી રહ્યા છે. પરિણામે વિસ્તારમાં ફફડાટ પેદા થયો છે. વાળ ખરવાની ઘટનાના બે મહિના પછી પણ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) તરફથી કોઈ કાર્યવાહી ન થઈ હોવાથી ગ્રામજનો અસ્વસ્થતા અનુભવી રહ્યા છે. ઘણાને શંકા છે કે દૂષિત પાણીને કારણે વાળ ખરી રહ્યા છે. પાણીમાં નાઇટ્રેટનું ઊંચું પ્રમાણ જોવા મળ્યા પછી આ શંકા મજબૂત બની છે. જિલ્લા આરોગ્ય અધિકારી અમોલ ગીતેએ આ પાણી વપરાશ માટે સલામત ન હોવાની વાતને સમર્થન આપતાં નોંધ્યું છે કે નાઇટ્રેટનું પ્રમાણ ૫૪ ટકા છે જે જોખમી કહેવાય. આ પ્રમાણ સ્વીકાર્ય મર્યાદા ૧૦ ટકાથી ઘણું વધારે છે. ■

ડેડીકેટેડ ફ્રેટ કોરીડોર
ડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.
(ભારત સરકારનો એક ઉપક્રમ)

સલામતી માહિતી

પાલઘર જિલ્લાના ન્યૂ સફાલે અને નવા ઉમરગામ સ્ટેશનો વચ્ચે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટની અપ અને ડાઉન બંને લાઇન પર **11 એપ્રિલ, 2025** થી માલગાડી સેવાઓ શરૂ થઈ છે. સલામતીના કારણોસર, જાહેર જનતાના તમામ સભ્યોને પાટા ઓળંગવાની સલાહ આપવામાં આવે છે. ઓવરપાસ, સબવે અથવા રાહદારી પુલનો ઉપયોગ કરો.

ઓર્ડર મુજબ




# મરાઠી અભિનેતા સાગર કારંડે સાથે ૬૧ લાખ રૂપિયાની ઠગાઈ: યુવકની ધરપકડ

મુંબઈ: ઇન્સ્ટાગ્રામ પર વીડિયોને લાઇક કરવા પર સારું વળતર આપવાની લાલચે મરાઠી અભિનેતા સાગર કારંડે સાથે ૬૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે સાયબર પોલીસે ૨૬ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ અક્ષયકુમાર ગોપાઇનકુમાર તરીકે થઇ હોઇ તેણે ગુનો આચરવા માટે સાયબર ઠગોને બૅંક ખાતું વાપરવા આપ્યું હોવાનો તેના પર આરોપ છે. અક્ષયને આ માટે કેટલીક રકમ કમિશન તરીકે મળી હોવાનું તપાસમાં જણાયું હતું. કાંદિવલી વિસ્તારમાં પરિવાર સાથે રહેતા મરાઠી અભિનેતાએ એપ્રિલના પહેલા સપ્તાહે નોર્થ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ કારંડેને ૨૩ ફેબ્રુઆરીએ મોબાઇલ પર મેસેજ આવ્યો હતો. મેસેજ કરનાર વ્યક્તિએ પોતાની ઓળખ એપ્સિલોન કંપની લિમિટેડની મની સકપાળ તરીકે આપી હતી. ઇન્સ્ટાગ્રામ પરના વીડિયો લાઇક કરવાથી દરેક લાઇક પર ૧૫૦ રૂપિયા મળશે, એવું અભિનેતાને કહેવામાં આવ્યું હતું. મહિલાએ મોકલાવેલી લિંક પર કારંડેએ ક્લિક કરીને ટાસ્કના ભાગરૂપે એક વીડિયોને લાઇક કર્યું હતું. બાદમાં કારંડેને પ્રોમો કોડ મેસેજની લિંક પાઠવાઇ હતી, જેમાં તેની માહિતી પૂરી પાડવા માટે કહેવામાં આવ્યું હતું. કારંડેએ તેની વિગતો સાથે પત્નીનો યુપીઆઇ આઇડી પણ મોકલ્યો હતો. ■



# ૬૦ ગામનાં ૧૦૦૦ બાળકની ચકાસણી પછી બાળકીની હત્યાનો ભેદ ખૂલ્યો

## એક દીકરી હોવા છતાં બીજી છોકરી જન્મતાં તેને મારીને કૂવામાં ફેંકી: દંપતીની ધરપકડ

જાલના: ૬૦ ગામનાં ૧૦૦૦ બાળકની ચકાસણી કર્યા પછી જાલના પોલીસે કૂવામાંથી મળેલા એક મહિનાની બાળકીના શબનો કેસ ઉકેલી કાઢ્યો હતો. એક દીકરીનાં માતા-પિતાને બીજી છોકરીની ઇચ્છા ન હોવાથી તેમણે જ હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. માસૂમની હત્યા કર્યા પછી મૃતદેહને કૂવામાં ફેંકનારા દંપતીની પોલીસે ધરપકડ કરી હતી.

ચંદાઝિરા પોલીસ સ્ટેશનના અધિકારી સમ્રાટસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે દંપતી પૂજા પવાર અને સતીશ પવારની ધરપકડ કરવામાં આવી હતી. દંપતીએ કબૂલાત કરી હતી કે તેમણે જ દીકરીને મારી નાખી હતી અને પછી કૂવામાં ફેંકી દીધી હતી.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અજયકુમાર બંસલે જણાવ્યું હતું કે બાળકીનો મૃતદેહ ૧૨ એપ્રિલે આસરખેડા ગામના કૂવામાંથી મળી આવ્યો હતો. બાળકીની હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસ અધિકારીઓની સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી હતી. પોલીસને શરૂઆતમાં બાળકી સંબંધી કોઈ માહિતી મળી નહોતી, પરંતુ આશા અને આંગણવાડીની કાર્યકરો પાસેથી ઘણી મદદ મળી હતી. બાળકોના જન્મની નોંધ આ કાર્યકરો રાખતી હોવાથી તેને આધારે તપાસ કરાઈ હતી. કાર્યકરો સાથે પોલીસની ટીમે ૬૦ ગામના ૧૦૦૦ બાળકની ચકાસણી કરી હતી. ચકાસણી દરમિયાન જાણવા મળ્યું હતું કે તાંડા ગામના વાખરે વડગાંવ ખાતે રહેતી પૂજા પવારે તાજેતરમાં એક બાળકીને જન્મ આપ્યો હતો અને તે ગુમ છે. બાળકી છેલ્લે દંપતી સાથે નજરે પડી હોવાનું એક રહેવાસી પાસેથી જાણવા મળ્યું હતું.

શંકાને આધારે તાબામાં લઈ દંપતીની પૂછપરછ કરવામાં આવી હતી. દંપતીએ કબૂલ્યું હતું કે તેમને એક દીકરી છે અને બીજી પુત્રીની ઇચ્છા નહોતી. પરિણામે બીજી દીકરીને તેમણે મારી નાખવાનું નક્કી કર્યું હતું. (પીટીઆઈ)

# ચર્ચગેટ સ્ટેશન બહાર બેસ્ટની બસમાં આગ



ચર્ચગેટ સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૪ને અડીને આવેલા રસ્તા પર ગઈકાલે મોડીરાત્રે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ બેસ્ટની ઇલેક્ટ્રિક બસમાં આગ લાગતાં થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી અને બસમાં લાગેલી આગનો ધૂમાડો પ્લેટફોર્મ નં. ૩ અને ૪ પર ફેલાતાં થોડા સમય માટે બંને પ્લેટફોર્મ પરથી ટ્રેનો રવાના કરવાનું બંધ કરવામાં આવ્યું હતું. જો કે, અગ્નિશમન દળે ઝડપથી આગને કાબૂમાં લઈ લેતાં સ્થિતિ થોડા સમય બાદ પૂર્વવત થઈ હતી.

# દેવગિરિ કિલ્લામાં જ્વલનશીલ પદાર્થો લઈ જવા પર બંધીની માગણી

છત્રપતિ સંભાજી નગર: અહીંના પ્રખ્યાત દેવગિરિ કિલ્લામાં લાગેલી આગનાલ કેટલાક દિવસ પછી પ્રવાસીઓને ઐતિહાસિક સ્મારકમાં કોઈ પણ જ્વલનશીલ પદાર્થ લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવે એવી માગણી પ્રીમિયર હેરિટેજ કન્ઝર્વેશન બોડી 'ઈન્ટાચ' દ્વારા કરવામાં આવી છે. ઇન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (ઇન્ટાચ)ની એક ટીમે બુધવારે અહીં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના અધિક્ષક પુરાતત્ત્વવિદ્ સાથે મુલાકાત કરી હતી અને કિલ્લામાં લાગેલી આગને ધ્યાનમાં રાખીને માગણીઓ રજૂ કરી હતી. દોલતાબાદ કિલ્લા તરીકે પણ ઓળખાતો દેવગિરી કિલ્લો મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર જિલ્લાની મુલાકાતે આવતા પ્રવાસીઓમાં એક મુખ્ય આકર્ષણ છે. છત્રપતિ સંભાજી નગર શહેરથી ૧૬ કિ.મી.ના અંતરે આવેલું આ શહેર યાદવ રાજવંશનું પાટનગર હતું. આઠમી એપ્રિલે કિલ્લાના ઘણા હિસ્સામાં આગ લાગી હતી અને આ વિસ્તારમાં વાંદરાઓ સહિત જંગલી પ્રાણીઓને પણ અસર થઈ હતી. ઘાસ અને ઝાડીઝાંખરાંને કારણે આગ લાગી હોવાથી કિલ્લાની અંદર મહત્વપૂર્ણ બાંધકામ પર ઉગતા ઘાસ અને વૃક્ષોને નિયમિતપણે દૂર કરવા જોઈએ એમ જણાવી સંસ્થાએ ઉમેર્યું હતું કે ખાસ કરીને ઉનાળા પહેલાં ઘાસ, સુકાઈ ગયેલી ડાળીઓ અને પ્લાસ્ટિકના કચરાને સાફ કરવા માટે નિયમિત સ્વચ્છતા અભિયાન હાથ ધરવું જોઈએ. પરિસરમાં પ્રવેશતી દરેક વ્યક્તિની એન્ટ્રી પોઇન્ટ પર સંપૂર્ણ તપાસ થવી જોઈએ જેથી સિગારેટ, લાઇટર, બીડી, માચીસ બોક્સ અથવા અન્ય કોઈ જ્વલનશીલ પદાર્થ પરિસરમાં લઈ જવામાં ન આવે એની તકેદારી રાખી શકાય. (પીટીઆઈ)

# થાણેનાં મકાનમાં આગ: ૯૫ મીટર બળી ગયાં

થાણે: થાણેમાં સાત માળની બિલ્ડિંગના ઈલેક્ટ્રિક મીટર રૂમમાં આગ લાગી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ૯૫ ઈલેક્ટ્રિક મીટર સળગતા આ બનાવ બન્યો હતો.

થાણે મ્યુનિસિપલ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે, આગનો આ બનાવ ધરમવીર નગરમાં દીવા અગાસન રોડ પર આવેલા સાવિત્રીબેન ફૂલે નામના બિલ્ડિંગમાં બન્યો હતો જેમાં કોઈ જાનહાનિ નહોતી થઈ.

આગના સમયે આખા બિલ્ડિંગમાં ધુમાડો ફેલાયો હતો અને તે જોઈ ત્યાંના રહેવાસીઓ ગભરાઈને ઘરની બહાર આવી ગયા હતા. આ ઘટના સવારે ૫-૧૬ વાગે દિવા ફાયર સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. આગ સૌ પ્રથમ મીટર રૂમમાં લાગી હતી કે જે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર છે. આ આગમાં ૯૫ મીટર સળગી ગયા હતા. જેને લીધે આખા બિલ્ડિંગનો ઈલેક્ટ્રિસિટી સપ્લાય રહેવાસીઓની સુરક્ષા માટે બંધ કરવામાં આવ્યો હતો.

# કાલબાદેવીની કંપનીના કર્મચારીની આંખમાં સ્પ્રે મારી 30 લાખ લૂંટનારી કેરળની ટોળકી પકડાઇ

થાણે: કાલબાદેવીની કંપનીના ૩૦ લાખ રૂપિયા બેગમાં ભરીને થાણે આવેલા કર્મચારીને સ્ટેશનની નજીક આંતર્યા બાદ તેની આંખમાં સ્પ્રે મારીને રોકડ લૂંટનારી કેરળની ગેન્ગના પાંચ સભ્યને થાણે ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. આરોપીઓની ઓળખ વિઘ્નેશ પોકેન કે, સુહાત મોઇનુદ્દીન ખોયા ટીપી, સુબિલેશ બાળકૃષ્ણન, અખિલ કૃષ્ણા પુલ્લીવતા અને પ્રબુલદેવ પ્રેમકુમાર પુલ્લીવતા તરીકે થઇ હતી. આરોપીઓ કેરળના વતની હોઇ કોર્ટે તેમને ૧૯ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

દક્ષિણ મુંબઈના કાલબાદેવી વિસ્તારમાં આવેલી કંપનીમાં કામ કરતો અને મુંબ્રામાં રહેતો આસિફ અહમદ રહેમત અન્સારી (૪૩) ૨૧ માર્ચે સાંજે કંપનીના ૩૦ લાખ રૂપિયા બેગમાં ભરીને મુંબઈથી થાણે સ્ટેશને આવ્યો હતો. સ્ટેશન નજીક તે પાર્કિંગ એરિયામાંથી મોટરસાઇકલ કાઢી રહ્યો હતો ત્યારે ચાર શખસે તેની આંખમાં સ્પ્રે મારી હતી. બાદમાં આસિફ પાસેથી રોકડ ભરેલી બેગ આંચકી તેઓ ફરાર થઇ ગયા હતા. આ ઘટના બાદ આસિફે નૌપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. કેસની સમાંતર તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ગુનામાં સંડોવાયેલા આરોપીઓને ઓળખી કાઢ્યા હતા. બાદમાં પાંચ આરોપીને પકડી પાડવામાં આવ્યા હતા.

છેલ્લા પાનાનું ચાલુ

## ૨૦૨૪ની ચૂંટણી

દાહતે જણાવ્યું હતું. ગુડધેની કાનૂની ટીમના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે નવેમ્બરમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન ઘણા ફરજિયાત નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું. ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધને ચૂંટણીમાં સ્પષ્ટપણે વિજય મેળવ્યો હતો, જેમાં ફડણવીસને ૨૮૮માંથી ૨૩૦ બેઠકો જીતીને મુખ્ય પ્રધાન બનવાનો માર્ગ મોકળો થયો હતો. હાઈ કોર્ટે ભાજપના વિધાનસભ્યો મોહન માટે (નાગપુર પશ્ચિમ) અને કીર્તિકુમાર ભાંગડિયા (ચિમુર, ચંદ્રપુર જિલ્લો)ને પણ આવી જ ચૂંટણી અરજીઓમાં સમન્સ જારી કર્યા છે.

## રોગને ઊગતો જ

ત્યારે માનવ કોષો આ જોખમ સામે સાવધ બની ''યુબિકિટિન'' નામના વિશેષ પ્રોટીનનો ઉપયોગ કરીને એ જોખમી હોવાનું પ્રતિપાદન કરે છે. આ સમયે માનવ કોશિકાઓ જોખમી બેક્ટેરિયાને નિશાન બનાવી તેનો નાશ કરે છે એમ સંસ્થાએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## ૨૨.30 કરોડનું કોકેન

નાઇજીરિયને આપ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આથી પોલીસ ટીમે એન્ડીની શોધ ચલાવી હતી અને એ જ દિવસે તેને તાબામાં લીધો હતો. તેની પાસેથી ૩.૯૦ કરોડનું કોકેન ઉપરાંત એક લાખની રોકડ જપ્ત કરાઇ હતી. એન્ડીએ કોકેન વસઇ પૂર્વમાં રહેતી ક્રિસ્ટાબેલ નામની મહિલા પાસેથી લીધું હોવાનું જણાયા બાદ પોલીસ ટીમે તેને પણ પકડી પાડી હતી. ક્રિસ્ટાબેલ પાસેથી ૬૫ લાખ રૂપિયાનું ડ્રગ્સ, એક લાખની રોકડ ઉપરાંત વિદેશી ચલણ પણ મળી આવ્યું હતું.

## હિન્દી ફરજિયાત

તબક્કો, એક તૈયારી તબક્કો, એક મધ્યમ તબક્કો અને એક ગૌણ તબક્કો.

આ નવી નીતિ પાયાના ૧૦+૨+૩ સિસ્ટમને ૫+૩+૩+૪ ફોર્મેટમાં પુનર્ગઠન કરે છે, જે પાયાના સ્તરથી ઉચ્ચ સ્તર સુધીના શિક્ષણને આવરી લે છે. આ નીતિ રાજ્યમાં ધીમે ધીમે લાગુ કરવામાં આવી રહી છે. તે પાંચ સ્તંભો પર બનેલી છે: ઍક્સેસ, સમાનતા, ગુણવત્તા, પોષણક્ષમતા અને જવાબદારી, અને ૨૦૩૦ સુધીમાં પ્રાપ્ત કરવાના ટકાઉ વિકાસ લક્ષ્યો (એસડીજી) સાથે સંરેખિત છે, રાજ્યના શિક્ષણ વિભાગના સરકારી આદેશમાં જણાવ્યું હતું.

જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્ર સરકારે તબક્કાવાર અમલ માટે ઘણી સમિતિઓની રચના કરી છે, જેમાં શાળા શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં રાજ્ય સંચાલન સમિતિનો પણ સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્ય સરકારે એનઈપી અમલમાં મૂકી દીધી છે. મરાઠીને ફરજિયાત બનાવવામાં આવી છે. હિન્દીને પણ ફરજિયાત બનાવવી આવશ્યક છે કેમ કે આખા દેશમાં સંવાદનું માધ્યમ બની શકે છે.

કૉંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું હતું કે આ પગલું મરાઠી અસ્મિતાને હાની પહોંચાડનારું છે. હિન્દીને વૈકલ્પિક ભાષા રાખવામાં આવી હોત તો અમને કોઈ વાંધો નહોતો, પરંતુ તેને ફરજિયાત બનાવવી તે હિન્દી લાદવા સમાન છે. મરાઠી લાગણીઓને ઠેસ પહોંચાડવા જેવું છે. મરાઠીને મધ્ય પ્રદેશ કે ઉત્તર પ્રદેશમાં ત્રીજી ભાષાનો દરજ્જો અપાવી શકાય છે? એવો સવાલ તેમણે કર્યો હતો. મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેએ પણ આ નીતિનો વિરોધ કરતાં કહ્યું હતું કે તેમની પાર્ટી આ નિર્ણયનો વિરોધ કરશે અને સુનિશ્ચિત કરશે કે આનો અમલ ન થાય.

હું સ્પષ્ટ કરવા માગું છું કે મનસે આ નિર્ણયને સહન કરશે નહીં. અમે કેન્દ્ર સરકારના દરેક બાબતના હિન્દીકરણના પ્રયાસોને સફળ થવા દઈશું નહીં, એમ રાજ ઠાકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું.

હિન્દી રાષ્ટ્રભાષા નથી. તે અન્ય ભાષાઓની જેમ જ રાજ્યોની ભાષા છે. તેને મહારાષ્ટ્રમાં પહેલા ધોરણથી શા માટે શીખવવી જોઈએ? તમારી જે ત્રિ-ભાષા પદ્ધતિ હોય તેને સરકારી સ્તરે માન્ય રાખો, શિક્ષણમાં લાવવાની આવશ્યકતા નથી, એમ તેમણે કહ્યું હતું.

## સારા સિબિલ

વાઈસ પ્રેસિડેન્ટે આ પ્રકરણે ગયા વર્ષે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે બનાવટી પૅન કાર્ડ અને અન્ય બોગસ દસ્તાવેજોને આધારે ફરિયાદીની બૅન્કમાંથી પંચાવન ક્રેડિટ કાર્ડ પ્રાપ્ત કરવામાં આવ્યાં હતાં. બાદમાં આ કાર્ડનો ઉપયોગ કરીને બૅન્ક સાથે ૧.૨૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આ ટોળકી જે વ્યક્તિનો સિબિલ સ્કોર સારો હોય તેના ડેટા પ્રાપ્ત કરતા હતા. બાદમાં એ વ્યક્તિને નામે તૈયાર કરાયેલા બનાવટી પૅન કાર્ડ અને અન્ય દસ્તાવેજો આધાર કાર્ડ સેન્ટરમાં જમા કરાવતા હતા. આ દસ્તાવેજોની મદદથી આધાર કાર્ડ મેળવીને પછી બોગસ દસ્તાવેજોની મદદથી ક્રેડિટ કાર્ડ પ્રાપ્ત કરતા હતા.

આ રીતે પ્રાપ્ત કરેલા ક્રેડિટ કાર્ડને કારણે ફ્રોડ કરનારી વ્યક્તિની ઓળખ સંપૂર્ણ રીતે છૂપી રહેતી હતી. બાદમાં ક્રેડિટ કાર્ડની મદદથી ઑનલાઈન ખરીદી કરવામાં આવતી હતી અને રોકડ રકમ બીજા બોગસ બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવતી. આ રીતે સંબંધિત બૅન્કને ચૂનો ચોપડવામાં આવતો હતો.

પોલીસે ગુનામાં વપરાયેલા બૅન્ક ખાતાનાં સ્ટેટમેન્ટ, ક્રેડિટ કાર્ડનો ઉપયોગ જે સ્થળે કરાયો ત્યાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને મોબાઈલ નંબરનો ટેક્નિકલ અભ્યાસ કરીને મુખ્ય આરોપી અને તેના સાથીઓની ઓળખ મેળવી હતી. શકમંદો આસામના વતની હોવાની ખાતરી થઈ હતી. આરોપીઓ વિરુદ્ધ પુરાવા હાથ લાગ્યા પછી પોલીસની એક ટીમ આસામ ગઈ હતી.

આસામની મોરગાંવ પોલીસની મદદથી પોલીસે જિલ્લાનાં પાંચ ગામમાં રાતના સમયે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. અંતરિયાળ ભાગમાં આવેલા આ ગામ અતિસંવેદનશીલ અને ગુનેગારીનો અડ્ડો બની ગયાં હોવાનું જાણવા મળ્યું હતું. સ્થાનિક પોલીસની મદદથી બુધવારે પાંચ આરોપીને પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓએ આ રીતે અન્ય બૅન્કો અને ફાઈનાન્સ કંપનીઓને પણ છેતરી હોવાનું તપાસમાં જણાયું હતું.

## 'બાળ ઠાકરે'એ

સાથે લગભગ ૧૩ મિનિટનું ભાષણ તેમની ટ્રેડમાર્ક શરૂઆતની પંક્તિ 'જમલેલ્યા માઝા તમામ હિન્દુ બાંધવાનો, ભગીનીઓ આણી માતાનો' (અહીં ભેગા થયેલા મારા હિન્દુ ભાઈઓ, બહેનો અને માતાઓને શુભેચ્છાઓ)થી શરૂ થયું. ઉત્તર મહારાષ્ટ્રના નાશિકમાં સેના (યુબીટી) ના મેળાવડામાં તેનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

સેના (યુબીટી)ના મતે, બાળ ઠાકરે જીવતા હોત તો શું કહેત તે બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

એઆઈ દ્વારા બનાવેલા ભાષણમાં મુખ્યત્વે ભાજપ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની હાલની શિવસેના પર ટીકા કરવામાં આવી હતી. તે લોકસભા અને રાજ્ય વિધાનસભા ચૂંટણી દરમિયાન શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે દ્વારા ભાજપ અને શિંદેની પાર્ટી પર કરવામાં આવેલી ટીકાઓ જેવી જ લાગી રહી હતી. તેમાં બાળ ઠાકરે, જે એક શક્તિશાળી વક્તા હતા, તેમની રીતભાત અને સ્વરને પણ પકડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પહેલી વાર છે જ્યારે સેનાના સ્થાપકના ભાષણનો ઉપયોગ તેમના પુત્રની પાર્ટી દ્વારા તેના વિરોધીઓ પર નિશાન તાકવા માટે કરવામાં આવ્યો હતો. પક્ષ ભવિષ્યની રેલીઓમાં આ વ્યૂહરચનાનો ઉપયોગ કરી શકે છે કારણ કે ઉદ્ધવ ઠાકરે તેમના રાજકીય કારકિર્દીના અત્યાર સુધીના સૌથી પડકારજનક તબક્કાનો સામનો કરી રહ્યા છે.

સેના (યુબીટી) પણ આ વર્ષે યોજાનારી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીઓ માટે તૈયારી કરી રહી છે.

એઆઈ દ્વારા આ પગલું ત્યારે લેવામાં આવ્યું છે જ્યારે સેના (યુબીટી) તેના વિરોધીઓ દ્વારા બાળ ઠાકરે દ્વારા કોંગ્રેસ પર ટીકા કરતા જૂના વીડિયો સાથે મજાક ઉડાવી રહી છે.

શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) વિપક્ષી જૂથ મહા વિકાસ આઘાડી (એમવીએ) ના ઘટકો છે, જેણે ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીમાં ૨૮૮ બેઠકોમાંથી ફક્ત ૪૬ બેઠકો જીતીને શરમજનક પ્રદર્શન કર્યું હતું.

શિવસેના (યુબીટી)ને હરીફ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાની ૫૭ બેઠકોની સરખામણીમાં ફક્ત ૨૦ બેઠકો મળી હતી.

## અંધેરી (ઈસ્ટ)થી

સીએસએમઆઇએને જોડનારી મહત્ત્વની છે. આ લાઇન દ્વારા એરપોર્ટને વધુ એક મેટ્રો કનેક્શન તથા અન્ય મેટ્રો લાઇનોને ઇન્ટરચેન્જ મળશે, એમ એમએમઆરડીએના સૂત્રોએ જણાવ્યું હતું. આ ઐતિહાસિક સિદ્ધિની ઉજવણી નિમિત્તે મુખ્ય પ્રધાન સિવાય એમએમઆરડીએના કમિશનર ડો. સંજય મુખરજી, એડિશનલ કમિશનરો વિક્રમ કુમાર અને અશ્વિન મુદગલ તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. અંદાજે ૩.૪ કિલોમીટર લાંબી મેટ્રો-૭એ આંશિક રીતે એલિવેટેડ હશે તથા સહાર એલિવેટેડ રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેને સમાંતર દોડશે. ટીબીએમ દિશાએ ટનલ ખોદવાનું કામ સપ્ટેમ્બર, ૨૦૨૩માં શરૂ કર્યું હતું. (પીટીઆઇ)

## સાવ બાલિશ

અવાજ બનાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અને તેમાં કંઈ નવું નહોતું, એમ તેમણે જણાવ્યું હતું.

બુધવારે ઉત્તર મહારાષ્ટ્રના નાસિકમાં સેના (યુબીટી)ના મેળાવડામાં બાળ ઠાકરે જેવા અવાજમાં ૧૩ મિનિટનું ભાષણ વગાડવામાં આવ્યું હતું. તેમાં પાર્ટીના દિવંગત સ્થાપકની ટ્રેડમાર્ક લાઇન પણ હતી.

બીજી તરફ રાજ્ય ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં એઆઈ દ્વારા બાળ ઠાકરેનો અવાજ તૈયાર કરીને ભાષણ કરાવવાના પગલાંને બાલિશ કૃત્ય ગણાવ્યું હતું.

# હિન્દુ મરણ

ભૂપેન્દ્ર હરિદાસ ઠક્કર (ઉં.વ. ૭૮) ગામ મોટી ભાડાઇ (કચ્છ) હાલ ઘાટકોપર, તા. ૧૬-૪-૨૫ના રામશરણ પામેલ છે. તે મૃદુલાબેનના પતિ. અ. વા. સુંદરબેન હરિદાસ ઠક્કરના પુત્ર. સ્વ. રૂક્ષ્મણીબેન, સ્વ. કાંતિભાઇ, મંગલભાઇ, શારદાબેન, દિનેશનાં ભાઇ. અ. સૌ. નીલાબેનના દિયર. અ. વા. ઇન્દુમતી વીરજી કોટકના જમાઇ. અ. સૌ. ચારુલ ભાવિનભાઇ શાહ, ગૌરવનાં પિતા. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ ભાટીયા**

ચંદ્રકુમાર (ગોપાલભાઇ) રાયરખીયા (ઉં.વ. ૮૨) તે સ્વ. કુંવરજી ભગવાનદાસના પુત્ર. સરોજબેનના પતિ. બીજૈન અને જયેશના પિતાશ્રી. નીતા, ગીતાના સસરા. સ્વ. પુષ્પાબેન વેદ, સ્વ. ઇંદુબેન જયસિંહ વેદના ભાઇ. સ્વ. મથરાદાસ જમનાદાસ અફીણી (જલગામવાળા) ના જમાઇ. તા. ૧૬-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૪-૨૫ના શનિવારે ૫થી ૭. ઠે. હાલાઇ લુહાણા મહાજનવાડી, ૧લે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. રુક્ષ્મણી હરિરામ રાયચન્ના ગામ સંતાગઢના જયેષ્ઠ પુત્ર ભરતભાઇ તે ગં. સ્વ. પાર્વતીબેન વસનજી ગણાત્રા અમારાવાળાના જમાઇ. તા. ૧૬-૪-૨૫ના રામશરણ પામેલ છે. હાલે મુંબઇ તે જયેશ, અવધેશના પિતા. બંસી, ઇશિતાના સસરા. મંજરી, વિધાનના, રુદ્રીના દાદાજી. પ્રશાંત, રાજેશ, મંજુબેન, બેબીબેન, વસંતી તથા આરતીના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૫ શુક્રવારના ૫થી ૭. ઠે. નોર્થ ઇન્ડિયન અસોસિએશન, ભાઉદાજી રોડ, માટુંગા (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ સુમરી રોહાવાલા સ્વ. કાશીબાઇ દેવચંદ લક્ષ્મીદાસ કોઠારી હાલ સાયન કોલીવાડાનાં મોટા પુત્ર જીતેન્દ્ર (ઉં. વ. ૮૨) તે કચ્છ વિંઝાણના, સ્વ. પદમાબાઇ મીઠુભાઇ ધનજી રાયમંગીયાનાં જમાઇ. હંસાબેનના પતિ. હેમંત તથા કાશ્મીરા જયંત મડિયારના પિતાશ્રી. વસંત તથા અરૂણનાં મોટાભાઇ, વિશાલ તથા મિહીરના મોટાબાપા. બુધવાર તા. ૧૬-૪-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૮-૪-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. માતુશ્રી વેલબાઇ સભાગૃહ, ૧લે માળે, નપુ હોલની બાજુમાં, ચંદાવરકર રોડ, માટુંગા (સે. રેલવે), લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કંઠી ભાટિયા**

સાપર નિવાસી હાલ ઘાટકોપર વિજયસિંહ ગાજરીયા (બહાદુરભાઇ) (ઉં. વ. ૭૮) તે સ્વ. ગંગાબેન દ્વારકાદાસના સુપુત્ર. તે સ્વ. કમળાબેન લક્ષ્મીદાસ મુલજી નેગાંધીના જમાઇ. રંજનાબેનનાં પતિ. જીતેન અને ભૂષણનાં પિતાશ્રી. તે દુર્ગા અને જેસલના સસરા. તે ગં. સ્વ. કિશોરીબેન, સ્વ. ભારતીબેન, અશ્વિન, કિસન અને અજયનાં ભાઇ. તા. ૧૫-૪-૨૫ મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૫ શુક્રવારે ૫થી ૬.૩૦. ઠે. લવન્ડર બાગ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, ૯૦ ફૂટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ). લૌકિક રિવાજ બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ નાગ્રેચા (માંડવી) હાલ બદલાપુર (થાણે) તે સ્વ. મંગળાબેન (મોસીબેન) માણેક ને વિઠલદાસ નરસિંહ માણેકના પુત્ર. હંસુ (અશોક) માણેક (ઉં. વ. ૬૦) તે મીનાબેનના પતિ. તે કશ્યપના પિતાશ્રી.અ.સૌ. સ્વ. સુશીલાબેન તુલસીદાસ લઘુભાઇ ગજરિયાના મોટા જમાઇ. છાયા રાજન આથા તથા જીજ્ઞેશ શીતલના બનેવી. તે સ્વ. પ્રતાપભાઇ, સ્વ. મહેન્દ્રભાઇને મધુસુદન ચત્રભુજ માણેકના પિતરાઇ ભાઇ. તા. ૧૭-૪-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૪-૨૫ શનિવારે ૪.૩૦થી ૬. ઠે. જલારામ મંદિર, બર્વે નગર, ભટ્ટ વાડી, ઘાટકોપર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓએ એજ દિવસે આવી જવું.

**વડનગરા નાગર**

મુંબઇ નિવાસી મૂળ ગામ વસાવડ પ્રિયવદન જીવાભાઇ દેસાઇ (ઉં. વ. ૯૦) તે પ્રવિણાબેનના પતિ. હેમા, નિશીથ, આશિષના પિતા. અતુલ, શ્રુતિ, રિતીના સસરા. શિવાલી, અદિત, આકાશ-મેધવાના દાદા. પલક-શ્રીરાજ-વિવાનના નાનાબાપુ. બુધવાર તા. ૧૬-૪-૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૪-૨૫ શનિવારના સાંજે ૫થી ૭માં રાખેલ છે. ઠે. જાસુદબેન એમ. એલ. સ્કૂલ, ગુજરાત રિસર્ચ સોસાયટી, રામકૃષ્ણ મિશન માર્ગ, ૧૬ અને ૧૭માં રસ્તાનું જંકશન, ખાર (વેસ્ટ).

**નાયક ભોજક બ્રાહ્મણ**

ગિડાસણ નિવાસી હાલ વિરાર મુંબઇ સ્વ. હરિલાલ ખૂબચંદ ભોજકના ધર્મપત્ની ગં. સ્વ. સુભદ્રાબેન ભોજક (ઉં. વ. ૮૧) તે દિનાબેનના સાસુ. સ્વ. ધર્મેન્દ્ર, હર્ષા દિક્ષીતકુમાર નાયક, રશ્મિકા અતુલકુમાર શાહ તથા નિલ્પા પરેશકુમાર શાહના માતુશ્રી. હર્ષ તથા રાશિના દાદી. તા. ૧૬-૪-૨૫ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

હરેન્દ્ર ભોગીલાલ શાહ (ઉં. વ. ૮૯) તે સ્વ. પન્નાના પતિ. પ્રીતિ, પરાગ, મનીષા નીતિન શાહ, માધવી હેતલ મર્ચન્ટના પિતાશ્રી. પૂર્વીના સસરા. સ્વ. કુમુદ ઓચ્છવલાલ શાહ, રશ્મી હરીશભાઇ શાહ, રક્ષા અરવિંદ કુમાર શાહ, સ્વ. જયોતિ દીપકકુમાર પરીખ તથા સ્વ. સતીશ અને યોગેશના ભાઇ. સ્વ. ચંદ્રપ્રભા અને સ્વ. મફતલાલ ચીમનલાલ આણંદવાળાના જમાઇ તા. ૧૭-૪-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર જશવંતીબેન દેસાઇ તે સ્વ. જયંતીલાલ આણંદજી દેસાઇના ધર્મપત્નીની બુધવાર, તા. ૧૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કીર્તીદા, પ્રકાશ, મયૂરી, રૂપલના માતુશ્રી. અમિત નરેશભાઇ પરીખના સાસુ. શુચિના નાની. ગિરીશભાઇ આણંદજી દેસાઇના ભાભી. આશા ગીરીશ દેસાઇના જેઠાણી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૧૬, લીલા નિવાસ, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. શકુંતલા મધુકાન્ત ઝવેરી (ઉં. વ. ૯૩) તે સ્વ. શાંતિબાઇ રામદાસ સંપટના દીકરી. હિમાંશુ, શૈલેષ, અ. સૌ. અંજના, ગં. સ્વ. ભાવનાના માતુશ્રી. અ. સૌ. હર્ષા, અ. સૌ. નિશા, પ્રદીપભાઇ ભીમાણી, સ્વ. રાજેનભાઇ આશરના સાસુજી. મનન, અ. સૌ. રક્ષિતા રીતેશ, કેયુરના દાદી. હિતેન, પ્રિયેન, મયંક, દર્શન, અ. સૌ. દેવીકા મેહુલ તથા અ. સૌ. હેતલ વિરેનના નાની તા. ૧૬-૪-૨૫ના હૈદ્રાબાદ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૫ સીંધી કોલોની, સીંકદરાબાદ મુકામે, ૪થી ૪.૩૦.

**દશા સોરઠીયા વણિક**

રાણા કંડોરણાવાળા હાલ કાંદિવલી, સ્વ. ગુલાબચંદ જી શ્રીમાંકરના પુત્ર જયસુખલાલ શ્રીમાંકર (ઉં. વ. ૮૭) તે સ્વ.જયાબેનના પતિ. સ્વ. મોહનલાલ લક્ષ્મીચંદ સાંગાણીના જમાઈ.

# પારસી મરણ

નરગીશ નરીમાન પાત્રાવાલા તે નરીમાનના ધનીયાની. તે મરહુમો મેહરુ હોરમસજી એન્જિનિયરના દીકરી. તે પરસી ને બીનાઇફરના માતાજી. તે તેહમી ને બુરઝીનના સાસુ. તે મરહુમ રોહિન્ટનના બહેન. તે પીઝાદ ને રીહયાના બપઇજી. (ઉં. વ. ૮૪) રે. ઠે. કે. બિલ્ડિંગ, એસ. બી.ભરૂચા બાગ, ફ્લેટ નં-૫, ૧લે માળે, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૮-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, માલકમ બાગ અગિયારીમાં છેજી.

પરવીન જીમી મહેતા (ઉં. વ. ૭૭) તા. ૧૭-૪-૨૫એ ગુજરી ગયા છે. તે જીમીના વાઇફ. સ્કેઝરીનના મધર. યઝદીનના સાસુ. વેનિઝહેહના ગ્રેન્ડ મધર. મરહુમ કેકી, શેનાઝ, આરમીનના બહેન. ઉઠમણું : તા. ૧૮-૪-૨૫એ.

# જૈન મરણ

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુંબઇ અ. સૌ. જયાબેન મહેતા (ઉં. વ. ૮૫) તે લલિતભાઇ દામોદરદાસ મહેતાના ધર્મપત્ની. રાજેશભાઇ, રૂપલબેન, પ્રેમલભાઇ, કલ્પનાબેન અને કૌશલભાઇ-ફાલ્ગુનીના માતુશ્રી. મેઘ-મૈત્રી, કેયા, ઝીલ, રિદયાના દાદી. સ્વ. સૂરજબેન અને સ્વ. સાકરચંદભાઇ દેવચંદ પારેખની દીકરી. સ્વ. પ્રિયંવદાબેન, નલિનભાઇ, કલ્પનાબેનના બેન તા. ૧૬-૪-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના ભરત રામજી ગડા (ઉં. વ. ૬૮) તા. ૧૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન રામજી મોણશી ગડાના પુત્ર. ભારતી (વનિતા)ના પતિ. ચેતન, રોહીતના પિતા. પ્રવિણ, અરૂણા (રેખા), શૈલેષના ભાઇ. ગજોડના કંકુબેન દામજી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. રોહીલ ગડા, ૨૦૪, જી-બ્રીઝા, એન્કર પાર્ક, નાલાસોપારા (ઇસ્ટ).

મોખાના પ્રભાવંતી ગંગર (ઉં. વ. ૬૯) તા. ૧૫નાં કચ્છમાં અવસાન પામેલ છે. સ્વ. વેજબાઇ પ્રેમજીના પુત્રવધૂ. ગુંજન, કીર્તીદા, કરૂણાના માતાજી. ટોડા સ્વ. લક્ષ્મીબેન ટોકરશી મેઘજીના સુપુત્રી. જયા જયંતીલાલ, સ્વ. કીર્તીદા કીર્તી, સ્વ. સુંદરબેન વસનજી, સ્વ. રૂક્ષ્મણી, પ્રભા લક્ષ્મીચંદ, ગં.સ્વ. અમૃતબેન રમણીકલાલના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. નિ. વસંત ગંગર, અભિરેખા હેરીટેજ સોસાયટી, ૯, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, કાંદીવલી (વે.).

મોટા લાયજાના માતુશ્રી વિમળાબેન જયંતીલાલ છેડા (ઉં. વ. ૮૦) તા. ૧૬-૪-૨૫ ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબેન શામજી પદમશી છેડાના પુત્રવધૂ. જયંતીલાલના ધર્મપત્ની. રસીલા, મહેશ, બિપીનના માતુશ્રી. બાડાના ચોથીબાઈ તેજશી ઘેલાના પુત્રી. વસનજી, મોણસી, નેણબાઇ, રાજબાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. બિપીન છેડા, ૫, તેજસ્વી સોસાયટી, બોરલા ગોવંડી (ઈ).

કાંડાગરાના કલ્યાણજી ડુંગરશી કાનજી લાપસીયા (ઉં. વ. ૮૦) તા.૧૫-૪-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. પાનબાઈ ડુંગરશી કાનજી લાપસીયાના સુપુત્ર. રમેશ, દિનેશ, સ્વ.રાજબાઈ, સ્વ.પુરબાઈ, સ્વ. તારાબેન, મંજુલા, સ્વ. રૂક્ષ્મણી (ચીચા), વિમળા (બેબી)ના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. રમેશ લાપસીયા, ૧૦૦૧, પૂર્ણિમા દર્શન, ૯૦ ફીટ રોડ, મુલુંડ (ઈ).

ના. તુંબડીના રતનબેન રામજી નેણશી સાવલાના જમાઇ નરેન્દ્ર પાટકર (મુંબઇ) (ઉં. વ. ૯૨) તા. ૧૪-૪-૨૦૨૫ના દેહત્યાગ કરેલ છે. મંજુલાના પતિ. કિરણ, સુજલના પિતા. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાન : મંજુલા પાટકર, ૬૨/૧૨, પાટકર હાઉસ, ગોખલે રોડ, દાદર (વે.), મુંબઇ-૪૦૦૦૨૮.

ભુજપુરના વંદનાબેન મણીલાલ દેઢિયા (ગંગા વિહાર પરિવાર) (ઉં. વ. ૮૧) તા.૧૫-૪-૨૫ ના અવસાન પામેલ છે. ગંગાબેન રામજીના પુત્રવધૂ. મણીલાલના પત્ની. મેહુલ, કિંજલના માતા. હેમલના સાસુ. રોનિક, ચાર્મીના દાદી. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), ૪ થે માળે, એસ.વી.રોડ, પારેખ લેન કોર્નર, કાંદિવલી (વે). ટા.૪ થી ૫.૩૦. નિ. મેહુલ મણીલાલ દેઢિયા. ડી-૯૦૧, જીઆઈસી પ્રેરણા, લક્ષ્મણ ભંડારી માર્ગ, સિંપોલી વિલેજ, બોરીવલી (વેસ્ટ).

**જામનગર હાલાર વીશા શ્રીમાળી જૈન**

સ્વ.પ્રવિણચંદ્ર જમનાદાસ શાહના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૯૫) તે હરેશભાઈ, કાશ્મીરાબેન રમેશચંદ્ર દોશી, ભારતી રવિભાઈ કારિયાના માતુશ્રી. ઇલાબેનના સાસુ. વૈશાલી (બિન્ટુ) નયન કોઠારી, નિકીતા આલોક મણીયાર, પુજા જમીર માણેકિયા, અક્ષય દોશી, રાજ કારિયાના નાની. સ્વ.નવલચંદ ગોપાલજી શાહ જામનગરના દીકરી તા.૧૬-૪-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૦-૪-૨૫ રવિવારના ૧૦ થી ૧૨:૩૦. ભારતીય વિદ્યાભવન, ચોપાટી મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

---

સુરેશભાઈ, સ્વ. શશીકાંતભાઈ, અ.સૌ. જયશ્રીબેન પ્રવિણચંદ્ર માંડવિયાના મોટાભાઈ. સ્વ. દિલીપ, કુસુમ કમલેશ જનાણી, રૂપા મુકેશ શાહ, જાગૃતિ ભાવિન શાહ, કવિતા સંદીપ કાણકિયાના પિતા. મહિમા જીમિતના દાદા. ૧૫/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ ખાખ રિચી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. અમૃતલાલ ગંગારામ કાનાબારના સુપુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૬૦) તા. ૧૪.૪.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લીલાબેન કાનાબારના પુત્ર. જુગલ સો. અસ્મિતા નીતિનકુમાર જાદવ, સો. નિધી વિનોદકુમાર વૈષ્ણવના પિતા. પ્રિશાના નાના. સ્વ. ભૂપતરાય મોહનલાલ માણેકના જમાઇ. વિક્રમ, સ્વ. નિકુંજ, સો. જીનલ ચેતન શર્માના કાકા. પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી તા. ૧૮ ૪.૨૫ના ૫.૩૦થી ૬.૩૦. સેક્ટર નંબર ૮ પ્લોટ નંબર ૮૩૮, રૂમ નંબર ૨૨, શ્રીગણેશ સ્મૃતિ સોસાયટી નિયર બાય અક્ષરા હાઇસ્કુલ, ચારકોપ, કાંદીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ દ્વારકા હાલ મુંબઈ, સ્વ. ભરત મોદીના પત્ની ગં.સ્વ. સુધાબેન (ઉં. વ. ૬૯) તા.૧૭/૪/૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ ભાનુબેન ચંદ્રકાંત ગોકાણીના પુત્રી. સ્વ. કમળાબેન જમનાદાસ મોદીના પુત્રવધૂ. રૂપલ રાજેશ પારેખ અને નેહલ મિતેશ ઠક્કરના માતા. કિશોરભાઈના ભાઈના ધર્મપત્ની. હરીશ, બિપીન અને સુધીરના ભાભી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા.૧૮/૦૪/૨૫ ૫ થી ૭. ઠે. શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, બીજે માળે, શંકરના મંદિરની બાજુમાં, એસ.વી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# મૅટિની

# સગાં ભાઈ-બહેને રોમેન્ટિક ફિલ્મ ન કરાય?

## છત્તીસગઢની લવ સ્ટોરી ધરાવતી ફિલ્મમાં માજણ્યા ભાઈ - બહેન હીરો - હીરોઈન તરીકે ચમક્યા હોવાથી ‘હાય હાય એવું તે કરાતું હશે’ જેવી પ્રતિક્રિયા ઊમટી છે





‘મયા બિના રહા નઈ જાય’ અને ‘જુદાઈ’

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

બબાલ મચાવવા માટે સોશિયલ મીડિયા પરમાણુ બોમ્બ કરતાં પણ વધુ પાવરફુલ સાબિત થઈ શકે છે એ વાત ફોડ પાડી સમજાવવાની જરૂર નથી. ૧૯૬૫માં અવતરીને ૨૦૦૦ની સાલમાં પુનર્જન્મ લેનારી છત્તીસગઢ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક વિશિષ્ટ વિવાદને કારણે આફ્ટરશોક - મિનિ ભૂકંપ જેવી પરિસ્થિતિ પેદા થઈ છે. દેશના ફિલ્મ ઈતિહાસમાં પહેલીવાર સગાં ભાઈ - બહેન (કરણ ચૌહાણ અને કિરણ ચૌહાણ) ફિલ્મમાં હીરો - હીરોઈન તરીકે જોવા મળવાના હોવાથી હાહાકાર જેવી પરિસ્થિતિ પેદા થઈ છે. ફિલ્મનું નામ છે ‘મયા બિના રહા નઈ જાય’. મયા એટલે પ્રેમ - પ્યાર.

એની રિલીઝ પહેલા સોશિયલ મીડિયામાં વહાલાં - દવલાં એમ બે મોરચા મંડાઈ ગયા હતા : ‘હાય હાય, ભાઈ બહેને હીરો - હીરોઈનના રોલ તે કરાતાં હશે? અને એ પણ રોમેન્ટિક જોડી? ’ એ પ્રકારની ઢગલાબંધ કોમેન્ટ આવી અને રિલીઝ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરવામાં આવી. ટૂંકમાં વાત અજુગતું લાગવાની હતી.

બીજી તરફ, એવા પણ લોકો હતા જેમની દલીલ હતી કે ફિલ્મ - નાટક સમાજનું દર્પણ માનવામાં આવે છે. કળાના આ માધ્યમમાં જે દર્શાવવામાં આવે છે એ સમાજમાં બનતી ઘટનાનું પ્રતિબિંબ હોય છે. રિયલ લાઈફમાંથી જ રીલ લાઈફ ઊભરે છે. પડદા પર દેખાતા કલાકાર અંગત જીવન કે વિચારસરણી કોરાણે મૂકી સોંપાયેલાં પાત્ર ભજવતા હોય છે. અંગત જીવન અને વ્યવસાયની ભેળસેળ ન કરવી જોઈએ. પડદા પર ખૂનખાર વિલનનો રોલ કરનારા પ્રાણ સાબ અંગત જીવનમાં મિલનસાર અને ઉદાર જીવના હતા. સુનીલ દત્ત ફિલ્મમાં ડાકુ બન્યા હતા, પણ અંગત જીવનમાં સખાવતી હતા એટલે એમણે એ પાત્ર નહોતું ભજવવું જોઈતું? અંગત જીવનમાં ‘અહિંસા પરમો ધર્મ’નો જાપ જપતા અભિનતાએ ખૂનીનો રોલ ઓફર થાય તો ‘યે મૈં કૈસે કર સકતા હૂં?’ એવી દલીલ કરી ના પાડી દેવાની? દારૂની બોટલને અડવાથી પણ દૂર રહેતા કલાકારે શરાબીનો રોલ નહીં કરવાનો? (ઉદાહરણ : જહોની વોકર- કેસ્ટો મુખર્જી ! ) આવી અનેક દલીલ કરી શકાય. એકવાર એવું સ્વીકારી લઈએ કે જો ફિલ્મમાં હીરો - હીરોઈનના ઈન્ટિમેટ - અંતરંગ સીન હોય તો એ ભજવવામાં રિયલ લાઈફના ભાઈ - બહેનને સંકોચ થાય, અજુગતું લાગે. દર્શકને પણ ઉચિત ન લાગે. મુક્ત વિચારસરણી ધરાવતા લોકો પણ આ વાતથી સહમત થશે, પણ પાત્ર કેવળ રોમેન્ટિક છે એટલે ભાઈ - બહેને એ નહીં ભજવવાના એને લઈને બે છાવણી ઊભી થઈ જે આજના સમાજની સમજનું જ પ્રતિબિંબ છે.

આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે સોશિયલ મીડિયા નામના સમાંતર સમાજની સંકુચિત વિચારસરણી સામે કલાકારોનાં માતા-પિતાએ પ્રગતિશીલ અભિગમ દર્શાવ્યો છે. પિતાશ્રી અને માતુશ્રીએ તો સાફ સાફ શબ્દોમાં કહી દીધું છે કે ‘અચાનક વિરોધ ફૂટી નીકળ્યો એ અમારી સમજની બહાર છે. અનેક બાળકોની જેમ અમારાં બાળકોનું પણ રૂપેરી પડદે ચમકવાનું સપનું હતું. એ સપનું સાકાર કરવા એમણે અનેક વર્ષ મહેનત કરી છે. અત્યાર સુધીમાં એમણે ૨૦૦ વીડિયો આલ્બમ તૈયાર કર્યા છે અને એમણે બનાવેલા બદ્ધેબધા આલ્બમ રોમેન્ટિક જ છે તો હાલ વિરોધ કરનારા શું અત્યાર સુધી ઊંઘતા હતા? આટલા વર્ષ કોઈ કશું બોલ્યું નહીં, કોઈએ આંગળી પણ ચીંધી નથી અને હવે અચાનક, વિના કારણ વિવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે.’

કલાકારનાં માતા - પિતા ઉપરાંત છત્તીસગઢ સિને એન્ડ ટેલિવિઝન પ્રોડ્યુસર એસોસિએશન તરફથી લીલી ઝંડી મળી ગઈ હતી. ગયા અઠવાડિયે રિલીઝ થયેલી ‘મયા બિના રહે નઈ જાય’ વિશે આકરી ટીકા કરનારા હતા તો બીજી તરફ આ એક પારિવારિક ફિલ્મ છે જે સાથે બેસીને માણી શકાય એવી પ્રતિક્રિયા પણ આવી છે.

અલબત્ત, છત્તીસગઢ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાવ ઝીણકી છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સમુદ્ર સ્વરૂપ સામે એક ખાબોચિયા જેવડું એનું કદ છે. ‘છોલીવૂડ’ તરીકે ઓળખાતી આ ઈન્ડસ્ટ્રી વર્ષે દહાડે ૫૦થી ઓછી ફિલ્મ બનાવે છે. આ વર્ષે પહેલા ત્રણ મહિનામાં ૧૦ ફિલ્મ રિલીઝ થઈ છે. જોકે, નાનો પણ રાઈનો દાણો એ અનુસાર મહત્ત્વની વાત એ છે કે ૨૦૨૨માં છત્તીસગઢી ફિલ્મને નેશનલ એવોર્ડ મળ્યો હતો, ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ પારિતોષિક મેળવવામાં સફળતા મળી છે. ભલે નાની અમથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હોય, વમળ પેદા થયું છે એ નજર અંદાજ કરવાને બદલે એની છણાવટ થવી જોઈએ. ■

### રીલ ને રિયલ લાઈફ...

અંગત જીવનના સંબંધની સરખામણીએ પડદા પર વિપરીત પાત્ર ભજવવામાં સૌથી પહેલું ઉદાહરણ યાદ આવે ‘જુદાઈ’ ફિલ્મનું. ૧૯૯૭ની રાજ કંવર દિગ્દર્શિત આ ફિલ્મના નિર્માતા હતા બોની કપૂર. ફિલ્મની મુખ્ય જોડી હતી અનિલ કપૂર અને શ્રીદેવી. ૧૯૯૬માં શ્રીદેવીએ બોની કપૂર સાથે લગ્ન કરી લીધાં હતાં. અનિલ બોની કપૂરનો નાનો ભાઈ છે એ નાતે શ્રીદેવી અનિલના ભાભી થાય. ભાભી સાથે રોમેન્ટિક રોલ કરવા અનિલ કપૂર તૈયાર થયો હતો. જોકે, ઈન્ડસ્ટ્રીના અનેક લોકોએ દલીલ કરી હતી કે ઓડિયન્સ દિયર - ભોજાઈને રોમેન્ટિક રોલમાં નહીં સ્વીકારે. અલબત્ત બધા ખોટા પડ્યા અને ફિલ્મને બોક્સ ઓફિસ પર ઝળહળતી સફળતા મળી હતી.

મેહબૂબ ખાનની ‘મધર ઈન્ડિયા’માં બિરજુનો રોલ પહેલા દિલીપ કુમારને ઓફર કરવામાં આવ્યો હતો. જોકે, ટ્રેજેડી કિંગે ના પાડી હતી. એમની દલીલ હતી કે ‘મેલા’ અને ‘બાબુલ’ ફિલ્મમાં નરગીસ સાથે રોમેન્સ કર્યો હોવાથી દર્શકો એમને નરગીસના પુત્રના રોલમાં નહીં સ્વીકારે. ‘કુછ કુછ હોતા હૈ’નો ટીનાનો રોલ ટ્વિંકલ ખન્નાને ઓફર થયો હતો, પણ એ સમયે ટ્વિંકલનો અક્ષય કુમાર સાથે અફેર ચાલી રહ્યો હતો અને ગર્લફ્રેન્ડ આવી રોમેન્ટિક ફિલ્મ કરે એ બોયફ્રેન્ડને પસંદ નહોતું અને બોયફ્રેન્ડ નારાજ ન થાય એટલે ટ્વિંકલે ના પાડી હતી. અંતે એ રોલ રાની મુખરજીએ કર્યો જે એની ગાડી સડસડાટ દોડાવવામાં મદદરૂપ થયો. હોલિવૂડમાં Bride and Prejudice, Mistress of Spices, Provoked જેવી ફિલ્મ કર્યા પછી ઐશ્વર્યા રાયને Mr.and Mrs.Smith નામની ફિલ્મ ઓફર થઈ હતી. જોકે, ફિલ્મના હીરો બ્રેડ પિટ સાથે કિસિંગ સીન કરવા તૈયાર ન હોવાથી કરિયરમાં મહત્ત્વનો સાબિત થવાની સંભાવના ધરાવતો રોલ ઐશ્વર્યાએ નકાર્યો હતો.

જોકે, રણબીર ફિલ્મોમાં હિટ થયા પછે એને અને કરિના કપૂર (એની કઝિન સિસ્ટર ) બન્નેને પૂછવામાં આવતું હતું કે ‘તમે એકેમેક સાથે રોમાન્ટિક ફિલ્મ કરશો ?’ ત્યારે એ બન્નેએ ગોળ ગોળ જવાબ આપીને વાત ટાળી દીધી હતી !

બીજી તરફ, આ વાત અજુગતું લાગવાની છે. જૂની રંગભૂમિના નાટકનો એક કિસ્સો પણ આ સંદર્ભમાં જાણવા જેવો છે.

ચં. ચી. મહેતાનું ‘સીતા’ નાટક ગુજરાતના પ્રભાવશાળી નટ, દિગ્દર્શક અને લેખક જશવંત ઠાકરે ભજવ્યું હતું. નાટકમાં પ્રભાબહેન પાઠક સીતાની ભૂમિકામાં હતા જ્યારે એમના પતિ અરવિંદ ભાઈ પાઠક સીતા મૈયાના દિયર ભરતનો રોલ કરતા હતા. ‘સીતા’ નાટકના એક દૃશ્યમાં ભરત સીતા મૈયાને પગે લાગે છે. આ દૃશ્યને કારણે એ સમયે અરવિંદ ભાઈની જ્ઞાતિમાં વિરોધનો વંટોળ ઉઠ્યો હતો કે ‘પતિ (અરવિંદ ભાઈ) થઈને પત્ની (પ્રભા બહેન)ને પગે થોડું લગાયા?’ અલબત્ત , અરવિંદભાઈ - પ્રભાબહેન જરાય વિચલિત ન થયા અને રંગભૂમિ પર ઘણા સમય સુધી સક્રિય ફાળો આપતા રહ્યા હતા.

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**


# ‘ચિંગારી’થી ‘ચીન ચીન ચૂં’: ભૂલાઈ ગયેલા બાબુ મોશાય

આપણે ત્યાં યશ ચોપરા, રાજ કપૂર કે સંજય લીલા ભણસાલી અથવા તો કરણ જોહર જેવા અમુક જ નિર્માતા-નિર્દેશકોને ‘રોમાંસ અને સંગીતના રાજા’ કહીને લોકો વખાણે રાખે છે. માર્કેટિંગને લીધે અથવા એમનાં સંતાનોના વંશવેલા કે પરિવારો કે અમુક સ્ટાર્સના કનેક્શનને લીધે આમ હશે? પણ આ બધાંઓની સાથે બીજા અનેક મેકરો છે જેને મીડિયાએ ભૂલાવી દીધા છે. આજે એવા એક સફળ-સમર્થ કલાકારને યાદ કરીએ..

* * * *


‘પૈસા નહીં મળે પણ શૂટિંગના દિવસે જમવાનું મળશે. તારે આસિસ્ટંટ તરીકે કામ કરવાનું. ત્રીજે માળે સેટ પર ત્યાં મારું નામ લઇને પહોંચી જા.’ બોમ્બે ટોકીઝમાં એ છોકરાની મુલાકાત લેખક ફણી મજમુદાર સાથે થઈ. ફણી એમની સ્ક્રિપ્ટો બંગાળીમાં લખતા. છોકરાએ કહ્યું, ‘સર, મને હિન્દી સારું આવડે છે.. તમારી સ્ક્રિપ્ટનો હિન્દીમાં અનુવાદ કરી આપીશ.’ ફણી મજમુદાર ખુશ થયા ને પૈસા પણ આપવા માંડ્યા. ત્યારે મુંબઇમાં એવી લોજ હતી જે ૩૦-૩૨ રૂ.માં આખો મહીનો એક ટંકનું ભાણું આપતી. આમ પેલા છોકરાની રાતે જમવાની વ્યવસ્થા થઈ ગઇ. બપોરે તો સ્ટુડીઓમાં લંચ મળી જ જતું...

જ્યારે એ છોકરો મુંબઈ આવ્યો ત્યારે એ પોતાની સાથે અભિનેતા બનવાનું સ્વપ્ન લઈને આવ્યો. એ વખતે એણે શાળા અને કોલેજમાં નાટકોમાં અભિનય કર્યો હતો.. તે સમયે છોકરાને ફિલ્મો વિશે આટલી જ ખબર હતી. એને ખબર નહોતી કે ફિલ્મ ઉદ્યોગમાં ઘણા બધા ટેકનિકલ અને કલાત્મક વિભાગો છે. એક દિવસ તે છોકરાએ તો દાદામુનિ અશોક કુમારને કહ્યું હતું કે મારે અભિનય કરવો છે, પરંતુ દાદામુનિએ એને અભિનય છોડીને ટેક્નિકલ ક્ષેત્રમાં રહેવાની સલાહ આપી કે સહાયક દિગ્દર્શક બન. હા, જો કોઈને નાની ભૂમિકા ભજવવાની જરૂર પડશે તો હું તને જાણ કરીશ.





શક્તિ સામંત





વચન મુજબ, અશોક કુમારજીએ એ છોકરાને બે-ત્રણ ફિલ્મોમાં અભિનય કરવાની તક પણ આપી, પણ બધાની ભૂમિકા સરખી હતી. પોલીસ ઇન્સ્પેક્ટરની ભૂમિકા. અને બધાના સંવાદો પણ લગભગ સરખા હતા.એ છોકરાનું નામ શક્તિ હતું. જોકે, એને ક્યાં ખબર હતી કે હીરો બનવાનું નસીબમાં જ નહોતું. વર્ષો પછી એ જ છોકરો અથાગ મહેનતે ફિલ્મ ઉદ્યોગમાં ખૂબ જ પ્રખ્યાત દિગ્દર્શક બની ગયો. શક્તિ સામંતના નામથી પ્રખ્યાત થયો.. હા, આ શક્તિ સામંતજીની વાત છે.

શક્તિદા જન્મેલા તો બંગાળમાં પણ હિન્દી એટલે કે બાળપણ યુ.પી.માં વિતાવ્યું હતું ને દહેરાદૂનથી ૧૨મું પાસ કર્યું. કલકત્તામાં એન્જિનિયરિંગમાં પ્રવેશ મળ્યો નહીં અને બીજું કે એમને થિયેટરનો શોખ હતો, પણ એમના કાકાને અભિનય વગેરે બિલકુલ ગમતું નહોતું. પછી શક્તિદા, દુર્ગા પૂજા દરમિયાન નાટકોનું આયોજન કરતા. એક દિવસ રિહર્સલથી આવવામાં મોડું થયું એટલે બાપા શક્તિનું કાકાએ ખૂબ અપમાન કર્યું. શક્તિદાએ મુંબઈ આવીને દૂર દાપોલી ગામમાં કોઇ એંગ્લો-ઉર્દૂ હાઈસ્કૂલમાં ટીચરની નોકરી મેળવી. સ્કૂલમાં આફ્રિકન અને મુસ્લિમ બાળકો હતાં એટલે શુક્રવારે સ્કૂલમાં રજા પડે કે શક્તિદા તરત ગુરુવારે સાંજે સ્ટીમર દ્વારા મુંબઈ આવે અને ફિલ્મોમાં કામ શોધવા માટે રખડે. શનિવારે સવારે દાપોલી પાછા આવી જાય. આઝાદી બાદ કોઈએ શક્તિદાને કહ્યું કે બોમ્બે ટોકીઝમાં ઘણા ખ્રિસ્તીઓ ને બંગાળીઓ છે. ત્યાં એ અશોકકુમારની મદદથી જોડાયા.

એ ત્યાં આસિસ્ટંટ હતા ત્યારે ૩-૪ ફિલ્મોમાં પોલીસ ઇન્સ્પેક્ટરનો રોલ પણ કરેલો. પછી આખરે ૧૯૫૪માં, એમણે ફિલ્મ ‘બહુ’થી દિગ્દર્શક તરીકે સફળતા મેળવી. માત્ર ૩ જ વરસમાં અનેક સફળ ફિલ્મો બાદ ૧૯૫૭માં, ‘શક્તિ ફિલ્મ્સ’ કંપની બનાવી, જેની પહેલી ફિલ્મ અશોકકુમાર ને મધુબાલાની, મ્યુઝિકલ મર્ડર મિસ્ટ્રી ‘હાવડા બ્રિજ’, જેના ગીત ‘આઇએ મહેરબાન’ કે ‘મેરા નામ ચીન ચીન ચૂં..’ આજેય મશહૂર છે.

૧૯૨૬માં જન્મેલ શક્તિ સામંતે ૧૯૫૦થી ૧૯૮૦ના દાયકામાં બોલિવૂડને અનેક યાદગાર ને સુપરહિટ ફિલ્મો આપી, પણ શક્તિદાની સૌથી મોટી દેણ એ કે એમની સુપરહિટ મ્યુઝિકલ ‘આરાધના’ ફિલ્મે રાજેશ ખન્નાને સુપરસ્ટાર બનાવ્યો. ‘કટી પતંગ’ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખૂબ ચાલી. ‘અમર પ્રેમ’ ફિલ્મનો ડાયલોગ ‘પુષ્પા, આઈ હેટ ટીયર્સ!’ આજે પણ લોકપ્રિય છે. એ જ ફિલ્મમાં ‘ચિંગારી કોઇ ભડકે’ ગીત માટે ‘હાવડા બ્રિજ’ અને હુગલી નદીનો અદ્ભુત આબેહૂબ સેટ મુંબઇના નટરાજ સ્ટુડિયોમાં બનાવેલો.

વળી, ‘કાશ્મીર કી કલી’ શર્મિલા ટાગોરની હિન્દીની પહેલી ફિલ્મ હતી અને યાદગાર સંગીતવાળી સુપરહિટ હતી. વિદેશમાં ફિલ્મોનું શૂટિંગ શરૂ કરનારા પહેલા દિગ્દર્શકોમાંના એક શક્તિદા હતા. ‘એન ઇવનિંગ ઇન પેરિસ’નું ઘણું ખરું શૂટિંગ પેરિસમાં થયું હતું, જેમાં શર્મિલા ટાગોરે બિકીની પહેરી હતી ને સમાજમાં હોબાળો મચેલો. સુપરસ્ટાર રાજેશ ખન્નાના સારા દિવસોમાં સાથે શક્તિદાએ અનેક ફિલ્મોનું નિર્માણ-વિતરણ પણ શરુ કરેલું. વિધિની વિચિત્રતા જુઓ કે એ જ શક્તિદાએ રાજેશ ખન્નાનાં ખરાબ સમયમાં હરીફ અમિતાભ સાથે ‘ધ ગ્રેટ ગેંબલર’ ફિલ્મ બનાવેલી, જે બહુ ચાલી નહોતી.

૧૯૮૫માં, શક્તિ ફિલ્મ્સે ‘આરાધના સાઉન્ડ સર્વિસ’ વિભાગ શરૂ કરેલો. બંગાળી અને હિંદી મળીને ૪૩ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું. ફિલ્મફેર એવોર્ડઝ અને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ પણ મેળવેલા. શક્તિદાની ઓફિસ જે નટરાજ સ્ટુડિયો મુંબઇના અંધેરી ઇસ્ટમાં હતી ત્યાં જ ગુરુદત્ત, વિધુ વિનોદ ચોપરા વગેરે નિર્માતાઓની પણ ઓફિસ હતી. એ સ્ટુડિયો તૂટીને આજે ત્યાં કમર્શિયલ કોમ્પ્લેક્સ છે જ્યાં અનેક યાદગાર ફિલ્મો બનેલી.

૨૦૦૯માં અવસાન પામેલા શક્તિદાની હમણાં ૯ એપ્રિલે પુણ્યતિથિ ગઇ. આજે પણ એમની ફિલ્મો અને સંગીત જીવે છે. આવા સમર્થ શક્તિ સામંતને ૧૦૦ વાર નમન... ■

# હસીને જોવામાં અને જોઇને હસવામાં ફરક છે...



**સાત્વિકમ્ શિવમ્**

**અરવિંદ વેકરિયા**

આજે રિહર્સલ સવારે ૧૦ વાગ્યાથી હતું. રાત્રે ઊંઘ એટલે નહોતી આવતી કે પરમ દિવસથી નાટકનું બુકિંગ શરૂ થવાનું હતું. જી.આર.માં મનહર ગઢિયા જા.ખ.નો લે-આઉટ લઈને આવવાનો હતો.એની ડિમાંડ હતી કે લે-આઉટ માત્ર હું, ડોલર અને સુભાષ ખન્ના જ જોઈએ. કલાકારોને વિશે કોઈ વાત કરવાની નહીં. મને નવાઈ તો લાગી, કારણ કે કલાકારો જેમ મ્યુઝિક કેવું છે? એ જાણવા ઉત્સુક હતાં એમ જા.ખ. માટે પણ આતુર હોય એ સહજ હતું. ગમે તેમ તો પણ આ ‘સહિયારું’ સર્જન હતું. મનહરની વાત પણ સમજાય એવી હતી કે, એક તો અંજલિના બોલ્ડ ફોટો સાથે લે-આઉટ તૈયાર કર્યો હતો, બીજા કલાકરોને થતું હોય કે પોતાનો ફોટો અને નામનો વ્યવસ્થિત ઉલ્લેખ હોય! બીજું, જે દિવસે જા.ખ. છપાય અને પહેલીવાર કલાકારો જુએ તો એ ‘પહેલી નજરનો પ્રેમ’ અલગ જ હોય. હું તો જી.આર.નાં ટેન્શનમાં હતો. ઠીક છે, એ આવશે ત્યારે જોઈ લેશું. કેટલી અજબ વાત છે, આપણે બધા ખુશ રહેવા પરેશાન રહીએ છીએ, મારી એ સ્થિતિ હતી. હું તો ૯.૩૦ વાગે હિન્દુજા પહોંચી ગયો. છેલભાઈ અને પરેશભાઈએ સેટ પૂરો સજાવી દીધો હતો. નાનું-મોટું કામ પ્રવીણના માણસો વહેલા આવીને કરી રહ્યાં હતા. માત્ર ૫૦૦૦ રૂપિયા જ સેટના આપ્યા હતાં.. પ્રવીણે લાખ રૂપિયાની મહેનત કરી હતી. પહેલીવાર ‘પોતાનો’ સેટ તૈયાર કરતા પ્રવીણ-શૈલેશ દિલથી કામ કરી રહ્યાં હતાં. મેં ફરી પ્રવીણનો ‘આભાર’ માન્યો. એને એ ‘ભાર’ રૂપ લાગ્યું. ‘તમે ૫૦૦૦ આપ્યા, બાકી મારો પહેલો સ્વતંત્ર પ્રયત્ન અને તમારા માટેની લાગણીથી મારે તમારાં આશીર્વાદ લઈને જ સેટ કરવો હતો.’

પ્રવીણની આ વાત ગમી. ‘આશીર્વાદ’ આપવા વાળો હું કોણ? આ અંગત વાત કાનને ગમી. બીજાની જીભ અને તમારાં કાન કામમાં લેશો તો તમને જીવનમાં કામ આવે એવી ઘણી વાતો જાણવા મળે.

ખેર! જી.આર. માં ગઈ કાલે માત્ર મ્યુઝિકની ‘કયું’ કરેલી, આજે લાઈટ અને મ્યુઝિક સાથે રંગદેવતાની પૂજા કરી જી.આર. શરૂ કરી દીધા. ડોલર અને સુભાષ હજી આવ્યા નહોતા. મનહર પણ પ્રગટ્યો નહોતો. મારે નાટક ઉપર ધ્યાન રાખવાનું હતું, એ જવાબદારી હતી મારી. મેં આ નાટકને જાણે મારી જીંદગી બનાવી લીધી હતી.

જી.આર. શરૂ તો થયા, નાની-મોટી ભૂલો થતા ફરી પાછું ‘ભૂલ્યા ત્યાંથી ફરી ગણો’ ની જેમ એ ભૂલ સુધારી આગળ વધતા ગયા. સંતોષ થાય એટલે શાંતિ. પરીક્ષા વગર તો શાળા પણ આગળ જવા નથી દેતી તો આ નાટકની જીંદગી કેમ જવા દે?

હિન્દુજામાં અબ્બાસભાઈ પણ આવી ગયા હતા. એ પણ ત્યાં બેઠા હતા. મને કહે, ‘દાદુ, ‘ચિનગારી’ જેવું સુંદર નાટક કર્યા પછી આવા વિષયમાં કેમ પડ્યાં?’ મેં હસીને એમના તરફ જોયું. હસીને જોવામાં અને જોઇને હસવામાં ફરક હોય છે એ વાતનો એમને અણસાર ન આવ્યો. એમણે તો એમને લાગ્યું એ કહ્યું. જે રીતે નાટક તૈયાર થતું હતું, ભલે ડોલરની વાત ‘...નાટક તારશે’ મને અભિમાનભરી લાગતી હતી, પણ હવે મને પણ નાટક જોતા એની વાત સાચી લાગવા માંડી હતી.આશા અને વિશ્વાસ ક્યારેય ખોટા નથી હોતા, આપણે નિર્ણય લેવાનો હોય છે કે કોનાથી આશા રાખવી અને કોના પર વિશ્વાસ રાખવો.

‘વાત મધરાત..’ વખતે પણ હિતચિંતકો આવા જ ટોણાં મારતા હતા, સફળતા પછી એ બધા ફરી બેઠેલાં. ‘મને હતું જ, તારી મહેનત એવી સોલીડ હોય છે કે સફળતા મળે જ મળે’.

આજે ભલે અબ્બાસભાઈએ મંતવ્ય જણાવ્યું. મને હવે ખરાબ નથી લાગતું. ‘..વાત મધરાત,.’ હીટ ગયું

ત્યારે ખૂબ અંગત વ્યક્તિએ મારો ખભો થાબડીને કહેલું. ‘તું બહુ નસીબદાર છે’ એ વાક્યમાં ક્યાંક મીઠી અથવા તો કડવી ઈર્ષ્યા હોય જ છે. હું માનું છું કે તમારે માટે લાગણી હોય તો સામેવાળી વ્યક્તિ તમને બે-વાત કરવાની જ પણ અંતે તો આ બે મોઢાળી ભૂમિ. મને થાય કે જયારે હવે નાટક રિલીઝ થવાની ઘડીઓ ગણાય છે ત્યારે નેગેટિવ વાતોને સ્થાન ન આપવું જોઈએ.

ખેર! આગળ કહ્યું એમ હું મારું કામ નિષ્ઠાથી કરું. લોકો કહે એ હસતા મોઢે સાંભળી લઉં. એમના ‘અહમ’ને જીવવા દઉં. પેટ પાસે રહેલી પાચનશક્તિ શરીરને સ્વસ્થ રાખે છે, મન પાસે રહેલ સમાધાનશક્તિ સંબંધોને મસ્ત રાખે છે, હું સંબંધો ટકાવી રાખું છું.

ડોલર અને સુભાષ આવી ગયા ત્યારે ફાઈનલ જી.આર. શરૂ થઈ ચુક્યા હતાં. રિહર્સલનો પ્રથમ અંક પૂરો થાય એ પહેલા મનહર પણ આવી ગયો.

પહેલો અંક પૂરો થતા, ઉમેશ પારેખ સ્ટેજ પર બધા કલાકારોને બોલાવી બીજા અંકનું રીડિંગ કરવા બેઠો અને હું, ડોલર, સુભાષ અને મનહર હિન્દુજાના ગ્રીન-રૂમમાં ગયાં.

લે-આઉટ સરસ બનેલો. અંજલિ અને જાનીનાં ફોટાઓ સુંદર ગોઠવેલાં. નાટક માટે જા.ખ. અગત્યની હતી જ પણ એ પહેલાં નાટક સારું બને એ પણ એટલું જ અગત્યનું હતું. મનહર થોડો આખાબોલો, પણ હસમુખ. અમારે ‘ગાળ’થી વાતનો વ્યવહાર. એ તડ ને ફડ કરનાર અને હું પ્રેમથી જવાબ આપું. હું અંગત રીતે માનું કે શબ્દમાં એટલી મીઠાશ રાખવી કે પાછા લેવા પડે તો કડવા ન લાગે. જા.ખ. નો લે-આઉટ બધાને ગમ્યો. મારો જીવ તો નાટકમાં ચોંટેલો. ‘આ એડથી ઓપનિંગ સારું થશેને, દાદુ? ’ ડોલરે ફરી આશંકા વ્યક્ત કરી. મેં કહ્યું, ‘ઈશ્વર પર ભરોસો રાખવો. એ બીજો દરવાજો ખોલ્યા વિના પહેલો બંધ નથી કરતો. તમે નક્કી કરો.’ કહી હું સીધો સ્ટેજ પર પહોંચી ગયો. બીજા અંકથી જી.આર. શરૂ કર્યા...■



**ડબલ રિચાર્જ**

*નિર્મલા સીતારામનનું બજેટ ટી.વી. પર ભૂરો શાંતિથી જોઈ રહ્યો હતો. ત્યાં એની પત્ની રસોડામાંથી આવી. પાંચેક મિનિટ બેઠી પછી બોલી, ‘કોઈ ચેન્જ નથી. ગયા વરસે પણ આ જ સાડી પહેરી’તી.!’*

આજની ટૂંકી વાર્તા

સુમંત રાવલ

# ભીંત પરનો ભૂતકાળ

**હું સામાન જોતી ગઇ અને તેની સાથે સંકળાયેલી સ્મૃતિઓ યાદ આવતી ગઈ. દર વરસે અમારાં લગ્નની તારીખે એ કંઇ ને કંઈ યાદ રહી જાય તેવી વસ્તુ ખરીદતો હતો અને મને સરપ્રાઇઝ આપતો હતો**

ફર્શ પર ઘરવખરી વેરવિખેર પડી છે. સુરેશને છે કાંઇ ચિંતા? એ તો તૈયાર થઈને ઓફિસે ચાલ્યો ગયો અને જતાં જતાં હુકમ પણ કરતો ગયોઃ વંદના, સાંજ સુધીમાં બધું જે તે સ્થાને ગોઠવી દેજે. તારી પાસે આઠ કલાક છે! એક ખખડધજ ખટારા જેવો ઘરડોખખ્ડૂસ મજૂર પણ સોંપતો ગયો. નામ રામુચાચા. રામુચાચા, તમે વંદનાને સામાન ગોઠવવામાં મદદ કરજો. જોકે મકાનનો કબજો સંભાળ્યો ત્યારે તેણે સાફ કરાવી દીધું હતું, છતાં સરકારી મકાન એ સરકારી મકાન! પોપડા ઊખડી ગયેલી ભીંત કે પ્લાસ્ટર ઊખડી ગયેલી છત... ઈલેક્ટ્રિક વાયરોમાં સાંધા... જડ થઇ ગયેલી નળની ચકલી... પીળું પડી ગયેલું વોશ બેસિન!

એ તો ગયો... બે બેડરૂમ- એક હોલ- એક કિચન આવા સરકારી આવાસમાં ફર્શ પર આડેધડ પડેલો સામાન, જાણે ધરતીકંપ થયો હોય અને બધું ઊલટપૂલટ થઈ ગયું હોય તેવા દૃશ્યની યાદ આપવતો હતો. હું, મારો બે વરસનો દીકરો બીટુ અને પેલો મજૂર રામુકાકા, ત્રણેય એકી નજરે એ સામાન સામે મોં વકાસી જોતાં હતાં. બીટુએ કંટાળીને બગાસું ખાતાં કહ્યુંઃ 'મમ્મી, હું જરા બહાર જઈ આવું...'

'બેટા, હજુ અહીં આવ્યાને એક કલાક પણ નથી થયો, તને આ અજાણ્યા પાડોશમાં કોણ ઓળખશે.'

'હું દોસ્તી કરી લઇશ, બહાર બે ચાર જણ દડે રમે છે, મને જવા દે ને!' તેણે દયામણું મોં કરતાં કહ્યું એટલે હું ના ન પાડી શકી. તે ખુશ થઈ ચિચિયારી પાડતો બહાર દોડી ગયો.

દસ વરસની ઓફિસ સુપરિન્ટેડેન્ટની નોકરીના પગારમાંથી સુરેશે કેટકેટલું વસાવ્યું હતું. મને યાદ છે કે હું પરણીને આવી ત્યારે એક પલંગ, ગેસનો ચૂલો, એક જૂનું કબાટ અને રસોડામાં થોડાં ઠીબડાં હતાં... પણ પછી જૂનું કાઢતો ગયો અને નવું વસાવતો ગયો... તેણે ધૂળમાંથી ઘર બેઠું કર્યું હતું! હું સામાન જોતી ગઇ અને તેની સાથે સંકળાયેલી સ્મૃતિઓ યાદ આવતી ગઈ. દર વરસે અમારાં લગ્નની તારીખે એ કંઇ ને કંઈ યાદ રહી જાય તેવી વસ્તુ ખરીદતો હતો અને મને સરપ્રાઇઝ આપતો હતો.

ટીવી સેટ, ડાઇનિંગ ટેબલ, ઘરઘંટી, ફ્રિજ, વોશિંગ મશીન, ડ્રેસિંગ ટેબલ, તિજોરી, ગાદલાંગોદડાં મૂકવાનું કબાટ, કિચનનો તો અગણિત સામાન હતો. મિકસર અને જ્યુસર સાથે નાનીમોટી સાઇઝોના અનેક કૂકર, ડિનર સેટ, બાઉલ અને કોફી મશીન... કદાચ આ મકાનનું કિચન નાનું પડશે.

બંધોલો સામાન જ્યારે છૂટો પડે ત્યારે જ ખબર પડે કે ઘર બાંધવા કેટકેટલી ચીજવસ્તુઓ જોઈએ. લગ્નના શરૂઆતના દિવસોમાં મેં કહ્યું હતું કે ઘર બાંધવા માટે ફર્નિચર નહીં- પતિ-



પત્નીના પ્રેમની જરૂર હોય છે. તે હસ્યો હતો, 'વંદના, તું સમાજશાસ્ત્ર સાથે ગ્રેજયુએટ થઇ છો, એટલે સામાજિક સમસ્યાની જાણકાર તો હોઇશ જ.'

'ઓફકોર્સ!' મેં કહ્યું હતું

'તો તો આપણી વચ્ચે કોઈ સામાજિક સમસ્યા ઊભી નહીં થાય! સુરેશે કહ્યું હતું.

મેં મકાનમાં લટાર લગાવીને ખાતરી કરી. ત્રણ ફેમિલી મેમ્બર માટે ખાસ્સું મોટું ઘર હતું. દરવાજે ડોરબેલ હતી, છત પર પંખા હતા. બારીના ફૂટેલા કાચને સુરેશે નવા નખાવી દીધા હતા, જેથી બહારના કોઈ ઘરમાં જાંકી ન શકે. કદાચ કાચવાળી બારીના ખંડનો તે બેડરૂમ તરીકે ઉપયોગ કરવા ઈચ્છતો હતો. મેં એ ખંડની બંધ બારીને ખોલી નાખી તો બહારનો પવન અંદર ધસી આવ્યો, મારી સાડી ફફડી ઊઠી, માથાના વાળ વિખરાઇ ગયાં. ભીંત પર લટકતા કેલેન્ડરમાં જાણે જીવ આવ્યો હોય તેમ પાનાં ફફડવા લાગ્યાં અને અવાજ કરવા લાગ્યા. ગત વર્ષનું કેલેન્ડર હવે નકામું હતું છતાં દીવાલ પર લટકતું હતું. બારી બહાર મેદાન દેખાતું હતું. જ્યાં લીમડાનાં ઘટાદાર વૃક્ષો ઊભાં હતાં. બીટુએ દોસ્તી બાંધી લીધી હતી, તેની ઉંમરના બે-ચાર છોકરા સાથે તે દડા વડે રમી રહ્યો હતો.

'મમ્મી...' તેનું ધ્યાન મારી તરફ ગયું.

'બીટુ, મજા પડે છે ને...? મેં પૂછ્યું. 'આ બધા કોણ છે?

'અમે સરકારી વસાહતમાં જ રહીએ છીએ.' એક છોકરાએ કહ્યું.

'ભલે રમજો, ઝઘડતા નહીં, મેં એટલું જ કહ્યું. બહાર ટૂવ્હીલર વાહનોનો જમેલો હતો. સરકારી વસાહત શહેરથી દૂર હતી અને ત્રણ માળનું મકાન હતું. સદનસીબે અમને ગ્રાઉન્ડ ફલોરનું કવૉટર મળ્યું હતુ. એટલે દાદરાની ચડઉતર નહીં કરવી પડે એ વિચારે હું ખુશ થઇ ગઈ હતી. હું બેડરૂમની ગોઠવણી અંગે મનોમન વિચારવા લાગી. બારી પર પરદા, બારી નજીક બેડ, કોર્નરમાં શેડવાળા લેમ્પ.... બીજા કોર્નરમાં ફલાવર વાઝ...

બાજુમાં કિચન હતું, ગેસની સગડી મૂકી શકાય તેવું મોટું પ્લેટફોર્મ હતું, નીચે ગેસ સિલિન્ડર અને તેની ટયુબ માટે હોલ પણ પાડેલા હતા. છત કાળી પડી ગઇ હતી. કોટા સ્ટોનની અભરાઇમાં ડાઘા પડી ગયા હતા. પ્લેટફોર્મની બાજુમાં એઠાં વાસણ મૂકવા માટે લિન્ક, સિન્ક પર નળ, જેનાં કોર્ક ઢીલો પડી ગયો હતો એટલે પાણી ટપકયાં કરતું હતું. આ કોર્ક બદલવા માટે પ્લમ્બરને બોલાવવો પડશે.

હું કિચનમાંથી બહર નીકળવા જતી હતી ત્યાં મારી નજર દીવાલ પર પડી. સફેદ દીવાલ પર બ્લેક રીફિલ વડે કૈંક લખેલું હતું. મેં બારીકાઇથી જોયું તો બધા ફોન નંબર હતાં! ઓહ, આ તો શહેરના અગત્યના ફોન નંબરની ડિરેકટરી. અગાઉ રહેનારાએ ડિરેકટરી ન ખોલવી પડે એટલે ભીંત બગાડી મૂકી હતી. હું વાંચતી ગઇ, રેલવે ઈન્કવારી, બસ ઈન્કવારી, પ્રાઇવેટ ટ્રાવેલ્સના અને ટેકસી ભાડે કરવાના પણ નંબર હતા. અગાઉ રહેનારા ફરવાના શોખીન હશે. ટીવી રિપેરર, બકાલુવાળો, છપાવાળો, મિસ્ત્રી, પ્લમ્બર, લાઇટ રિપેરર, અરે લોન્ડ્રીવાળાનો પણ ફોન નંબર લખેલો હતો. હાશ... મને રાહત થઈ. ઘરમાં અઠવાડિયા- પંદર દીમાં ફોન આવશે, એટલે ફોન દ્વારા આ બધાની સેવા લઈ શકાશે. જોકે મારી પાસે મોબાઇલ તો હતો! દીવાલ પર લખેલી આ ડિકશનેરી આશીર્વાદરૂપ હતી... મનોમન ભૂતકાળના ભાડૂતનો હું આભાર માનવા લાગી. હું હસી પડી, આમ અકસ્માત કે બીમારી માટે એક હોસ્પિટલનો ઈમર્જન્સી નંબર તો લાલ રંગમાં લખેલો હતો. કદાચ એ પરિવારમાં કોઈ માંદલું હશે... જે હોય તે, પણ મારા માટે તે એક હાથવગું સાધન છોડતો ગયો હતો.

અચાનક બહાર હોલમાંથી ધડ કરતું ફર્શ પર કૈંક પડયું હોય તેવો અવાજ કાને પડયો. એટલે હું હચમચી ગઈ. નક્કી પેલા ડોસલાએ... હું બહાર દોડી ગઇ. શું થયું?

'આ ... પુસ્તકનું પાર્સલ છટકી ગયું.'

ફર્શ પર આડાંઅવળાં અનેક પુસ્તકો પડયાં હતાં.

'અરર, મારાં પુસ્તકોની આ હાલત. કાકા, તમે ભારે કરી!'

કાકા ગભરાઇ ગયા હતા અને પુસ્તકો ભેગા કરી રહ્યાં હતાં.

'મારા આ કીમતી પુસ્તક છે. મારે હજુ જીપીએસસીની પરીક્ષા આપવાની છે. આ પુસ્તકોની જરૂર છે.'

'મેડમ, હું ગોઠવી દઈશ.' તેણે ધ્રૂજતા અવાજે કહ્યું અને પછી કબાટમાં એક પછી એક પુસ્તક ગોઠવવા લાગ્યો. લોહી-માંસ સુકાઇ જવાથી હાથમાં કેવળ સૂકાં હાડકાં હતાં! માંડ માંડ પુસ્તક ઊંચકી શકતા હતા. મને સુરેશ પર ગુસ્સો ચડયો. આવા ડોસલા પાસે શું કામ લેવું! ત્યાં ડોરબેલ ગુંજી ઊઠી. મેં બારણું ખોલ્યું તો સામે સુરેશ અને તેની સાથે એક ખાખીવર્દીવાળો યુવક ઊભો હતો. માથા પર ખાખી ટોપી ધારણ કરી હતી.

'આવ મનુ...' સુરેશે પેલા યુવકને કહ્યું. તે અંદર આવ્યો.

'આ છે ઓફિસનો પ્યુન મનુ માલદાર.એ કામમાં તને મદદ કરશે.' સુરેશે તેની સાથે પરિચય કરાવતાં કહ્યું. મનુ ચંપલ બહાર કાઢીને અંદર આવ્યો અને ફર્શ પર આડેધડ પડેલા સામાન તરફ જોઈ અંદાજ લગાવ્યો, 'સાબ... ચાર કલાકમાં બધું ગોઠવાઇ જશે... અનુભવીની નજરે તેણે સામાન તરફ જોયું.

'પહેલાં કિચન તૈયાર કરી દે, કારણ કે રાતે વંદનાને રસોઇ બનાવવાની છે.'

અચાનક ડોરબેલ ગુંજી ઊઠી. હું રસોડામાંથી બહાર આવી ત્યાં સુરેશે બારણું ખોલી નાખ્યું.

પાડોશમાં રહેતી બે-ત્રણ સ્ત્રીઓ બહાર ઊભી હતી.

'નમસ્તે સાહેબ...' ત્રણેએ એક સાથે સુરેશ સામે હાથ જોડતાં કહ્યું. પછી મારા તરફ જોઇને ફરીથી કહ્યું. 'નમસ્તે બહેન.'

'નમસ્તે!' મેં કહ્યું.

'સામાન ગોઠવતાં સાંજ પડી જશે,' એક સ્ત્રીએ કહ્યું.

'આ સામેના ફલેટમાં રહું છું. ચાલો બધા ચા પીવા!'

તે સ્ત્રીએ મરાઠી ઢબે સાડી પહેરી હતી એટલે મહારાષ્ટ્રીયન હશે, મેં અનુમાન કર્યું.

'કામ ખૂબ છે,' મેં કહ્યું.

'તો એમ કરો હું ચા બનાવીને આપી જાઉ. તમને વાંધો ન હોય તો...'

મેં સુરેશ સામે જોયું, એટલે તેણે હી દીધું 'ના..ના બહેન. એમાં વાંધો શો હોઇ શકે.'

'તમારો બાબો મારા ઘેર મારા બાબા સાથે કેરમ રમે છે'

'વાહ! તેને તો કંપની પણ શોધી લીધી.'

'બહુ હસમુખો છે', પેલી મરાઠી સ્ત્રીએ કહ્યુ. થોડી વારમાં બધા દરવાજામાંથી ચાલ્યા ગયા. સુરેશ બેડરૂમમાં ગયો અને મારા નામની બૂમ પાડી 'વં -દ- ના'

હું બેડરૂમમાં ધસી ગઈ.

'આ આપણો બેડરૂમ...' તેણે મારી નજીક સરકતાં કહ્યુ.

'હું પણ એમ જ વિચારું છું, બારી પર પરદા, અહીં પલંગ, પાછળ લેમ્પ, આ કબાટમાં મ્યુઝિક સિસ્ટમ...' મેં શરૂ કર્યું. સુરેશને રાતના અગિયાર સુધી મ્યુઝિક સંભાળવાનો શોખ હતો, જગજિત સિંહ અને ચિત્રાની ગઝલોનાં આલબમનો ઢગલો હતો!

'ઓ કે, બીટુ માટે બાજુનો રૂમ,' સુરેશે કહ્યું.

'ત્યાં તેના અભ્યાસનાં પુસ્તકો અને સ્કૂલનો યુનિફોર્મ, બૂટ, મોજાં...'

'હા, ત્યાં પણ કબાટ છે,' મેં કહ્યું, 'ફેસિલિટી સારી છે.'

ત્યાં પાડોશી સ્ત્રીઓ ટ્રેમાં ચાર ચાના કપ લઇ આવી, સાથે મુખવાસ પણ હતો.

'હવે ચાની રિસેસ!' સુરેશે કહ્યું, એટલે કામ અટકી ગયું.

ચાની ચૂસકીઓના અવાજો સંભળાવા લાગ્યાં. ચા પિવાઇ ગઈ. મુખવાસ ચવાઇ ગયો, પાડોશી સ્ત્રીઓ ચાની ટ્રે પણ લઇ ગઇ. રિસેસ પૂરી થઈ ગઈ. ફરી કામ શરૂ થયું.

હું સુરેશને લઇને કિચનમાં ગઈ. મનુ માલદારે ઘણો સામાન ગોઠવી દીધો હતો. એક સ્ત્રી જેવી તેની સૂઝ હતી. વાસણનો ઘોડો ગોઠવવા માટે અગાઉના રહેવાસીએ ખીલા ખોડેલા હતા એટલે તેને આધારે ઘોડો લટકાવી દીધો.

સુરેશની નજર ભીંત પર પડી.

'અરે વંદના.. આ તો જો! અગાઉના રહેવાસીએ આપણા માટે કેટલી સગવડ કરી દીધી છે. અગત્યના બધા ફોન નંબર ચીતરી માર્યા છે.'

'મેં જોઈ લીધા.'

ત્યાં મનુ માલદારે ખુલાસો કર્યો, 'આ પહેલાં એકલરામ રહેતો હતો. પરણ્યો નહોતો, એટલે તેણે ફોન નંબર ભીંત પર લખી લીધા હતા. કોણ જાણે કઇ વસ્તુની ક્યારે જરૂર પડે. ફોન નંબર હોય તો ફોન થઈ શકે!'

'એકલરામ?' મને નવાઇ લાગી.

'હા, મેડમ. એક વિધવા રસોઇણ બાઇ રસોઈ બનાવી જતી અને વાસણ માંજી જતી, પણ હતો લહેરી લાલો!' મનું માલદારે કહ્યું.

સુરેશ ઓફિસે ચાલ્યો ગયો, ફલેટમાં હું, રામુચાચા અને મનુ માલદાર ત્રણેય કામે જોતરાઇ ગયાં.

હું બેડરૂમમાં આવી, મને ગમે તેમપણ મને આ પહેલાંના રહેવાસીના વિચારો આવવા લાગ્યા. એ પણ અહીં જ સૂતો હશે. આ બારી નજીક. પલંગ પર સૂતાં સૂતાં વાંચતો હશે. ત્યાં મારી નજર કેલેન્ડર પર પડી. ગત વરસનું કોલેન્ડર હતું. દરેક પાના પર રંગીન કુદરતી ફોટોગ્રાફસ હતા. હું એક પછી એક પાનું ફેરવતી ગઈ અને દશ્યો જોતી ગઇ. સમંદર, ઊછળતાં મોજાં અને મોજાની લહેરો પર ઊભેલી દીવાદાંડી. ભૂરા આકાશ, આછો તડકો અને તડકામાં ટેકરી પર ઘાસ ચરતાં ઘેટાંઓ, થોરના કાંટાળા ઝુંડ અને ઝુંડમાં ઊડાઊડ કરતી ચકલીઓ, કાચી સડક પર કતારમાં દોડયાં જતાં બળદગાડાં અને ઊડતી ધૂળમાં ડૂબી જતી સડક. છેલ્લું પાનું ઊંચકયું તો ભીંત પર કાળી બોલપેન વડે કૈંક લખ્યું હતું.

અરે, મારી ભરાવદાર છાતી કંપી ઊઠી. આ અક્ષરો આ લખાવટ- આ મરોડ તો ચિરપરિચિત હતા. આંખો સામે કેમેરાની ફલેશ લાઇટ જેમ ઝબકારો થઇ ગયો. આ.. આ.. અક્ષરો તો રોહિતના. કોલેજકાળ યાદ આવી ગયો, રોહિત યાદ આવી ગયો. ભૂતકાળ યાદ આવી ગયો. એક ક્ષણમાં અનેક દશ્યો ઊપસીને વીખરાઇ ગયાં. રો-હી-ત. આંખો પર પારદર્શક કાચવાળાં પાતળી ફ્રેમનાં ચશ્માં અને તેની વિચારક જેવી આંખો આછી પાતળી મૂંછો. ઊપસેલી મજબૂત છાતી. માથામાં વાંકડીયા ઝુલફાં, મારી ભીતર એક દરિયો ઊછળ્યો અને હું તેમાં ડૂબી ગઈ, પણ છેક તળિયે પહોંચ્યા પછી જોરથી લાત મારી સપાટી પર આવી ગઇ. ક્યાંકથી બ્રશ શોધી કાઢ્યું. અને કેલેન્ડર ઉતારી કચરા ટોપલીમાં ફેંકી દીધું. બ્રશ વડે એ અક્ષરો ભૂંસી નાખ્યા, રસોડામાં ગઇ અને ઝનૂનપૂર્વક ભીંતપર લખેલા ફોન નંબર પર બ્રશ ઘસવા લાગી. પોપડાં ઉખડી ગયાં અને તેની કરચો હવામાં ઊડવા લાગી.

'અરે મેડમ, આ શું કરો છો?' મનુએ પૂછ્યું. મેં બબડાટ કરતાં કહ્યું, 'બસ જૂનું કંઇ ન જોઇએ. જૂનું કંઇ જ ન જોઈએ!'

(સમાપ્ત)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बेझिझक | નિર્લજ્જ |
| बेगुनाह | બેહોશી |
| बेखुदी | નિઃસંકોચ |
| बेहया | અપાર |
| बेइंतिहा | નિર્દોષ |

### ઓળખાણ પડી?

૧૦ વર્ષની ઉંમરે ફિલ્મમાં બાળ કલાકારનો ડબલ રોલ કરી પછી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નામના મેળવનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) સારિકા બ) નીતુ સિંહ
ક) શ્રુતિ હસન ડ) ઉર્મિલા માતોંડકર



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ડં | ૨ બ | ર | | ૩ સ્વા | ભિ | ૪ મા | ૫ ન | |
| સ | | સ | | ૬ આ | ભા | | ૭ ર | સ | ૮ ના |
| ૯ મા | ૧૦ ત | | ૧૧ ભા | ર | વિ | | ક | | ન |
| ૧૨ ની | ર | જ | | ૧૩ સ | ક | ૧૪ લ | | ૧૫ શા | ક |
| | ખા | | ૧૬ વ્યા | પ | | ૧૭ ત | ૧૮ પ | | ડું |
| ૧૯ ભ | ટ | | ૨૦ ક | હા | ૨૧ ન | | ૨૨ ડ | ૨૩ ર | |
| જ | | ૨૪ હ | ર | ણ | ફા | ળ | | ૨૫ વિ | ૨૬ પ્ર |
| ૨૭ ની | તા | ર | ણ | | ખો | | ૨૮ મા | | યો |
| ક | | ક | | ૨૯ ભ | રી | | ૩૦ ન | ૩૧ મા | જ |
| | ૩૨ મ | ત | વા | લી | | ૩૩ આ | વા | હ | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | ૫ | ૬ | |
| | | | | ૭ | | | | | |
| | | ૮ | | | | | | | ૯ |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | ૧૩ | | ૧૪ | |
| | ૧૫ | | ૧૬ | | | ૧૭ | | | |
| ૧૮ | | | ૧૯ | | ૨૦ | | | ૨૧ | |
| | ૨૨ | | | ૨૩ | | | ૨૪ | | |
| ૨૫ | | | ૨૬ | | | | | | ૨૭ |
| | | ૨૮ | | ૨૯ | | ૩૦ | | ૩૧ | |
| | ૩૨ | | | | | | | ૩૩ | |

**આડી ચાવી**

૧. ચઢિયાતાપણું, ચડસાચડસી (૪)
૩. પરિસ્થિતિ, વાયુનું આવરણ (૫)
૭. અમૂઝણ, કંટાળો (૫)
૮. વાત--- ને કરવી સારી નહીં (૩) (જો.છૂ)
૧૦. એક કઠોળ (૨)
૧૨. જ્યાં શબને અગ્નિદાહ દેવાય છે (૩)
૧૪. સહન કરે (૨)
૧૫. અતિશય, ખૂબ હોવું તે (૪)
૧૭. આજીજી, વિનંતી (૪)
૧૮. બરફનો વરસાદ(૨)
૧૯. રસિક, ભોગી (૪)
૨૧. કાપણી (૨)
૨૨. ઉન્મત, ચકચૂર (૨)
૨૩. મોતના દેવ (૨)
૨૪. રાખ, ભસ્મ (૨)
૨૫. ખબર, માહિતી (૨)
૨૮. મુકાબલા (૩)
૩૦. ઘરનો આગલો ખંડ (૪)
૩૨. ઉત્સાહથી (૬)
૩૩. પરંતુ, વળી, ઉપરાંત (૨)

**ઊભી ચાવી**

૧. સાધન સામગ્રી (૪)
૨. શીતળા--- શ્રાવણ માસમાં આવે (૩)
૩. વાણી (૨)
૪. --- ચાવી જોડે રાખવાં (૨)
૫. પાણીમાં થતી ભમરી, ગૂંચવણ (૩)
૬. ---નું વહાણ ઊંટ (૨)
૭. ભૂલી ના શકાય તેવું (૬)
૯. સહેલગાહે નીકળેલા (૪)
૧૧. અકળામણ, મૂંઝવણ (૫)
૧૩. ના પાડવી તે (૩)
૧૪. એક લાખ પચીસ હજાર (૪)
૧૬. મારી મમ્મીના પપ્પાના દીકરા (૨)
૨૦. જવું તે (૩)
૨૪. --- નાખવાથી વધુ પાક ઊગે (૩)
૨૫. મેદસ્વી (૨)
૨૬. કાદવમાં ખીલતું ફૂલ (૩)
૨૭. ડૂબી જવાય એવો કાદવકીચડ (૩)
૨૮. --- દામ, દંડ, ભેદથી કામ કઢાવી શકાય (૨)
૨૯. તોફાનો વખતે --- બંધી થાય (૨)
૩૦. ચડિયાતું (૨)
૩૧. પેટે ઘસડતું ઝેરી જાનવર (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગની દહીંવાલાની અમર રચના 'દિવસો જુદાઈના જાય છે' હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કયા ટોચના ગાયકના અવાજમાં સ્વરબદ્ધ થઈ હતી એ કહી શકશો?

અ) હેમંત કુમાર બ) કિશોર કુમાર
ક) મોહમ્મદ રફી ડ) મન્ના ડે

### જાણવા જેવું

વિરાર કા છોકરા તરીકે શરૂઆતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખ્યાતિ મેળવનારા ગોવિંદાએ અનેક ફિલ્મોમાં એની વિશિષ્ટ ડાન્સિંગ સ્ટાઈલ અને કોમેડીથી સિને રસિકોનું મનોરંજન કર્યું છે. ૨૦૦૦ની સાલમાં રિલીઝ થયેલી 'શિકારી' ફિલ્મમાં એક્ટરે પહેલી વાર નેગેટિવ રોલ કર્યો હતો જેની વિવેચકોએ ભરપેટ પ્રશંસા કરી હતી.

### સુડોકુ-૮૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૨ | | | ૯ | |
| | | | ૧ | | ૩ | | | |
| | ૮ | ૨ | ૪ | | ૬ | ૭ | ૧ | |
| | ૬ | ૯ | | | | ૧ | ૩ | |
| ૩ | | | | | | | | ૫ |
| | ૨ | ૫ | | | | ૬ | ૭ | |
| | ૩ | ૮ | ૯ | | ૭ | ૪ | ૨ | |
| | | | ૬ | | ૪ | | | |
| | ૪ | | | ૧ | | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૮૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૯ | ૩ | ૫ | ૮ | ૭ | ૪ | ૬ |
| ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૯ | ૭ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૪ | ૮ | ૭ | ૬ | ૨ | ૩ | ૫ | ૯ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૯ | ૩ | ૫ | ૮ | ૧ | ૨ | ૬ | ૭ |
| ૮ | ૨ | ૧ | ૬ | ૪ | ૭ | ૯ | ૩ | ૫ |
| ૬ | ૭ | ૫ | ૨ | ૯ | ૩ | ૧ | ૮ | ૪ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વિવાદાસ્પદ રાજકારણી પણ અફલાતૂન અભિનેત્રી કંગના રનૌટને ચાર નેશનલ એવોર્ડ મળ્યા છે. કઈ ફિલ્મ માટે તેને પહેલી વાર નેશનલ એવોર્ડ એનાયત થયો હતો?

અ) ગેમ બ) ગેંગસ્ટર ક) ફેશન ડ) સિમરન

### નોંધી રાખો

સંબંધોની સિલાઈ જો ભાવનાઓથી થઈ હશે તો એનું તૂટવું મુશ્કેલ છે પણ જો સ્વાર્થથી થઈ હશે તો એનું ટકવું મુશ્કેલ છે એ યાદ રાખજો.

### માઈન્ડ ગેમ

દિલીપ કુમારે તેમની કારકિર્દીમાં વિવિધ રોલ કર્યા છે. ૧૯૫૦ના દાયકાની કઈ ફિલ્મમાં દિલીપ કુમારે લતા મંગેશકર સાથે યુગલ ગીત ગાયું હતું?

અ) ઈન્સાનિયત બ) મધુમતી
ક) આઝાદ ડ) મુસાફિર

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| डो. विद्या | વૈજ્યંતિમાલા |
| गृहस्थी | રાજશ્રી |
| वो कौन थी | સાધના |
| यादगार | નૂતન |
| सावन की घटा | શર્મિલા ટાગોર |

ગુજરાત મોરી મોરી રે: કલાકાર

ઓળખાણ પડી?: નીલકમલ

માઈન્ડ ગેમ: આદમી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: પત્થર કે સનમ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ડો. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) નીતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નૂતન વિપીન (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) લજિતા ખોના (૧૯) શ્રદ્ધા આશર (૨૦) પુષ્પા પટેલ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ દોશી (૨૩) મીનળ કાપડિયા (૨૪) નિખિલ બંગાળી (૨૫) અમીશી બંગાળી (૨૬) પ્રવીણ વોરા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોતિ ખાંડવાલા (૨૯) શ્રદ્ધા આશર (૩૦) ભાવના કર્વે (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિણા સંપટ (૩૫) અંજુ ટોલિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) નિતિન બજરિયા (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જયવંત પદમશી ચિખલ (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) જગદીશ ઠક્કર (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) રમેશ દલાલ (૪૭) હિના દલાલ (૪૮) દિપીકા દોશી (૪૯) રશીક જુથાણી ટોરંટો

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) અંખિયો કે ઝરોખે સે ૨) અકેલે હમ અકેલે તુમ ૩) એક દુજે કે લિયે ૪) લગાન ૫) અમર અકબર એન્થની ૬ ) કલ હો ના હો ૭) હસિના માન જાયેગી

ક્વિઝ (બ) ૧) કુદરત ૨) બંટી ઔર બબલી ૩) અભિમાન ૪) ક્રિમિનલ ૫) નાજાયઝ ૬) ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની ૭ ) દિલ્લગી

ફિલ્મનામા
નરેશ શાહ

# સીતા રામમ: લવસ્ટોરીમાં પણ રહસ્યના આટાપાટા!

કાશ્મીરમાં ભારતીય સૈના માટેનો ધિક્કાર-ગુસ્સો જાણીતા છે, પણ તેના અંકુર કેવી રીતે ફૂટ્યાં, એ ખબર છે?

સાઈઠના દશકામાં આજની જેવા ઓળખ માટેના આઈકાર્ડ નહોતા ત્યારે બોર્ડર પારના જિહાદગુરુઓ ટીનએજ બચ્ચાંઓને ક્રમશઃ કાશ્મીરમાં ઘુસાડી દેતા હતા. નવલોહિયા યુવાનોની હાજરી શંકા જન્માવતી નહીં અને છ-આઠ મહિના પછી એ કાશ્મીરી હોવાનું રાશનકાર્ડ મેળવી લેતાં. એ વખતે આ બધું અતિ આસાન હતું. કોઈ નક્કર ડાટા નહોતો અને હોય તો સરળતાથી ઉપલબ્ધ નહોતો થતો. પાકિસ્તાનથી ઘૂસીને ઓફિશિયલ કાશ્મીરી બનીને રહેવા લાગેલા આ જિહાદી-યુવાનોની ઘૂસણખોરીની માહિતી પછી ફોટોગ્રાફ જેવા આધાર-પુરાવા સાથે ભારતીય સૈન્યને પહોંચાડવામાં આવતી. આ ગુપ્ત માહિતી પર ભારતીય સૈન્ય એક્શનમાં આવે ત્યારે ઘૂસણખોરી કરી ચૂકેલાં યુવાનો સૈન્યથી બચવા ભાગે અને એન્કાઉન્ટર યા ભાગ-પકડ દરમિયાન ભારતીય સૈન્યની ગોળીનો ભોગ બને એટલે મૂળ કાશ્મીરીઓને એવું જ લાગે કે સૈન્યએ અત્યાચાર કર્યો. માસૂમોને વીંધી નાખ્યા. ગુસ્સો આક્રોશમાં પલટે અને પછી નફરતમાં પરિવર્તિત થાય અને એ આજની પરિસ્થિતિનું દૃશ્ય-હાલાત સર્જી ગયા.

આ વાતનું પ્રત્યક્ષ દર્શન તમને તેલુગુ અને વિવિધ ભાષામાં બનેલી 'સીતા રામમ' ફિલ્મ જુઓ ત્યારે થાય, પણ આ તો શરૂઆત છે. એ પછી ફિલ્મ રહસ્ય-સસ્પેન્સના એક મજબૂત તાંતણાં સાથે આરંભાઈ છે.

લંડનમાં ભણતી પાકિસ્તાની યુવતી આફરિન (રશ્મિકા મંદાના) વિશિષ્ઠ સિચ્યુએશનમાં દશ લાખ લેવા માટે પાકિસ્તાન પોતાના આર્મી ઓફિસર-દાદા (સચિન ખેડેકર) પાસે આવે છે પણ દાદા હવે હયાત નથી અને આફરિનને એમની પ્રોપર્ટી તો જ મળી શકે તેમ છે, જો એ દાદાજીએ સાચવી રાખેલો એક સરનામાં વગરનો પત્ર સીતા મહાલક્ષ્મી નામની વ્યક્તિને પહોંચાડે...૧૯૬૪માં લખાયેલા એ પત્રને વીસ વર્ષ પછી, ૧૯૮૪માં નિશ્ચિત વ્યક્તિ સુધી પહોંચાડવાનું અટપટું કામ આફરિનની જવાબદારી બને છે, પણ...

બંધ પરબીડિયામાંનો એ પત્ર ભારતીય સૈન્યના લેફટનન્ટ રામે લખ્યો છે, પણ એ પાકિસ્તાની આર્મી ઓફિસર દાદા પાસે કેવી રીતે આવ્યો? આ સીતા મહાલક્ષ્મી કોણ છે? વીસ વરસ પછી એ ક્યાં છે અને વીસ વરસ સુધી આ પત્ર કેમ એના સુધી પહોંચાડવામાં આવ્યો નથી? એ લખનાર લેફટનન્ટ રામ કોણ છે? ભારતીય સૈન્યમાં હોવા છતાં એ ભારતમાં જ રહેતી સીતાને પત્ર કેમ પહોંચાડી શક્યો નથી અને...




ભારત આવીને આફરિન વીસ વરસ જૂના આ પત્ર અને એની પાછળની સચ્ચાઈ પર બાઝેલી ધૂળ ખંખેરે છે ત્યારે એવી વાતો ઉઘડતી જાય છે કે લવસ્ટોરીઓ જોવાનો તમારો અણગમો જ ઓગળી જાય છે.

'સીતા રામમ' એટલી મજેદાર (અમુક અંશે જિજ્ઞાસા વધારતી થ્રિલર જેવી) લવસ્ટોરી છે.

તમે એ જોવાનું શરૂ કરો છો ત્યારે ડગલે ને પગલે થતી ઈંતેજારી તમને અઢી કલાક લાંબી ફિલ્મના અંત સુધી ખેંચી જાય છે. તમે તૃપ્ત થઈને ફિલ્મ પૂરી કરો છો ત્યાં સુધીમાં તમારા દિમાગમાં 'દિલ સે' અને 'વીરઝારા'ની આછી પાતળી યાદ ઊપસી આવે છે પણ યકિન માનીએ, 'સીતા રામમ' આ બંને સુપર હિટ ફિલ્મો કરતાં જરાય ઊતરતી નથી અને તદ્દન વેગળી પણ છે.

એમ પણ કહેવાય છે કે 'સીતા રામમ' સત્ય ઘટના પર આધારિત છે પણ એ સત્ય ઘટના વિશે અહીં લખીશું નહીં, કારણ કે, તેનાથી રસક્ષતિ થઈ શકે છે. થિયેટરમાં રિલીઝ થયા પછી તેણે ખાસ્સો એવો બિઝનેસ કર્યો હતો અને પ્રશંસા પણ મેળવી હતી.


હવે આ મૂળ તેલુગુ ફિલ્મ ડિઝની-હોટસ્ટાર પ્લેટફોર્મ પર હિન્દી સહિતની અનેક ભાષામાં ઉપલબ્ધ છે. હનુ રાઘવાપુડી દિગ્દર્શિત 'સીતા રામમ'ના લેખનમાં અન્ય ચાર લેખકો પણ સંકળાયા છે, પરંતુ એમણે ભેદભરમના વરખ ચડાવેલી, સરસ મજાની મ્યુઝિકલ લવસ્ટોરી પડદા પર જીવંત કરી છે.

ભારતીય સૈન્યના લેફટનન્ટ રામ તરીકે દુલકર સલમાનની ક્યૂટનેસ અને સીતા મહાલક્ષ્મી તરીકે મૃણાલ ઠાકુરનું રહસ્યમય કિરદાર સરસ રીતે ઉપસ્યું છે. 'સીતા રામમ'ની સફળતા પાછળ નક્કર વાર્તા, સ્ક્રીપ્ટ તો છે જ, પરંતુ એ ભારતભરમાં વખણાઈ અને જોવાઈ એ માટે તેની સ્ટારકાસ્ટ પર એક નજર નાખવા જેવી છે. સચિન ખેડેકર, મૃણાલ ઠાકુર (મરાઠી), ટીનુ આનંદ, ભૂમિકા ચાવલા, નિરજ કાબી (હિન્દી બેલ્ટ), પ્રકાશ રાજુ, રશ્મિકા મંદાના, દુલકર સલમાન (તામિલ-તેલુગુ) અને જીશુ સેનગુપ્તા (બંગાળી)...

આ સ્ટારકાસ્ટ એ તરફ ઈશારો કરે છે કે, ભારત વર્ષમાં વ્યૂઅરશિપ જોઈતી હોય તો વિવિધ પ્રાંત-ભાષાના કલાકારોનું કોકટેલ કરવું અસરકારક છે. 'સીતા રામમ' ફિલ્મમાં એ પુરવાર થાય છે.

'સીતા રામમ' ફિલ્મ એ પણ મેસેજ આપે છે કે મામુટી પુત્ર દુલકર સલમાનની સ્ક્રીપ્ટ સેન્સ કાબિલ-એ-તારિફ છે. તમે દુલકર સલમાનની ફિલ્મોગ્રાફી જોઈને આ વાતની ખાતરી કરી શકો છો. ■

# ભારતથી મૉસ્કો સુધીની 'જોકર'ની સફર




અભિનેતા-ફિલ્મ નિર્માતા રાજ કપૂરની 'મેરા નામ જોકર'ને રશિયામાં અવિશ્વસનીય સફળતા મળ્યાના પાંચ દાયકા બાદ ભારતીય હવે ડિરેક્ટર સૌરીશ ડેએ પોતાની ફિલ્મમાં જોકર તરીકે કોલકતાના બાગાંબર બેરાને દર્શાવ્યો છે. ફિલ્મમાં બેરા અભિનેતા નહીં, પણ ખરેખર જોકર જ છે એવું કહેવું યોગ્ય રહેશે. આ ફિલ્મની પસંદગી ૪૭મા મોસ્કો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માટે કરવામાં આવી છે.

ઇઓન ફિલ્મ્સના મોહન દાસ અને શોટકટ્સ ફિલ્મના સૌરીશ ડે દ્વારા પ્રોડ્યુસ આ ફિલ્મમાં એક નવી ટેક્નિકનો ઉપયોગ થયો છે. ફિલ્મ બનાવતી વખતે ૮૪,૦૪૬ ફોટોગ્રાફમાંથી ૬૦,૦૦૦ ફોટોના ઉપયોગ સ્ટોપ-મોશન નરેટિવ માટે કરવામાં આવ્યો હતો.

સૌરીશ ડે એક ડોક્યુમેન્ટરી બનાવવા માટે અચાનક બેરાને મળ્યા ત્યારે જ આ ફિલ્મના બીજ રોપાયા હતા.

'તેણે પોતાની વ્યક્તિગત વાતો કહેવાનું શરૂ કર્યું. તેનો સંઘર્ષ, તેની કળા, કલાકાર તરીકે તેની ઓળખ બધું તે કહેવા લાગ્યો. મને ત્યારે જ ખબર પડી ગઇ કે આ ડોક્યુમેન્ટરી કરતા કંઇક વધુ છે', એમ સૌરીશે ફિલ્મ બનાવવા અંગેની માહિતી આપવાની શરૂઆત કરી.

મોહન દાસ જણાવે છે કે સૌરીશે તેની અગાઉની ફિલ્મ 'ફુરુટ' વખતે જ 'જોકર'ના કોન્સેપ્ટની વાત કરી હતી. સ્ટોપ-મોશનનો ઉપયોગ કરવાનો તેનો નિર્ણય કલાત્મક અને પ્રતિકાત્મક જ નહીં, પરંતુ સર્જનાત્મક અને અર્થપૂર્ણ પણ રહ્યો હતો.

બેરાએ અગાઉ બુદ્ધાદેબ દાસગુપ્તાની 'ઉત્તરા', કૌશિક ગાંગુલીની 'છોટોદર છોબી' અને શ્રીજિત મુખરજીની 'દોશોમ અવબોતાર' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ 'જોકર' અલગ છે.

બાવીસમી એપ્રિલે 'કારો 11 ઓક્તીઅબ્ર' મોસ્કો પ્રીમિયર યોજાશે જેમાં સૌરીશ, મોહન દાસ અને તેમની ટીમ હાજરી આપશે, પરંતુ બેરા પાસે પાસપોર્ટ ન હોવાને કારણે તે ત્યાં જઇ શકશે નહીં. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

### આ અંગ્રેજી શબ્દો જે ગીતોમાં આવે છે એ ફિલ્મો કઈ?

1) will you forget me then, how i can..

2) why did you break my heart..

3) I don't know what you say..

4) my heart it speaks a thousand words..

5) my name is antony gonsalvis

6) it's the time to disco..

7) what is mobile number what is your

## ક્વિઝ (બ)

### આ હીરો અને હીરોઈન એક જ વ્યવસાયમાં હોય એવી ફિલ્મનાં નામ જાણો છો?

૧) રાજેશ ખન્ના - પ્રિયા રાજવંશ : વકીલ

૨) અભિષેક બચ્ચન - રાની મુખર્જી : ઠગ

૩) અમિતાભ બચ્ચન-જયા ભાદુરી : પાર્શ્વ ગાયક

૪) નાગાર્જુન - મનીષા કોઈરાલા : ડોક્ટર

૫) અજય દેવગન - જુહી ચાવલા : પોલીસ

૬) શાહરુખ ખાન - જુહી ચાવલા - ટીવી રિપોર્ટર

૭) ધર્મેન્દ્ર - હેમા માલિની : શિક્ષક


જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# આર. માધવન: ચોકલેટી હીરો બન્યો ખલનાયક

## મેડી ઇઝ રેડી ફોર ન્યુ અવતાર

આજે 'કેસરીઃ ચેપ્ટર ૨' રિલીઝ થઈ રહી છે. નાયક એટલે કે હીરો વકીલ શંકરન નાયરના પાત્રમાં અક્ષય કુમાર છે, જ્યારે સામે આર. માધવન ભજવી રહ્યો છે વકીલ નેવિલ મેકીનલીનું નેગેટિવ પાત્ર. એક સમય હતો જ્યારે આર. માધવન એટલે રોમેન્ટિક પાત્રો, ભોળી સ્માઈલ અને સીધો દિલમાં ઊતરી જતો માધવન ઊર્ફે મેડી! ખાસ કરીને જ્યારે એણે 'રહના હૈ તેરે દિલ મેં' (૨૦૦૧)માં કામ કર્યું પછી અનેક ત્યારે દરેક યુવતી એની પછળ મેડ પાગલ હતી. છોકરીઓના મગજમાં મેડી જેવો પ્રેમી અને હીરો વસવા લાગ્યો હતો. એવી એની છબી ઉપસી હતી કે લોકો માધવનને એવરગ્રીન રોમેન્ટિક હીરો ગણતા, પણ આજનો માધવન એકદમ બદલાઈ ગયો છે. હવે એ સ્ક્રીન પર જોવા મળે છે તો એને જોઈને પ્રેમ નહીં, પણ થોડી બેચેની થાય છે. હવે એ પાત્રો એવાં ભજવી રહ્યો છે કે જ્યાં એની આંખો પ્રેમ નહીં , પણ શંકા જગાવે છે. એની હજી તાજી ફિલ્મ 'શૈતાન' (૨૦૨૪)માં તો એ નાનકડી સ્માઈલ પાછળ આખી ભયંકર ચાલ છુપાયેલી દેખાતી હતી. આમ છતાં, મજાની વાત એ છે કે દર્શકોએ એને વિલન તરીકે પણ એમ કહીને સ્વીકારી લીધો છે કે 'આ આપણો મેડી તો હવે ખલનાયક બની ગયો યાર!!'



જોકે 'શૈતાન' કંઈ માધવનનો વિલન તરીકેના રોલનો પ્રથમ કિસ્સો નહોતો. માધવનની વિલન તરીકેની સફર એ પહેલાં જ શરૂ થઈ ચૂકી હતી. માધવનનાં ઘણાં પાત્રો જોતા એ નોંધવું પડે કે તે ક્યારેક હીરો લાગે, તો ક્યારેક ગ્રે ઝોનમાં હોય. 'એમેઝોન પ્રાઈમ વીડિયો' પર આવેલી એની વેબ સિરીઝ 'બ્રીધ' (૨૦૧૮)નું એનું એક પિતા તરીકેનું પાત્ર પણ બ્લેક એન્ડ વ્હાઇટની વચ્ચેના આ ગ્રે ઝોનમાં જ અટવાયેલું નજર આવતું હતું. ૨૦૨૦માં આવેલી 'નિશબ્ધમ' પણ માધવનના ગ્રે કેરેક્ટરનું જ ઉદાહરણ છે. જોકે 'નિશબ્ધમ'માં એનું પાત્ર વધુ ડાર્ક જતું હોય તેમ લાગે છે. અને એ સાથે જ દર્શકોને પણ એમ લાગ્યું છે કે માધવન હવે પોતાને નવા અવતારમાં ઢાળી રહ્યો છે. અને પછી આવી 'વિક્રમ વેદા' (૨૦૧૭) અને 'ધોખાઃ રાઉન્ડ ડી કોર્નર' (૨૦૨૨) જેવી ફિલ્મ્સ કે જ્યાં એના પાત્રો હીરો કે વિલન છે એની વચ્ચે સ્પષ્ટ રેખા જ નહોતી.



ખાસ તો 'વિક્રમ વેદા' ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ. પોલીસ ઓફિસર વિક્રમ તરીકે માધવનનું પાત્ર નિયમોનું પાલન કરનાર આદર્શ નહોતું, પણ અંદરથી કોન્ફલીકટ્સ-આંતરિક તકરાર સાથે જીવતું હતું. અને એમાંની નકારાત્મકતા માધવનની એક્ટિંગમાં પણ દેખાઈ છે.

જોકે, સાચો શોક તો ત્યારે લાગ્યો જ્યારે માધવને 'શૈતાન'માં એક એવો વિલન ભજવ્યો જે બ્લેક મેજીક દ્વારા એક પરિવારની જિંદગી હચમચાવી નાખે છે. અહીં મામલો માત્ર પાત્રોને ડરાવવાનો ન હતો, પણ દર્શકોમાં સાયકોલોજીકલ ડર ઊભો કરવાનો હતો. અને એ માધવને વિના બૂમાબૂમ કે ઓવર ધ ટોપ એક્ટિંગ વગર કરી બતાવ્યું છે. વિલન તરીકે એની આંખોની શાંતિ પણ ડરાવનારી લાગી છે, છતાં દર્શકોને પણ રોમેન્ટિક હીરો માધવનને વિલન તરીકે જોવાની મજા આવી છે.

હવે માધવન ફિલ્મ 'કેસરીઃ ચેપ્ટર ૨'માં પણ વિલન તરીકે પાછો આવ્યો છે. આ ફિલ્મમાં એનું નેવિલ મેકીનલીનું પાત્ર એટલે કે એક એવો અંગ્રેજ અધિકારી, જે જલિયાંવાલા બાગના કેસમાં શંકરન નાયરની સામે કોર્ટરૂમમાં ટક્કર આપે છે. ગબ્બર કે મોગેમ્બો જેવા ગઈ સદીના આઇકોનિક વિલન જેવો આ શારીરિક રીતે લડનાર વિલન નથી, પણ આજકાલની ફિલ્મ્સના સમયમાં માનસિક ખેલ રમી જાણનાર પાત્ર હોય તેવું ઇતિહાસ અને ટ્રેલર પરથી જણાઈ આવે છે. 'શૈતાન'માં પણ માધવનના પાત્રનો ડર એના કદકાઠીને લઈને નહીં, પણ એના કાવાદાવાને લઈને જ હતો.

અલબત્ત, માધવનને આવાં પાત્રોમાં જોઈને એવું લાગતું નથી કે માધવન હવે વિલનના સ્ટીરીયોટાઇપમાં ફસાઈ ગયો છે. માધવન એવા પાત્રો ભજવી રહ્યો છે કે જેમાં કોઈ મેકઅપ કે કોસ્ચ્યુમ પરથી તે ખલનાયક લાગે એવું નથી, પણ એની આંખોમાં છુપાયેલી કાળી બાજુ સામેના પાત્ર અને દર્શકોને વિચલિત કરે છે. એ પરથી એવું લાગે છે કે માધવન પોતે પણ આ પ્રકારના પાત્રોને અભિનેતા તરીકે માણી રહ્યો છે.

આ બદલાવ માત્ર માધવન માટે નહીં, પણ આખા ભારતીય સિનેમાના નેરેટિવ માટે મહત્ત્વપૂર્ણ છે. આજકાલ વિલન્સ માત્ર હાહાહા હસતાં અને જોરથી બોલતાં લોકો નથી. હવે એ બધા ઓફિસમાં સૂટ પહેરે છે, કોન્ફરન્સ રૂમમાં પ્લાન કરે છે અને એ ધીમા ઝેર જેવા હોય છે. માધવન એ જ ચાલી રહેલા ટેમ્પ્લેટમાં પોતાની અદાકારીનું મેળવણ ઉમેરી રહ્યો છે. નવાઝુદ્દીન સિદ્દીકી, મનોજ બાજપેયી અને જયદીપ અહલાવત જેવાઓની એ શ્રેણીમાં હવે માધવન પણ પ્રવેશી ચૂક્યો છે. અને કદાચ જે ચીજ બધામાં સૌથી વધારે જિજ્ઞાસા જગાવી રહી છે એ છે કે દાયકાઓ સુધી માધવન એક પ્રેમાળ મેડી હતો અને હવે એ જ વ્યક્તિ એકદમ સામેના છેડાના પાત્રો ભજવી રહ્યો છે ત્યારે એને તેમાં જોવાનો અનુભવ કેવો હોઈ શકે! ભવિષ્યમાં માધવન અભિનયના કેવા અલગ રંગ દેખાડે છે એ તો સમય જ બતાવશે! ■

### લાસ્ટ શૉટ

*'જ્યારે 'શૈતાન'ના પાત્ર માટે મારો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે મને પણ નવાઈ લાગી હતી. મને ક્યારેય એવું લાગ્યું નહોતું કે આ પ્રકારના વિલન તરીકે મને કોઈ કાસ્ટ કરશે.'*

*- આર. માધવન*

ફોકસ પ્લસ
રાજેશ યાજ્ઞિક

# બોલિવૂડના ફેશન સ્ટાઈલિશ અભિનેતા

પુરુષોની મોટાભાગની ફેશન (આમ જોવા જઈએ તો મહિલાઓની પણ) આપણે ત્યાં બોલિવૂડ સાથે જોડાયેલી હોય છે. જ્યારે પહેલીવાર રણવીર સિંહ સ્કર્ટ પહેરીને જાહેરમાં આવ્યો ત્યારે પુરુષોની પરંપરાગત છાપ જોવા ટેવાયેલા ભારતીયો રીતસરના ડઘાઈ ગયા હતા. પુરુષો માટે આમ તો ફેશનના નામે બહુ વિકલ્પો નથી હોતા. તેમ છતાં બોલીવૂડના અનેક હીરો દેશના પુરુષો માટે ફેશન આઇકોન સાબિત થયા છે. એટલી હદે કે કોઈપણ વ્યક્તિએ ફેશનની નકલ કરી હોય તો તરત ઓળખાણ પડી જાય કે કયા હીરોની ફેશન છે! દિલવાલે દુલ્હનિયા લે જાયેંગેમાં પહેરેલા શાહરુખ ખાનના આઇકોનિક સફેદ કુર્તા વિશે વિચારો કે જિંદગી ના મિલેગી દોબારામાં ઋતિક રોશનના સુઘડ છતાં આરામદાયક પોશાક વિશે. બોલિવૂડના પોશાક તમારા કબાટમાં વિચારો છો તેના કરતાં વધુ ઝડપથી પ્રવેશ કરે છે. દરેક ટ્રેલર, મ્યુઝિક વીડિયો અને પાપારાઝી ફેશન માટે રનવે તરીકે કામ કરે છે. અને જ્યારે રણવીર સિંહ જેવા સ્ટાર્સ બોર્ડર-પુશિંગ સ્ટાઇલ પસંદ કરે છે, ત્યારે તે સામાન્ય પુરુષોને તેમના કપડા સાથે પ્રયોગ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. માત્ર કપડાં જ નહીં, વાળની સ્ટાઇલ હોય, કે પેન્ટના બેલ્ટ, કે પછી જૂતા, લોકો પોતાના પ્રિય કલાકારની સ્ટાઇલ તરત અપનાવી લે છે.

**અમિતાભ બચ્ચનનો રેટ્રો લૂક**

૧૯૭૦ના દાયકામાં અમિતાભ બચ્ચનનું વિશાળ વ્યક્તિત્વ તેમની ફેશન પસંદગીઓમાં પ્રતિબિંબિત થયું હતું. તેમણે રંગબેરંગી, મોટા કદના શર્ટ, પહોળા કોલર અને ફ્લેર ટ્રાઉઝર પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જેનાથી તેઓ લોકો માટે સ્ટાઇલ આઇકોન બન્યા.

ફિલ્મોમાં કાન ઢંકાય તેવા વાળ ઓળવાની અમિતાભની રીત યાદ છે? આજે પચાસ કે સાઠની ઉંમર વટાવી ચૂકેલા લોકોના જૂના આલ્બમ ફંફોસો તો એમાં આવી હેરસ્ટાઇલ વાળા ફોટા ચોક્કસ મળી આવશે.

**ઋષિ કપૂરઃ** ઋષિ કપૂરની ફેશન પસંદગીઓમાં એક બેદરકાર અને કેઝ્યુઅલ વાતાવરણ હતું. તેમણે પેટર્નવાળા શર્ટ, ડેનિમ જેકેટ અને ફ્લેર જીન્સ પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જે તે યુગના યુવા અને જીવંત ભાવનાને મૂર્તિમંત બનાવે છે.

**અનિલ કપૂરઃ** ૧૯૮૦ ના દાયકામાં અનિલ કપૂરની ફેશન સેન્સ તેમના કઠોર છતાં સ્ટાઇલિશ દેખાવ દ્વારા જાણીતી હતી. અનિલ કપૂરે ચામડાના જેકેટ, બંદાના અને ફાટેલા જીન્સ પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જેનાથી તેમના ઓન-સ્ક્રીન વ્યક્તિત્વમાં બળવાખોરીનો સ્પર્શ ઉમેરાયો.

**શાહરુખ ખાનનો આરામદાયક ચાર્મ**

૯૦ના દાયકામાં, જ્યારે શાહરુખ ખાને બોલિવૂડ થીમ આઉટફિટ્સનો ટ્રેન્ડ શરૂ કર્યો હતો. તેના બટન વગરના શર્ટ, ડેનિમ-ઓન-ડેનિમ એસેમ્બલ્સ અને કેઝ્યુઅલ ગૂંથેલા સ્વેટરને કારણે ભારતના દરેક યુવાનને એવું લાગતું હતું કે તેઓ પણ 'દિલ તો પાગલ હૈ' ના 'રાહુલ' બની શકે છે. તેણે પરંપરાગત ભારતીય પોશાક ઉપર લાંબા કોટ પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, અને તેમના દેખાવમાં સોફિસ્ટિકેશનનો સ્પર્શ ઉમેર્યો.

**રણવીર સિંહઃ** આઉટલેન્ડિશ કેઝ્યુઅલ્સનો રાજા રણવીર સિંહ કરતાં ગાંડપણ અને સ્ટાઇલને વધુ સારી રીતે કોઈ મિક્સ કરી શકતું નથી. તેના કપડાની પસંદગીઓ - મોટા પ્રિન્ટથી લઈને વિચિત્ર એક્સેસરીઝ સુધી - ભારતીય પુરુષોને તેમના કેઝ્યુઅલ વસ્ત્રોમાં રંગ, પેટર્ન અને વ્યક્તિત્વ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

**રણબીર કપૂરઃ** સ્માર્ટ કેઝ્યુઅલ્સ માટેનો પોસ્ટર બોય ફોર્મલ ડ્રેસમાં રણબીર કપૂર ભલે ક્લાસ પ્રતિબિંબિત કરતો હોય, પરંતુ જ્યારે કેઝ્યુઅલની વાત આવે છે, ત્યારે તે કૂલનો માસ્ટર છે. મોનોક્રોમેટિક ટી-શર્ટ, સ્લિમ-ફિટ જીન્સ અને હળવા વજનના જેકેટ્સ પ્રત્યેના રણબીરના પ્રેમે તેને મિનિમલિસ્ટ છતાં પ્રભાવશાળી ડ્રેસિંગ માટે ગો-ટુ આઇકોન બનાવ્યો છે. ■

હેન્રી શાસ્ત્રી




# એક ગીતમાં છ ભાષા!

## હિન્દી ફિલ્મ ગીત - સંગીત વિના અધૂરી ગણાય છે અને હા, આ ગીત - સંગીતનો ઈતિહાસ મજેદાર, દિલચસ્પ અને મમળાવવા જેવો છે




'કિસ લિયે દિલ કી બાત'નું દૃશ્ય અને વી. શાંતારામ

**વી. શાંતારામ...**

એક પ્રયોગશીલ અને એમના સમય કરતાં આગળ ફિલ્મમેકર તરીકે એમની ખ્યાતિ છે. એમના ચિત્રપટમાં વિશિષ્ટ વાર્તા તત્ત્વ સાથે ગીત - સંગીતમાં પણ વેગળો દ્રષ્ટિકોણ હંમેશાં જોવા મળ્યો છે. 'નવરંગ' હોય કે 'દો આંખે બારહ હાથ હોય' કે પછી 'ઝનક ઝનક પાયલ બાજે' અને 'સેહરા' જેવી ફિલ્મમાં પણ એવાં ગીત છે જે આજે પણ સિને રસિકોને ગણગણવા ગમતા હશે. મન્ના ડેનું 'તૂ છુપી હૈ કહાં મૈં તડપતા યહાં', લતા મંગેશકરનું 'અય માલિક તેરે બંદે હમ', લતાદીદીનું જ 'મેરે અય દિલ બતા' અને 'પંખ હોતી તો ઉડ આતી રે'... આ યાદી હજી ઘણી લાંબી છે.

આજે શાંતારામની બહુ ગાજેલી એક ફિલ્મના એવા ગીતથી વાકેફ થઈશું, જે વિશિષ્ટ હોવા છતાં ફિલ્મની વાર્તાના પ્રભાવમાં વિસરાઈ ગયું.

૧૯૨૦ના દાયકામાં જર્મનીમાં 'ચેમ્બર ડ્રામા' નામની ફિલ્મ મેકિંગની શૈલી લોકપ્રિય થવા લાગી હતી. નાના થિયેટરોમાં ભજવાતાં નાટકો 'ચેમ્બર પ્લેઝ' કહેવાતા હતા. આ શૈલીને અનુસરી બનતી ફિલ્મોમાં આલીશાન સેટ કે એવા બીજા કોઈ ભપકાને પ્રાધાન્ય આપવાને બદલે સૂક્ષ્મ અભિનય અને પાત્રને ઘડવાને પ્રાધાન્ય આપવામાં આવતું હતું.

હેન્રી ફોન્ડાની '૧૨ એન્ગ્રી મેન' (બાસુ ચેટરજીની 'એક રૂકા હુઆ ફૈસલા' એની રિ-મેક હતી) ફિલ્મ ચેમ્બર ડ્રામાનું જગવિખ્યાત ઉદાહરણ છે. શાંતારામ આ શૈલીથી પ્રભાવિત થયા હતા અને એમની 'આદમી' (૧૯૩૯) ફિલ્મમાં આ શૈલીની અસર દેખાય છે. હિન્દી પછી મરાઠીમાં પણ બનેલી આ ફિલ્મનું ટાઈટલ 'માણુસ' હતું.

'આદમી' ફિલ્મની વાર્તાના કેંદ્રબિંદુમાં સમાજ અને એ સમયની સમસ્યા છે. ગણિકાના અડ્ડા પર પોલીસ છાપો મારે છે ત્યારે હવાલદાર ગણપત (શાહુ મોડક) ગણિકા મૈના (શાંતા હુબળીકર)ને હોશિયારી વાપરી પોલીસ પકડમાંથી બચાવી લે છે. બંને પ્રેમમાં પડે છે અને મૈના સન્માનપૂર્વકનું જીવન જીવી શકે એ માટે ગણપત એની સાથે લગ્ન કરે છે. જોકે, સમાજને આ લગ્ન બંધન સ્વીકાર્ય નથી અને ગણપત - મૈનાના જીવન સંઘર્ષ સાથે ફિલ્મ એના અંત સુધી પહોંચે છે. સામાજિક સુધારણાનો સંદેશ આપતી આ ફિલ્મને સારી સફળતા મળી હતી અને એવી નોંધ છે કે વિશ્વવિખ્યાત એક્ટર ચાર્લી ચેપ્લિને પણ એની પ્રશંસા કરી હતી.

એ ફિલ્મની કેટલીક ખાસિયતો હતી. ફિલ્મના એક રોમેન્ટિક ગીતને બાદ કરતા સમગ્ર ફિલ્મ સેટ પર શૂટ કરવામાં આવી હતી. સેટમાં પણ કોઈ ઝાકઝમાળ નહીં. ગલીના નાકે, નાનકડા ઘરમાં અથવા કોઈ આંગણામાં જ મોટાભાગના ચિત્રપટનું ફિલ્માંકન કરવામાં આવ્યું છે. ચેમ્બર ડ્રામાની વ્યાખ્યાનો પ્રામાણિકપણે અમલ કરવામાં આવ્યો છે. જોકે, પતિ ગણપતની પાછળ પાછળ મૈના ઘરની બહાર નીકળે છે અને બંને અજાણતા જ કોઈ ફિલ્મનું શૂટિંગ ચાલતું હોય છે એના આઉટડોર લોકેશન પર પહોંચી જાય છે. હીરો - હીરોઈનના નબળા પરફોર્મન્સથી કંટાળી ગયેલા ફિલ્મના ડિરેક્ટરને ગણપત - મૈના ગીત ગાતા હોય છે એમાં રસ પડે છે અને એટલા પ્રભાવિત થાય છે કે એમને ફિલ્મોમાં કામ કરવાની ઓફર કરે છે, પણ બંને જણ ના પાડી ત્યાંથી રીતસરના ભાગીને જતા રહે છે. આ એક જ ગીત લોકેશન પર ફિલ્માવાયું છે. લોકેશન પણ અત્યંત સામાન્ય કક્ષાનું લાગે છે. હકીકતમાં ગણપત - મૈનાનું યુગલ ગીત 'હમ પ્રેમનગર મેં જાયેં' હકીકતમાં બોમ્બે ટોકીઝની ફિલ્મ 'અછૂત કન્યા' (૧૯૩૬)માં અશોક કુમાર - દેવિકા રાણી વૃક્ષ નીચે બેસી જે સ્ટાઈલથી ગીત ગાય છે એની મજાક ઉડાવવાનો પ્રયાસ છે. શાંતારામની ફિલ્મો બોમ્બે ટોકીઝની ફિલ્મો કરતાં સાવ નોખી કેમ તરી આવતી હતી એ આ ઉદાહરણથી સમજાવવાનો પ્રયાસ છે.

'આદમી'માં શાહુ મોડક અને શાંતા હુબળીકર લાઉડ એક્ટિંગ નહીં, પણ સંયમિત અભિનય કરે છે અને આ પ્રકારના અભિનયને વી. શાંતારામની ફિલ્મોમાં કાયમ પ્રાધાન્ય મળ્યું છે. શાંતા હુબળીકરે એક્ટિંગ કરવા ઉપરાંત ગીતો પણ ગાયા છે. એ દોરમાં એક્ટર - સિંગરનું ખાસ્સું ચલણ હતું.

આ ફિલ્મમાં ૧૦ ગીત છે. જોકે, એ સમયમાં ડઝન ગીત હોવા સામાન્ય બાબત ગણાતી હતી. ફિલ્મના ગીતકાર હતા મુનશી અઝીઝ. શાંતારામ સાથે 'આદમી' ઉપરાંત 'દુનિયા ના માને' અને 'કુંકુ'માં કામ કરનાર ગીતકારે માત્ર છૂટીછવાઇ ફિલ્મો કરી હતી. સંગીતકાર હતા માસ્તર કૃષ્ણરાવ. હિન્દી ફિલ્મના સંગીત રસિયાઓ માટે આ નામ અજાણ્યું હશે, પણ મરાઠી સંગીતમાં એમનું દમદાર યોગદાન રહ્યું છે. બાળ ગંધર્વ એમના સંગીતથી પ્રભાવિત થયા હતા અને એમની સાથે કામ કર્યું હતું. શાંતારામની ફિલ્મોમાં સંગીત આપનારા કૃષ્ણરાવના સ્વરાંકનની ખાસિયત એ હતી કે એમની દરેક ફિલ્મમાં એકાદ અલાયદી ધૂન સાંભળવા જરૂર મળતી હતી. 'આદમી'નું 'તરાર નાવ નાવ' એનું ક્લાસિક ઉદાહરણ છે. ૮૫ વર્ષ પહેલા કરવામાં આવેલો પ્રયોગ અચંબો પમાડે છે. ફિલ્મનું 'કિસ લિયે કલ કી બાત, કટી હંસીખુશી મેં રાત' તો કમાલનું ગીત છે. મુખ્યત્વે હિન્દીમાં લખાયેલા આ ગીતમાં એક એક કડી અનુક્રમે ઉર્દૂ, ગુજરાતી, પંજાબી, બંગાળી અને તમિળ ભાષામાં આવે છે. ગીતની સિચ્યુએશનમાં દરેક ભાષાનો ચાહક ગ્રાહક આનંદ લેવા આવ્યો હોવાથી દરેકનું મનોરંજન કરવાના આશય સાથે હિન્દી ઉપરાંત પાંચ એમ કુલ છ ભાષામાં ગીત રજૂ થયું છે. આની કોઈ નોંધ ઉપલબ્ધ નથી, પણ આ અનોખા ગીતે એ સમયે ધૂમ મચાવી હશે એવું અનુમાન જરૂર કરી શકાય. ગુજરાતી પંક્તિઓ વખતે ડિરેક્ટરે હીરોઈનને સાફો પણ પહેરાવ્યો છે. 'આદમી' ફિલ્મ યુ યુટ્યૂબ પર ઉપલબ્ધ છે. આખી ફિલ્મ આજના સમયમાં જોવી સહ્ય ન લાગે, પણ છ ભાષાનો સમાવેશ કરતું અલાયદું ગીત જરૂર સાંભળજો, મજા પડશે.

અહીં ખાસ નોંધવા જેવી વાત એ છે કે હિન્દી સિવાયના ગીતની પંક્તિઓ જે તે ભાષાના ગીતકાર પાસે લખાવરાવી હતી. ફિલ્મ મેકિંગમાં ચોકસાઈ અને ચીવટનું પાલન શાંતારામજીના ગુણ હતા. ■




મહેશ નાણાવટી

# તુંડે તુંડે 'વિગ' ભિન્નાઃ

આજે તો સૌ જાણે છે કે બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચનજી માથે વિગ પહેરે છે. આ ભેદ મીડિયા સમક્ષ ત્યારે ખુલ્યો હતો જ્યારે બચ્ચન સાહેબ ગંભીર રીતે બીમાર થઈને લીલાવતી હોસ્પિટલમાં ભરતી થયા હતા. તે વખતે શિયાળો ન હોવા છતાં આ વીઆઈપી પેશન્ટે માથે ઊનની ટોપી પહેરી હતી!

જોકે ઈન્ડસ્ટ્રીના અંદરના લોકોને તો ખબર જ હતી. એ ઉપરાંત ફિલ્મોને ઝીણવટથી જોનારા પ્રેક્ષકોને પણ લાગ્યા કરતું હતું કે બચ્ચન સાહેબે આખેઆખું માથું ઢકાય તેવી નહીં પરંતુ કપાળ પાસેનો ભાગ ઉજ્જડ ના લાગે તેવી નાની Toopie પહેરવાનું શરૂ કર્યું હતું.

એની સામે દક્ષિણના મહાનાયક રજનીકાંત છે, જેમણે ફિલ્મોમાં બેધડક વિગ પહેરી છે, પરંતુ જ્યારથી એમના માથાની ખેતી ઉજ્જડ થવા લાગેલી ત્યારથી ફિલ્મો સિવાય એ જાહેરમાં જ્યાં દેખાય ત્યારે વિગ વિના જ બિન્ધાસ્ત પ્રગટ થતા હતા એમને જરાય સંકોચ નડતો નથી !


ભરજુવાનીમાં માથે 'રણપ્રદેશ' ફેલાવા લાગે એ વાત કોઈપણ યુવાનને હચમચાવી શકે. પરંતુ આજે અતિશય પ્રખ્યાત બની ચુકેલા અનુપમ ખેરનું નસીબ કહો કે કમનસીબ, એમના વાળ ભરજુવાનીમાં જ ખરવા લાગ્યા હતા. જરા કલ્પના કરો, 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા'માં હજી જે યુવાન અભિનયની તાલીમ લઈને બોલિવૂડમાં બ્રેક લેવાનાં સપનાં સેવી રહ્યો છે, એ ઓલરેડી 'ઘરડો' દેખાવા લાગે તો એની દશા કેવી થાય?

જોકે, અનુપમ ખેરે કારકિર્દીની શરૂઆતમાં ધરાર વિગ ન જ પહેરી. અનોખી વાત તો એ પણ છે કે એમને ખ્યાતિ અપાવનારો પહેલો રોલ એક વૃદ્ધનો હતો! ફિલ્મ હતી 'સારાંશ.'


કહેવાય છે કે ફિલ્મના પ્રોડ્યુસર રાજશ્રી પ્રોડકશને ડિરેક્ટર મહેશ ભટ્ટની ઉપર દબાણ કરેલું કે 'સ્ક્રીપ્ટ બહુ સારી છે, પણ મેન રોલમાં સંજીવકુમાર જેવું કોઈ મોટું નામ હોવું જોઈએ.'

બીજી તરફ, મહેશ ભટ્ટ તો ઓલરેડી અનુપમ ખેરને વચન આપી ચૂક્યા હતા! એમણે જ્યારે અનુપમ ખેરને આ વાત કરી ત્યારે કહેવાય છે કે અનુપમ ખેર પોતાનો સામાન ટેક્સીના કેરિયરમાં ચડાવીને મહેશ ભટ્ટના ફ્લેટ પર પહોંચી ગયા હતા.

એમણે બાલ્કનીમાંથી નીચે ઊભેલી ટેક્સી બતાડતાં કીધેલું કે 'જો મને આ રોલ નથી મળતો તો મુંબઈમાં રહેવાનો શો અર્થ છે?' અનુપમ ખેરની મક્કમતા જોઈને મહેશ ભટ્ટે રાજશ્રી પ્રોડકશન્સ સાથે દલીલો કરીને અનુપમ ખેરની સજ્જડ વકીલાત કરી હતી અને પછી તો સૌ કહે છે તેમ 'રેસ્ટ ઈઝ હિસ્ટ્રી.'




દિલીપકુમાર




અમિતાભ બચ્ચન


જોકે ૧૯૭૫માં 'શોલે' આવ્યા પછી હિન્દી ફિલ્મોમાં વિલનને કંઈક અલગ, કંઈક ખાસ અને ચિત્ર-વિચિત્ર 'લુક'માં પેશ કરવાનો ટ્રેન્ડ ચાલ્યો હતો. વિચિત્ર વસ્ત્રો ઉપરાંત અજબ ગજબ ટાઈપની હેરસ્ટાઈલ ધરાવતા વાળની વિગ પણ પહેરાવતા હતા, આવા ટાઈમમાં અમરિશ પુરી, પરેશ રાવલ, સદાશિવ અમરાપુરકર, વગેરે જેવા કલાકારોએ તો પરમેનન્ટ 'ટકલુ' જ કરાવી નાંખેલું! જેથી કોઈપણ ટાઈપની વિગ આસાનીથી પહેરી શકાય! હવે વિચારો, એ સમયે વિલનના રોલ ભજવનારા અનુપમ ખેરને કેટલી બધી શાંતિ હશે?!



રાજકુમાર



રજનીકાંત




રાકેશ રોશન

આમ જુવો તો ભરજુવાનીથી વિગ પહેરીને હીરો તરીકે પરદા ઉપર આવનારા એક્ટરો પણ છે. એનું સૌથી મોટું ઉદાહરણ છે અદાકારી, સ્ટાઈલ અને ડાયલોગબાજી માટે મશહુર એવા રાજકુમાર! કહે છે કે એમની વિગ વિંખાઈ ના જાય એટલા ખાતર ફિલ્મોમાં તે ફાઈટિંગના દૃશ્યો ટાળતા હતા. રાજકુમાર દિગ્દર્શકને કહેતા હશે ; 'જાનીઈઈ... યે ફાઈટિંગ મેં ક્યા રખ્ખા હૈ? હમારી જબાન હી કાફી હૈ! '

આજના હૃતિક રોશનના પિતા રાકેશ રોશન જ્યારથી દિગ્દર્શક બન્યા ત્યારથી એમણે પોતાની વિગ ફગાવી દીધી છે, પરંતુ તમે નહીં માનો, રાકેશ રોશન પોતાની સૌથી પહેલી ફિલ્મમાં જ વિગ પહેરીને કેમેરા સામે આવ્યા હતા. (પ્રોડ્યુસર એમના સસરાજી હતા.)



સદાશિવ અમરાપુરકર



અમરિશ પુરી

સાઉથમાં બનનારી તામિલ-તેલુગુ ફિલ્મોમાં તો હીરો માથા ઉપર પુર બહાર ખેતી સાથે ફરતાં હોય છતાં એમને વિગ પહેરાવીને એક્ટિંગ કરાવવાનું બહુ કોમન હતું. શિવાજી ગણેશન, એમજીઆર, રાજકુમાર (તેલુગુ) વગેરે સુપરસ્ટારો રીતસર દૂરથી જ દેખાઈ આવે તેવી, જાણે ગુંદરના પાણી વડે ચોંટાડયા પછી વાળની એકપણ લટ આમથી આમ ન ખસી જાય એ પ્રકારની ચીપીચીપીને બનાવેલી હેરસ્ટાઈલવાળી વિગો પહેરતા હતા. હદ તો ત્યારે થતી હતી જ્યારે સાઉથના નિર્માતાઓ હિન્દી ફિલ્મો બનાવતા ત્યારે પણ આપણા નેચરલ ફરફરતાં જુલ્ફાંવાળા હીરોને વિગ પહેરાવી દેતા હતા. (ફિલ્મ 'સુરજ'માં રાજેન્દ્ર કુમારને જોઈ લેજો.) અરે, અનિલ કપૂર જેવો કલાકાર જેના માથા પર વાળની તો અતિ ફળદ્રુપ ખેતી હતી, છતાં એમને 'બેનામ બાદશાહ'માં વિગ 'માથે પડી' હતી. (ફિલ્મ ફ્લોપ ગયેલી).

એમ તો બિમલ રોય જેવા વાસ્તવવાદી બંગાળી દિગ્દર્શકે જ્યારે 'યુહીદી' જેવી હિસ્ટોરિકલ ફિલ્મ બનાવેલી ત્યારે દિલીપકુમારને માથે વાંકડિયા ગોલ્ડન વાળની વિગ વળગાડીને અભિનય કરાવડાવ્યો હતો. સાચું કહેજો, આ ફિલ્મમાં બિચારા દિલીપકુમારને માથે પ્રદીપકુમારના વાળ ચિપકાવી દીધા હોય તેવું નહોતું લાગતું?

(એવી જ પ્રદીપકુમાર છાપ ગોલ્ડન વાળની વિગ 'મુગલે આઝમ'માં પણ દિલીપકુમારે માથે લીધી હતી. એમાં તો વળી 'સાઈડ લોગ્સ' પણ હીરોઈનોની જેમ 'વાંકડિયા' હતા.)

આજે પ્રદીપકુમારની જૂની ફિલ્મો ફરીથી જોઈએ છીએ ત્યારે રહી રહીને શક જાય છે કે એ ભાઈસાહેબે પણ આખી કરિયરમાં વિગ તો નહોતી પહેરીને?


જોકે, આજકાલની ફિલ્મોમાં 'વિગ'નું 'વિગ-નાન' યાને કે 'વિજ્ઞાન' જરા આગળ વધી ગયું છે તેથી કલાકારે ખરેખર વિગ પહેરી છે કે વાળ 'ઉગાડયા' છે તેનો ખાસ ખ્યાલ આવતો નથી.

હા, લોચો ત્યારે થાય છે, જ્યારે હીરો કે હીરોઈનને 'કેન્સર' થયું છે એવું બતાડવા માટે જ્યારે કુદરતી વાળને પલાળી-ચોંટાડીને ઉપર 'ટાલ'નો લેપ લગાડે છે ત્યારે ખોપડીની સાઈઝ ખાસ્સી મોટી થઈ જાય છે. ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ખિલાડી કુમાર અનાડી બનતા બચી ગયો !



ટીકા કરવી સહેલી છે, પણ ટીકા સહન કરવી અઘરી છે. ટીકા કોઈ સારા અર્થમાં કરવામાં આવી હોય તો કોઈને પણ તેને સ્વીકારવામાં વાંધો હોય જ નહીં. હાલમાં એક કાર્યક્રમમાં આજકાલની ફિલ્મો વિષે ચર્ચા ચાલી રહી હતી. આ ચર્ચામાં જયા બચ્ચને હાલની ફિલ્મોની અને તેના ટાઈટલ્સની આકરી ટીકા કરી હતી. જયા બચ્ચનનું કહેવું હતું કે 'ટોઇલેટ એક પ્રેમ કથા' આવું તો કોઈ ટાઈટલ હોય? હું તો આવી ફિલ્મમાં કામ ન કરું !

અક્ષય કુમારે ઉપરોક્ત ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી એને આ પ્રકારના ટાઈટલ્સ અને ફિલ્મો વિષે પ્રશ્ન કર્યો ત્યારે અક્ષયનું કહેવું હતું કે 'હશે કોઈ મૂર્ખ જેણે આ પ્રકારની ફિલ્મોની ટીકા કરે!'. અક્ષયે સામાજિક સંદેશાઓ આપતી ફિલ્મ કરી છે, જેમાં 'પેડમેન' પણ સામેલ છે. પછી પેલા સળીખોર પત્રકારે કહ્યું કે 'આવું મેં નહીં, પરંતુ જયાજીનું કહેવું છે.' આ સાંભળીને મૂંઝવણમાં મુકાયેલા અક્ષયે વાત વાળી લેવાના ટોનમાં ઉમેર્યું : 'ઓહ, 'એમણે (જયા બચ્ચને) કહ્યું હશે તો સાચું જ કહ્યું હશે!'

કેવો નબળો યુ-ટર્ન !


બાદશાહ હોય કે ખેલાડી, બોલિવૂડની દુનિયામાં સંબંધ તો સાચવવો પડે ને? વળી જયાજી માત્ર બોલિવૂડના પહેલા પરિવારના સભ્ય જ નથી, એ એક માનનીય સંસદસભ્ય પણ છે એટલે ખિલાડી કુમારે ડબલ ધ્યાન રાખવું પડ્યું!

## હૃતિક રોશનઃ વિવાદનો અંત?

ગયા શુક્રવારે આપણે 'ક્લેપ એન્ડ કટ' માં જાણ્યું હતું કે કોઈ વ્યક્તિએ સોશિયલ મીડિયામાં હૃતિક રોશન ઉપર આરોપ મુક્યો હતો. એ આરોપમાં કહેવાયું હતું કે હૃતિકના ચાહકો પાસેથી તગડી રકમ વસૂલ્યા બાદ પણ એ ચાહકને એના હીરો સાથે સરખી રીતે વાતચીત કરવા દેવામાં નહોતી અને અમને હૃતિક સાથે સેલ્ફી અને અન્ય ફોટોગ્રાફ પણ નહોતા ખેંચવા દેવામાં આવ્યા. જોકે, હૃતિક રોશનને અમેરિકામાં મળવા આવેલા એના અન્ય ચાહકોએ હવે કશું જ બન્યું નથી અમને તો હૃતિક સાથે આરામથી વાતચીત કરવા મળી અને અમે તો હૃતિક સાથે ઢગલો ફોટોગ્રાફ્સ પણ પાડ્યા હતા!. હૃતિકના અમેરિકાના પ્રવાસના આયોજકોએ પણ પેલા દાવાને ફગાવી દીધો ને સાથે ઉમેર્યું કે અમને બદનામ કરવા માટે આવા આક્ષેપ થયા હતા હૃતિકના ફેન્સે એની સમગ્ર યાત્રા દરમિયાન ૧૫૦ થી ૨૦૦ ફોટોગ્રાફ્સ પાડ્યા છે.'

આ સમગ્ર ટૂરનું નામ 'રંગોત્સવ' રાખવામાં આવ્યું હતું અને સામાન્ય પબ્લિક ઉપરાંત સ્પોન્સર્સ અને અન્યોએ સાથે મળીને ૫૦ હજારથી પણ વધુ ટિકિટો ખરીદી હતી એવો આયોજકોનો દાવો છે.

## ૩૮ વર્ષે શ્રીનગરમાં ઉજવાશે ભવ્ય ફિલ્મ પ્રીમિયર




કાશ્મીર વિશે બનેલી ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો' એક ઐતિહાસિક ઘટનાની સાક્ષી બનવા જઈ રહી છે. ઇમરાન હાશ્મી અભિનીત આ ફિલ્મનું રેડ કાર્પેટ પ્રીમિયર શ્રીનગરમાં આયોજિત થશે. શ્રીનગર ઉપરાંત સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં ૩૮ વર્ષ બાદ આવું દમદાર આયોજન થવાનું છે.

આ ફિલ્મ આમ તો ૨૫ એપ્રિલે સમગ્ર ભારતમાં રિલીઝ થશે, પરંતુ આજે સાંજે શ્રીનગરમાં તેનું ગ્રાન્ડ રેડ કાર્પેટ પ્રીમિયર આયોજિત થઇ રહ્યું છે.

ફિલ્મની વાર્તા પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સિનીયર કમાન્ડર ગાઝી બાબાને ભારતીય સુરક્ષા દળો દ્વારા કઈ રીતે એલિમીનેટ કરવામાં આવ્યો તેની આસપાસ ફરે છે. હીરો ઇમરાન હાશ્મી 'ગ્રાઉન્ડ ઝીરો'માં બીએસએફ કમાન્ડન્ટ નરેન્દ્ર નાથ ધર દૂબેનું પાત્ર ભજવે છે..

આ ફિલ્મનું સમગ્ર શૂટિંગ પણ કાશ્મીરમાં થયું છે અને ભારતની આતંકવાદ સામેની હાલની લડાઈના એક મહત્ત્વના પણ અજાણ્યા પ્રસંગને લોકો સુધી પહોંચાડવાની નેમ સાથે તેને બનાવવામાં આવી છે. ■

કટ એન્ડ ઓકે...



રૂપાલી ગાંગુલી

*'જ્યારે તમે એમની સામે થાવ છો ત્યારે તમારી દરેક હિલચાલ ઉપર નજર રાખવામાં આવે છે અને તમને અનેક જાતના પ્રશ્નો પૂછવામાં આવે છે!'*

*રૂપાલી ગાંગુલીની ઓરમાન પુત્રી એષા વર્માનો રૂપાલી પર આરોપ.*

# અનુપમ ખેર અને કાજોલને મહારાષ્ટ્ર સરકારનો રાજ કપૂર ફિલ્મ પુરસ્કાર મળશે

## કાજોલને રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડ મળશે, જ્યારે અનુપમ ખેરને રાજ કપૂર લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના સાંસ્કૃતિક બાબતોના મંત્રી આશિષ શેલારે ગુરુવારે જાહેરાત કરી કે ઉત્કૃષ્ટ અભિનેતા અનુપમ ખેર અને લોકપ્રિય અભિનેત્રી કાજોલ દેવગણને આ વર્ષના મહારાષ્ટ્ર સરકારના પ્રતિષ્ઠિત રાજ કપૂર ફિલ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, અનુપમ ખેરને રાજ કપૂર લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે, જ્યારે કાજોલને રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડ મળશે. આ પુરસ્કારોમાં અનુક્રમે ૧૦ લાખ રૂપિયા અને ૬ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારો આપવામાં આવે છે. પ્રખ્યાત અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા મહેશ માંજરેકરને ચિત્રપતિ વી. શાંતારામ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવશે, જેમાં ૧૦ લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, સ્મૃતિચિહ્ન, પ્રશસ્તિચિહ્ન અને રજત ચંદ્રકનો સમાવેશ થાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

અભિનેત્રી મુક્તા બર્વેને ચિત્રપતિ વી. શાંતારામ સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડ આપવામાં આવશે, જેમાં ૬ લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, સ્મૃતિચિહ્ન, પ્રશસ્તિચિહ્ન અને રજત ચંદ્રક આપવામાં આવશે. ૧૯૯૩માં શરૂ કરાયેલ લતા મંગેશકર સંગીત પુરસ્કાર આ વર્ષે પીઢ મરાઠી ગઝલ ગાયક ભીમરાવ પંચાલેને એનાયત કરવામાં આવશે. આ સન્માનમાં ૧૦ લાખ રૂપિયા રોકડા, સ્મૃતિચિહ્ન, પ્રશસ્તિપત્ર અને શાલનો સમાવેશ થાય છે. 'આ પુરસ્કારો ભારતીય સિનેમા અને સંગીતને સમૃદ્ધ બનાવનારા કલાકારોના અપ્રતિમ યોગદાનને માન્યતા આપે છે. સરકાર માટે તેમના કાર્યની ઉજવણી કરવી એ સન્માનની વાત છે,' એમ શેલારે મંત્રાલય ખાતે આયોજિત એક પત્રકાર પરિષદમાં પુરસ્કારોની જાહેરાત કરતા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે પુરસ્કાર વિતરણ સમારોહ પચીસ એપ્રિલે અહીંના એનએસસીઆઈ ડોમ ખાતે યોજાશે.

પુરસ્કાર સમારોહ ઉપરાંત સાંસ્કૃતિક બાબતોનો વિભાગ ૨૦ એપ્રિલે 'બંધારણ અમૃત મહોત્સવ' અને બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે એક ખાસ સંગીતમય શ્રદ્ધાંજલિનું પણ આયોજન કરશે.

# નવી મુંબઈ મેટ્રોઃ સંપૂર્ણ કનેક્ટિવિટી તરફ



મુંબઈઃ નવી મુંબઈ મેટ્રો પ્રોજેક્ટ નવી મુંબઈની ઝડપથી વિસ્તરતી વસ્તી માટે એક નવા જાહેર પરિવહન વિકલ્પ તરીકે આગળ આવ્યો છે. નવી મુંબઈ મેટ્રો પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય નવી મુંબઈના નોડ્સ (ઉપનગરો) તેમજ બૃહન્મુંબઈ સાથે વધુ સારી કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાનો છે, આ પ્રોજેક્ટના વિકાસની જવાબદારી સિડકોને સોંપવામાં આવી છે. નવી મુંબઈ મેટ્રો પ્રોજેક્ટ શહેરની અંદર નવી મુંબઈને વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ વિકસાવવામાં આવેલા બેલાપુરથી પેંઢર આ રૂટ નંબર ૧ ને પહેલા દિવસથી જ મુસાફરો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ મેટ્રો રૂટથી બેલાપુર સીબીડી, તલોજા એમઆઈડીસી, ખારઘર અને તલોજા ખાતે સિડકો હાઉસિંગ કોમ્પ્લેક્સને સારી કનેક્ટિવિટી મળી છે. મેટ્રો રૂટ નંબર ૨, ૩ અને ૪ પણ નજીકના ભવિષ્યમાં અમલમાં મૂકવામાં આવશે. ઉપરાંત, મુંબઈ મેટ્રો રૂટ દ્વારા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને જોડવાની મહત્ત્વાકાંક્ષી યોજના પણ ભવિષ્યમાં અમલમાં મૂકવામાં આવશે.

મેટ્રો લાઇન નંબર ૧ (બેલાપુરથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક) નું સફળ સંચાલન અને ભવિષ્યમાં વિસ્તરણઃ-

હાલમાં, મેટ્રો રૂટ નંબર ૧ બેલાપુરથી પેંઢર ૧૧.૧ કિમી છે અને આ માર્ગે હજારો મુસાફરોની દૈનિક મુસાફરીને સરળ બનાવી છે. આ માર્ગ મહત્ત્વપૂર્ણ રહેણાક અને વાણિજ્યિક વિસ્તારોને ઉત્તમ કનેક્ટિવિટી પ્રદાન કરે છે.

*મેટ્રો રૂટ નં. ૨ (પેંઢરથી નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ ટર્મિનલ-૪):-

પેંઢર અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (પૂર્વ બાજુ વાયા પેંઢર) વચ્ચે જોડાણ પૂરું પાડવા માટે મેટ્રો રૂટ નંબર ૨ બનાવવામાં આવી રહ્યો છે અને તે ઝડપથી વિકાસશીલ વિસ્તારો સાથે જોડાણ વધારશે. આ માર્ગની લંબાઈ આશરે ૧૫ કિમી છે.

*મેટ્રો રૂટ નં. ૮ (છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી નમુઆંવિ) બંને એરપોર્ટ વચ્ચે જોડાણઃ-

સમાવિષ્ટ પરિવહન અભ્યાસ (CTS ૨૦૨૧) ના ભાગ રૂપે, સિડકોએ મેટ્રો રૂટ નંબર ૮ ને અમલમાં મૂક્યો છે જે એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે અને આ રૂટ છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક વચ્ચે જોડાણ સ્થાપિત કરશે. મેટ્રો માર્ગ નં. ૮ છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટી-૨ ટર્મિનલ સ્ટેશનથી શરૂ થતો આ માર્ગ મુંબઈ એરપોર્ટ અને છેડા નગર વચ્ચે ભૂગર્ભ હશે અને આગળ નમુઆંવિ સુધી એલિવેટેડ હશે. આ માર્ગ કુર્લા, LTT, માનખુર્દ, વાશી, નેરુલ અને બેલાપુર જેવા મહત્ત્વપૂર્ણ શહેરોમાંથી પસાર થશે.

# બરફીવાલા ફ્લાયઓવર ૧૫મી મેથી ખુલ્લો મુકાશે પણ અડચણ હજી છે જ

## પશ્ચિમ છેડે ચાલી રહેલા બાંધકામને લીધે ૯૦ ડિગ્રીનો લેફ્ટ-ટર્ન લેવો પડશે

મુંબઈઃ અંધેરીનો સી. ડી. બરફીવાલા ફલાયઓવર સાત વર્ષ બાદ ૧૫મી મેના ખુલ્લો મુકાવાની તૈયારી છે, પરંતુ વાહનચાલકોને તેનો આનંદ મનાવવા જેવું નથી, કારણ કે તેમને પ્રવાસ દરમિયાનની તકલીફોમાંથી છૂટકારો મળવાનો નથી. જેવીપીડી ફ્લાયઓવરના બાંધકામને કારણે બરફીવાલા ફલાયઓવરના પશ્ચિમ તરફના છેડે અડચણ થવાની જ છે. આ સિવાય પૂર્વ તરફ જતા વાહનોને જુહુ તરફ જતા સાંકડા અને સિંગલ-લેન રોડ પર જવાની ફરજ પડશે. આ સમસ્યા જેવીપીડી ફ્લાયઓવર નહીં બને ત્યાં સુધી રહેવાની શક્યતા છે અને આ ફ્લાયઓવરને બનતા ઓછામાં ઓછા ત્રણ વર્ષ લાગશે. ગોખલે બ્રિજ ગયા વર્ષે ખુલ્લો મુકાવાનો હતો, પરંતુ બરફીવાલા ફલાયઓવરના પૂર્વ તરફના માર્ગના લોચો થતા તે ખુલ્લો મુકાયો નહોતો. હવે તે જ બરફીવાલા ફલાયઓવર સંપૂર્ણ ક્ષમતા સાથે ખુલ્લો મુકાવાનો છે તેમ છતાં વાહનચાલકોને પશ્ચિમ છેડે ચાલી રહેલા બાંધકામને કારણે ૯૦ ડિગ્રીમાં લેફ્ટ-ટર્ન લેવામાં મુશ્કેલી નડશે. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે બરફીવાલા ફ્લાયઓવરના વાહનો માટેની ચોક્કસ જગ્યા સહિત જેવીપીડી ફ્લાયઓવર માટે પહેલાથી યોજના તૈયાર હતી.

ગોખલે બ્રિજનો પ્રથમ તબક્કો ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના ખુલ્લો મૂકાયો હતો, પરંતુ બરફીવાલા ફ્લાયઓવર અને ગોખલે બ્રિજ વચ્ચેના અંતરને કારણે બરફીવાલા ફ્લાયઓવર અત્યાર સુધી બંધ જ હતો.

૧૪મી એપ્રિલ, ૨૦૨૪ના પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ, આઇઆઇટી-બૉમ્બે અને વીજેટીઆઇના નિષ્ણાતોના સહકાર સાથે આ અંતર દૂર કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. ચોથી જુલાઇ, ૨૦૨૪ના આંશિક માર્ગ શરૂ કરાતા જુહુ-અંધેરી પૂર્વ સુધીને બરફીવાલા ફ્લાયઓવર હલકાં વાહનો માટે ખુલ્લો મુકાયો હતો.

# નાંદેડમાં રસ્તા પરની પાણીપુરી ખાધા પછી ૩૧ વિદ્યાર્થી હૉસ્પિટલમાં

છત્રપતિ સંભાજી નગરઃ એક શંકાસ્પદ ફૂડ-પોઇઝનિંગ કેસમાં રસ્તા પરના સ્ટોલ પર પાણીપુરી ખાધા પછી બીમાર પડી જવાને કારણે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ૩૧ વિદ્યાર્થીઓને શુક્રવારે વહેલી સવારે મહારાષ્ટ્રના નાંદેડ શહેરની એક સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ શહેરની ત્રણ શૈક્ષણિક સંસ્થા - સ્વામી રામાનંદ તીર્થ મરાઠાવાડા યુનિવર્સિટી, એસજીજીએસ કોલેજ અને એક નર્સિંગ કોલેજ સાથે સંબંધિત છે.

હોસ્પિટલના એક અધિકારીએ જણાવ્યું હતું કે 'એક જ સ્ટોલ પર પાણીપુરી ખાધા પછી ઊલટી, ઉબકા અને બેચેનીની તકલીફો થવાથી વિદ્યાર્થીઓ હોસ્પિટલમાં આવ્યા હતા. તપાસ પછી ૩ વિદ્યાર્થીઓને ડો. શંકરરાવ ચવાણ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સવારે ચાર વાગ્યાથી દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના વિવિધ વોર્ડમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની તબિયતસારી છે. (પીટીઆઈ)

# વિદ્યાવિહાર સ્ટેશનથી સીધા એલટીટીઃ ૫૦૦ મીટરના અતિક્રમણને હટાવવા પ્રસ્તાવ

મુંબઈઃ લાખો મુંબઈગરાઓ માટે લોકલ ટ્રેન રોજિંદા જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. દૂર દૂરના પરાઓથી પોતાના ગંતવ્યસ્થાને પહોંચવા માટે રોજ લાખો મુસાફરો આ ઝડપી અને સસ્તી પરિવહન સેવાનો ઉપયોગ કરે છે. તેથી વધતી જતી ભીડને પહોંચી વળવા માટે કનેક્ટિવિટી વધારવી ખૂબ જ જરૂરી છે. સેન્ટ્રલ રેલવે દ્વારા લોકમાન્ય તિલક ટર્મિનસને વિદ્યાવિહાર રેલવે સ્ટેશન સાથે જોડતા પટ્ટાનો વિકાસ કરવાની પહેલ સાથે એક નોંધપાત્ર પગલું લીધું છે. હાલમાં, એલટીટી પહોંચવા માગતા મુસાફરોએ હાર્બર લાઇનમાં જવા માટે કુર્લા ખાતે ટ્રેન બદલવી પડે છે અને તિલક નગર ઉતરીને તેમના ગંતવ્ય સ્થાન સુધી ચાલતા જવું પડે છે. આને લીધે મુસાફરોએ ઘણી અસુવિધાનો સામનો કરવો પડે છે. જેના કારણે ઘણા સમયથી સીધા રૂટની માંગણીઓ થતી હતી. ૩૦૦-૫૦૦ મીટરના પટના સૂચિત સુધારણાથી એલટીટી તરફ જવું સરળ થશે અને પૂર્વ તરફ જતી ઉપનગરીય રેલવે લાઇન સુધી સરળતાથી પહોંચી શકાશે, જેનાથી હજારો મુસાફરોને ફાયદો થશે. કનેક્ટિવિટી વધારવા ઉપરાંત, એલટીટી જેવા ધમધમતા સ્ટેશનો પર માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવાની યોજનાઓ પણ બનાવી છે. એલટીટી પરથી અસંખ્ય ટ્રેનો ઉપડે છે, ૪૦-૪૫ ટકા સમર સ્પેશિયલ ટ્રેનો ત્યાંથી ઉપડે છે. જેના કારણે કાયમ સ્ટેશન પર મુસાફરોની ભીડ રહે છે.

સેન્ટ્રલ રેલ્વે લોકમાન્ય તિલક ટર્મિનસથી વિદ્યાવિહાર રેલવે સ્ટેશનને જોડતા ૩૦૦-૫૦૦ મીટર સુધીના પટ પર અતિક્રમણને હટાવવાની યોજના ધરાવે છે, જેનાથી એલટીટી સુધી પહોંચવું સરળ થશે.

# મુંબઈના પ્રતિષ્ઠિત તારાપોરવાલા માછલીઘરનું નવીનીકરણ કરવામાં આવશે

મુંબઈઃ કોવિડ-૧૯ રોગચાળા પછી બંધ મુંબઈના પ્રતિષ્ઠિત તારાપોરવાલા માછલીઘરનું નવીનીકરણ કરવામાં આવશે અને મહારાષ્ટ્ર સરકાર તેને વિશ્વ કક્ષાના પર્યટન સ્થળમાં પરિવર્તિત કરવાની યોજના ધરાવે છે, એમ એક પ્રધાને જણાવ્યું હતું. દક્ષિણ મુંબઈમાં મરીન ડ્રાઇવ પર સ્થિત, દેશનું સૌથી જૂનું સાર્વજનિક માછલીઘર છે અને મુંબઈના લોકપ્રિય પર્યટન સ્થળોમાંનું એક છે. આ સંકુલ ૪,૩૬૯ ચોરસ મીટરમાં ફેલાયેલું છે અને ત્રણ ઇમારતો છે જેમાં માછલીઘર, મત્સ્યઉદ્યોગ કમિશનરનું કાર્યાલય, પાણી શુદ્ધિકરણની પ્રણાલી અને કેન્ટીન સંકુલનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર સરકારે ૨૯૬ કરોડ રૂપિયાના પુનર્વિકાસ પ્રોજેક્ટને મંજૂરી આપી છે જે જૂના થઈ રહેલા દરિયાઈ સંગ્રહાલયને વિશ્વ કક્ષાની સુવિધામાં પરિવર્તિત કરશે, જેમાં અત્યાધુનિક માછલીઘર પ્રદર્શનો, આધુનિક ઓફિસની જગ્યાઓ અને શૈક્ષણિક સુવિધાઓનો સમાવેશ થશે, એમ સૂત્રોએ માહિતી આપી હતી. 'તારાપોરવાલા માછલીઘર મુંબઈના ઇતિહાસ અને વારસાનો એક ભાગ છે. અમે તેને પુનર્જીવિત કરીશું. આ પ્રક્રિયા પહેલાથી જ શરૂ થઈ ગઈ છે,' એમ રાજ્યના મત્સ્યઉદ્યોગ અને બંદર ખાતાના પ્રધાન નિતેશ રાણેએ જણાવ્યું હતું. 'તે જ જગ્યાએ એક નવું માછલીઘર બનાવવામાં આવશે અને તે આંતરરાષ્ટ્રીય ધોરણોનું હશે, આ માટે થાઈલેન્ડ, સિંગાપોર, દુબઈ અને યુકે પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી રહી છે,' એમ તેમણે કહ્યું હતું. નવું માળખું મૂળ ૭૨ વર્ષ જૂની ઇમારતનું સ્થાન લેશે, જેને કોસ્ટલ રોડના નિર્માણ પછી ૨૦૨૨માં જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી) દ્વારા માળખાકીય ઓડિટ પછી અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું.

## ગુજરાત

# ઉનાળુ મગફળીના વાવેતરમાં છ ટકાનો નોંધપાત્ર ઘટાડોઃ કઠોળની ખેતીમાં તોતિંગ વધારો

અમદાવાદઃ ખેડૂતોએ ચાલુ સિઝનમાં મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કર્યું હતું. ઉત્પાદનની વાત કરવામાં આવે તો, ૪૩ લાખ ટનની આસપાસ મગફળીનું ઉત્પાદન થયું હતું. એટલું જ નહીં પરંતુ આ જથ્થો લોકોએ પોતાના ઘરમાં રાખ્યો છે, જ્યારે ટેકાના ભાવે ખરીદી કરીને સરકારે ૧૩ લાખ ટન જેટલો મગફળીનો જથ્થો સ્ટોક કર્યો હતો. મહત્ત્વની વાત છે કે, અત્યારે ખેડૂતોને મગફળીનો ભાવ સારો મળ્યો નથી, જેથી આ વખતે ખેડૂતોએ ઉનાળુ મગફળીનું વાવેતર કરવાનું ટાળ્યું છે. ગયા વર્ષની સરખામણીએ ખેડૂતો આ વર્ષે ઉનાળુ મગફળીનું ૬ ટકા જેટલું ઓછું વાવેતર થયું છે. કૃષિ વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડા પ્રમાણે ગયા વર્ષે વિપુલ પ્રમાણમાં મગફળીનું ઉત્પાદન થયું હતું, જેના કારણે સિંગતેલનો ભાવ સાવ નીચે રહ્યો હતો. છેલ્લા ચાર વર્ષની સરખામણીએ ભાવ ખૂબ જ નીચે ગયો હતો. તેનું કારણ એવું હતું કે, મગફળીને સારો ભાવ ના મળ્યો હોવાથી ખેડૂતોએ જાતે જ ઓઈમ મિલો શરૂ કરીને છૂટક સિંગતેલનું વેચાણ કર્યું હતું. જેમાં ખેડૂતોને મગફળીની સરખામણીએ સારો એવો ભાવ પણ મળ્યો હતો. વર્તમાનમાં મગફળીની બજારમાં માંગ પણ ઓછી થઈ ગઈ છે.

# ગુજરાતમાં વિવિધ રસ્તાઓના કામ માટે ₹ ૨૪૭ કરોડ ફાળવવાનો નિર્ણય

ગાંધીનગરઃ મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલે ગુરુવારે ગાંધીનગર ખાતે બેઠક યોજી રોડ રસ્તા ડેવલપમેન્ટ માટે રૂ. ૨૪૭.૩૫ કરોડના કામને મંજૂરી આપી હતી.

રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૧૮૮.૯ કિલો મીટર લંબાઈના વિવિધ મહત્વપૂર્ણ માર્ગોના નિર્માણ, રિસરફેસિંગ, વિસ્તૃતીકરણ વગેરે માટે કુલ રૂ.૨૯૯૯.૮ કરોડના કામો પ્રગતિમાં છે તેની પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ભરૂચ-દહેજ રોડ પર સિક્સ લેન એલિવેટેડ કોરિડોર, ભરૂચ-દહેજ એક્સપ્રેસ વે, વટામણ-પીપળી હાઈસ્પીડ કોરિડોર, ભૂજ-ભચાઉ હાઈસ્પીડ કોરિડોર, કીમ-માંડવી રસ્તાનું આધુનીકરણ, સચાણા ગામ પાસે રેલવે ઓવરબ્રિજ વગેરે અગત્યના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-વિરમગામ-માળીયા રસ્તા પર શાંતિપૂરાથી ખોરજ સેકશનને રૂ.૮૦૦ કરોડના અંદાજિત ખર્ચે સિક્સ લેન કરવાની કામગીરી માટે પણ આ બેઠકમાં મંજૂરી આપી હતી.

આ માર્ગના નિર્માણના પરિણામે સમગ્ર સાણંદ ઔદ્યોગિક વિસ્તારને લાભ થશે તેમજ જી.આઈ.ડી.સી. ખાતેના નવા રોકાણકારો-ઉદ્યોગકારોને વધુ સારી સુવિધા મળશે. આનાથી વધુ નવા રોકાણો પણ આકર્ષી શકાશે, તેમ રાજ્ય સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં અગત્યના માર્ગોના નિર્માણની માર્ગ વિકાસ નિગમ હસ્તકની કામગીરી વધુ ઝડપી બનાવી તેની ગુણવત્તા અંગે વિશેષ ધ્યાન રાખવાની આ બેઠકમાં સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. મુખ્ય પ્રધાને જી.એસ.આર.ડી.સી.ની આ સમીક્ષા બેઠકમાં મુખ્યત્વે જે કામોની મંજૂરી આપી છે તેમાં વટામણ પીપળી રોડ પર શ્રી ભેટડીયા દાદા મંદિર તરફ જતાં રસ્તાની સામે રૂ.૧૩.૬૧ કરોડના ખર્ચે નવીન વ્હીકલ અંડરપાસ અને પીપળી ગામ સામે રૂ.૧૫ કરોડના ખર્ચે નવીન વ્હિકલ અંડરપાસનો સમાવેશ થાય છે.

# ગુજરાત સરકાર સોમનાથ દર્શન અને નડાબેટ પર્યટન માટે એસી વોલ્વો બસ દોડાવશે

ગાંધીનગરઃ વિશ્વપ્રસિદ્ધ મંદિર અને બાર જ્યોતિર્લિંગોમાનું એક સોમનાથ મંદિર હોય કે પછી વડનગર, મોઢેરા જેવા ઔતિહાસિક સ્થળો હોય, ગુજરાતમાં પ્રવાસન માટે અઢળક આકર્ષણો છે અને પ્રવાસીઓને સુવિધાઓ આપી ત્યાં સુધી પહોંચાડવા માટે સરકાર ઘણી સક્રિય છે. ગુજરાત સરકારે આવી વધારે એક સુવિધાની જાહેરાત કરી છે. ગુજરાત પ્રવાસન નિગમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને સોમનાથ ટ્રસ્ટના સહિયારા પ્રયાસથી રાજ્યના નાગરિકો-પ્રવાસીઓ માટે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દર્શન તેમ જ નડાબેટ, વડનગર અને મોઢેરા માટે વિશેષ ટૂર પેકેજની શરૂઆત કરવાનો નિર્ણય લીધો છે. સોમનાથ દર્શન ટૂર પેકેજઃ તા.૨૮મી એપ્રિલ-૨૦૨૫થી રાણીપ, અમદાવાદથી નિયમિત ધોરણે સવારે ૬:૦૦ કલાકે અદ્યતન એ.સી. વોલ્વો બસ ઉપડી, બપોરે ૪:૦૦ કલાકે સોમનાથ પહોંચશે અને બીજા દિવસે પરત ફરશે. આ બે દિવસ અને એક રાત્રીના પેકેજ માટે પ્રતિ વ્યક્તિ રૂ. ૪ હજાર (સિંગલ શેરિંગ) અને રૂ. ૭,૦૫૦ (ડબલ શેરિંગ હોટેલ રૂમ સહિત) નક્કી કરવામાં આવ્યા છે. આ પેકેજમાં જીએસઆરટીસીની અદ્યતન એ.સી. વોલ્વો બસમાં પ્રવાસ, હોટેલ રોકાણ, સોમનાથ ખાતે લાઈટ-સાઉન્ડ શો તેમજ સોમનાથ ખાતેના દર્શનીય સ્થળો મ્યુઝિયમ, ત્રિવેણી સંગમ આરતી, ભાલકા તીર્થ, રામ મંદિર, ગીતા મંદિરની મુલાકાત અને બીજા દિવસે બપોરે રામ મંદિર ખાતે કોમ્પ્લિમેન્ટરી પ્રસાદની સગવડ કરવામાં આવી છે.

# ગુજરાત બન્યું બેસ્ટ ટૂરિસ્ટ ડેસ્ટિનેશનઃ ૩૬.૯૫ લાખથી વધુ પ્રવાસીઓએ લીધી મુલાકાત

અમદાવાદ : ગુજરાતમાં આવેલા ચાર વૈશ્વિક હેરિટેજ સહિત વિવિધ કુલ ૧૮ હેરિટેજ પ્રકારના સ્થળોની ગત વર્ષે કુલ ૩૬.૯૫ લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં દર વર્ષે ૧૮ એપ્રિલના વર્લ્ડ હેરિટેજ ડે તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં પણ સ્થાપત્ય, ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કલા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને યુનેસ્કો દ્વારા ચાંપાનેર, રાણીકી વાવ, અમદાવાદ સિટી અને ધોળાવીરા એમ ચાર સાઈટને વર્લ્ડ હેરિટેજ-વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગુજરાતની ચાર હેરિટેજ સાઈટની વિશેષ સાર સંભાળની સાથે આ સ્થળોએ પ્રવાસીઓ માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે ગત વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧૨.૮૮ લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ આ ચાર સાઈટની મુલાકાત લીધી હતી. જેમાં સૌથી વધુ ૭.૧૫ લાખથી વધુએ હેરિટેજ સિટી અમદાવાદ જ્યારે ૩.૬૪ લાખથી વધુ પ્રવાસીઓએ રાણીકી વાવ-પાટણ ઉપરાંત ૧.૬૦ લાખથી વધુ પ્રવાસીઓએ ધોળાવીરા તેમજ ૪૭ હજારથી વધુ પ્રવાસીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી હતી, તેમ રાજ્ય સરકારે એક યાદીમાં જણાવ્યું હતું.

# વડાલીના સામૂહિક આપઘાતના કેસમાં પરિવારને ધમકીઓ આપનાર લોન એજન્ટની ધરપકડ

(અમરા પ્રતિનિધિ તરફથી)

સાબરકાંઠાઃ સાબરકાંઠામાં શનિવારે એક જ પરિવારના પાંચ જણે ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જેમાં પતિ-પત્નીના મોત થયા હતા ત્યાર બાદ બે સંતાનના મોત થયા હતા અને એકની ગાંધીનગરમાં સારવાર ચાલી રહી છે. પરિવાર આર્થિક ભીંસને લીધે આ પગલું ભર્યાનું જાણવા મળ્યું હતું ત્યારે આ કેસમાં એક લોન એજન્ટની ધરપકડ પોલીસે કરી છે. આ એજન્ટ ખાનગી બૅન્ક સાથે સંકડાયેલો હોવાનું જાણવા મળ્યું છે. પરિવારને વારંવાર લોન બાબતે ધમકીઓ આપતો હોવાનું અહેવાલો જણાવે છે ત્યારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં પિતા અને માતાના મોત થયા હતા અને ત્રણેય સંતાનોને પ્રથમ ઈડર અને પછી અમદાવાદ-ગાંધીનગરની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આર્થિક તકલીફોને લીધે આખો પરિવાર મોતનો માર્ગ પકડી લે તેવો આ પહેલો કિસ્સો નથી. અગાઉ પણ આવા કિસ્સા બની ગયા છે.

# રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની નવી કચેરીઓના બાંધકામ માટેની સહાય વધારી

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ વ્યવસ્થિત બનાવી સુવિધાયુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સંદર્ભમાં રાજ્યની જે ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરિત છે તેવી, તેમ જ પંચાયત ઘરવિહોણી હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘરના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાં માતબર વધારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતાં ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે અગાઉ જે ૨૭ લાખ રૂપિયા આપવામાં આવતા હતા તે રકમમાં વધારો કરવામાં આવ્યો હવે રૂપિયા ૪૦ લાખની મહત્તમ મર્યાદા નિયત કરવામાં આવી છે. હવે ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તીવાળા ગામોમાં આવા પંચાયત ઘરો બનાવવા માટેની મહત્તમ યુનિટ કોસ્ટ ૨૨ લાખના સ્થાને રૂપિયા ૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો માટે નવીન પંચાયત ઘર નિર્માણ માટે ૧૭ લાખની સહાયની જગ્યાએ ૨૫ લાખની સહાય મળશે.

# ગુજરાતના વલસાડમાં અંધશ્રદ્ધાએ વધુ એક યુવતીનો ભોગ લીધોઃ ભૂવાએ ડામ આપ્યા બાદ મોત

અમદાવાદઃ ગુજરાતના વલસાડમા અંધશ્રદ્ધાએ એક યુવતીની ભોગ લીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં મળતી માહિતી મુજબ વલસાડના પારડી તાલુકાના પલસાણા ગામે યુવતીને માતાજી આવ્યા છે તેમ કહી પરિવારના સભ્યો ભૂવા પાસે લઈ ગયા તો ભૂવાએ આકરા ડામ આપ્યા અને યુવતીનું મોત થયું છે.

સ્મશાનમાં ભૂવાએ યુવતીને શરીર પર ડામ આપ્યા જેના કારણે યુવતીને ખેંચ આવી અને ઘટનાસ્થળે જ તેનું મોત થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. મૃતદેહને અંતિમક્રિયા માટે લઈ જવામાં આવતો હતો. ત્યારે ગ્રામજનોને આ વાતની ખબર પડતા પોલીસને જાણ કરી હતી. તેમજ એકત્ર થયેલા ગ્રામજનોએ ભૂવાને માર મારતા તે સ્મશાનમાંથી ભાગી ગયો હતો. પારડી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ વિશેરા રિપોર્ટની જોઈ રહી છે. રાજ્યમાં વધી રહેલા અંધશ્રદ્ધાના કેસોના પગલે સરકારે અંધશ્રદ્ધા વિરોધી બિલ રજૂ કર્યું છે. ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલા અંધશ્રદ્ધા વિરોધી બિલ પ્રમાણે, કોઈ વ્યક્તિ દ્વારા અથવા પોતે કાળા જાદુ, અનિષ્ટ અને અઘોરી પ્રથા, માનવ બલિદાન અને બીજી અમાનુષ, કાવતરું કરાવડાવે, વ્યવસાય કરે, જાહેરખબર આપે અથવા ઉત્તેજન આપીને લાગુ કરાયેલા કાયદાનો ભંગ કરનારા સામે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ અધિનિયમની જોગવાઈઓ ભંગ કરનારાને બિનજામીનપાત્ર ગુનો નોંધીને ૬ માસથી ૭ વર્ષ સુધીની કેદ, ૫ હજારથી ૫૦ હજાર સુધીના દંડની જોગવાઈ છે.

# ગુજરાત સરકાર રાયડો અને ચણાની ટેકાના ભાવથી ખરીદી કરશે

ગાંધીનગરઃ ગુજરાતમાં આગામી તા. ૨૧મી એપ્રિલથી ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. ચણા અને રાયડાની ખરીદી સંદર્ભે કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવી સિઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કર્યો હતો.




# હૈદરાબાદનો પાવરપ્લેમાં ફ્લૉપ-શૉ, અભિષેક અને ટ્રેવિસે જીવતદાન મળ્યા છતાં નિરાશ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફુલ-હાઉસ વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે મુંબઈ ઇન્ડિયન્સ સામે સનરાઇઝર્સ હૈદરાબાદનો બૅટિંગ મળ્યા બાદ પાવરપ્લેમાં ફ્લૉપ-શૉ હતો. હૈદરાબાદની ટીમ જે આતશબાજી માટે જાણીતી છે એવું આ મૅચમાં નહોતું જોવા મળ્યું.

હૈદરાબાદે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૨ રન કર્યાં હતા અને મુંબઈને ૧૬૩ રનનો સાધારણ ટાર્ગેટ આપ્યો હતો.

હૈદરાબાદના ૧૬૨ રનમાં અભિષેક શર્મા (૪૦ રન, ૨૮ બૉલ, સાત ફોર)ના ૪૦ રન હાઈએસ્ટ હતા. ક્લાસેન (૩૭ રન, ૨૮ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)નું પણ સાધારણ યોગદાન હતું. અનિકેત વર્મા (૧૮ રન, આઠ બૉલ, બે સિક્સર) અને કેપ્ટન પૅટ કમિન્સ (આઠ રન, ચાર બૉલ, એક સિક્સર) અણનમ રહ્યા હતા.

મુંબઈના ઑફ સ્પિનર વિલ જેક્સે ૧૪ રનમાં બે વિકેટ તેમ જ અસલ ફૉર્મમાં જોવા મળેલા બુમરાહ, બૉલ્ટ અને હાર્દિકે એક-એક વિકેટ લીધી હતી.

મુંબઈએ ફીલ્ડિંગ લેતાં એસઆરએચના ઓપનર્સ અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડે શરૂઆતના જીવતદાનો વચ્ચે સાવચેતીપૂર્વકની અને ધીમી શરૂઆત કર્યા બાદ પાવરપ્લેની છેક પાંચમી ઓવરમાં અસલ મિજાજમાં આવીને ફટકાબાજી શરૂ કરી હતી. પાંચમી ઓવર દીપક ચાહરે કરી હતી જેમાં અભિષેકે હૅટ-ટ્રિક ફોર (૪, ૪, ૪) સાથે અસલ રૂપ બતાવ્યું હતું. એ ઓવરમાં ૧૪ રન બન્યા હતા. જોકે હાર્ડ-હિટિંગ માટે જાણીતા હૈદરાબાદે આજે એકંદરે પાવરપ્લેમાં ખરાબ રેકૉર્ડ નોંધાવ્યો હતો. હૈદરાબાદનો ૨૦૨૨ની સાલ બાદ વિકેટ વિનાના (છ ઓવરની) પાવરપ્લેમાં સૌથી નીચો સ્કોર (૪૬/૦) હતો.

અભિષેકને મૅચના પહેલા જ બૉલમાં (દીપક ચાહરની ઓવરમાં) વિલ જેક્સના હાથે ચાન્સ મળ્યા બાદ ચાહરની બીજી ઓવરમાં ફરી ચાન્સ મળ્યો હતો. જોકે આ વખતે કૅચ છોડનાર કર્ણ શર્મા ઈજાને લીધે મેદાન છોડી ગયો હતો. એ પહેલાં, કર્ણ શર્મા ટ્રેવિસ હેડનો કૅચ નહોતો ઝીલી શક્યો.

પાંચ દિવસ પહેલાં હોમ-ટાઉન હૈદરાબાદમાં પંજાબ સામે ૧૪૧ રનની ધમાકેદાર મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમનાર અભિષેકે આજે ૨૮ બૉલમાં સાત ફોરની મદદથી ૪૦ રન કર્યા હતા અને હાર્દિકના બૉલમાં બાઉન્ડરી નજીક યુવાન સબ્સ્ટિટ્યૂટ રાજ બાવાના હાથમાં કૅચઆઉટ થયો હતો. બાવાએ આગળ ડાઇવ મારીને તેનો અફલાતૂન કૅચ પકડ્યો હતો.

### ટ્રેવિસ હેડ આઉટ છતાં નોટઆઉટ

૧૦મી ઓવર હાર્દિકે કરી હતી જેના ચોથા બૉલમાં ટ્રેવિસ હેડ કૅચઆઉટ થયો હતો, પણ એ નો બૉલ હતો અને મૅચમાં ટ્રેવિસને આ બીજું જીવતદાન મળ્યું હતું.

નો બૉલ પછીની ફ્રી હિટમાં પણ ટ્રેવિસે કૅચ આપ્યો હતો.

છેવટે વિલ જેક્સની ઓવરમાં (૧૨મી ઓવરમાં) ટ્રેવિસ ૨૮ રનના પોતાના સ્કોર પર સેન્ટનરના હાથમાં કૅચઆઉટ થયો હતો.

### ઈશાન પાંચમી વાર ફ્લૉપ

૨૩મી માર્ચે રાજસ્થાન સામે મૅચ-વિનિંગ અણનમ ૧૦૬ રન બનાવનાર હૈદરાબાદનો ઈશાન કિશન (ત્રણ બૉલમાં બે રન) સાત મૅચમાં પાંચમી વાર ફ્લૉપ રહ્યો હતો. વિલ જેક્સના બૉલમાં વિકેટકીપર રિકલ્ટને તેને સ્ટમ્પ-આઉટ કર્યો હતો.

### નીતીશનું 'હેલિકૉપ્ટર તૂટી પડ્યું'

હૈદરાબાદનો ગયા વર્ષના સ્ટાર નીતીશ રેડ્ડીએ ૧૯ રનના પોતાના સ્કોર પર એમએસ ધોનીની સ્ટાઈલમાં હેલિકૉપ્ટર શૉટ માર્યો હતો, પણ લૉન્ગ ઑન પર તિલક વર્માના હાથમાં તે કૅચઆઉટ થયો હતો. ■

## ક્લાસિફાઈડ


### ૬. પરચુરણ

**પ્રિન્સ આર્ટ**

જુની ઝરીની સાડી બોર્ડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બંડલ, (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જુના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટિક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૬૬)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૨૮-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Bfast ડિનર સાથે વ્યક્તિગત પ્રવાસ જોવાલાયક સ્થળોનો પ્રવાસ પ્રાઇવેટ કાર. Per Couple Starting from હિમાચલ 45000, આંદામાન 48000, ઉત્તરાંચલ 52000, કાશ્મીર 54000, સિક્કિમ 58000, સિંગાપોર 105000, અઝરબૈજાન 120000 Airfare Extra અરહામ હોલિડે 9769977466 / 9892534488. (બી-૧૫૭૪૨)




(બી-૧૫૭૯૧)

### ૧૪. નોકરી ખાલી છે

**બોરીવલી (ઈસ્ટમાં)**

**કૉમ્પ્યુટર શીખેલી છોકરીઓ જોઈએ છે. (ઉંમર 19-40) 8655188552/ 8655133776. (૧૫૮૦૨-એ)**

CAREER OPPORTUNITY!! Retired / Homemakers / Pensioners. Salary+ Incentives. 45+ : 72083 68796 / 8369129368. (B-15810)

### ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા - કિંગ્સ સર્કલ**

2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડિંગ - O.C. સાથે, ઈન્ડિન જિમખાનાની નજીક, 12મો માળ, 770 Sq.ft. પાર્કિંગ, 3.40 કરોડ., સંપર્કઃ 9374543885. (૧૫૮૨૭-એ)

**SOUTH MUMBAI**

Peddar Road, Breach Candy, Malabar Hill, Walkeshwar, Worli, Prabhadevi 1, 2, 3, 4 BHK Sale, L&L, Ready & Under-construction. - 9892710071 / 9619048555. (B-15819)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જિદ બંદર**

કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા / ભાડેથી. "લક્ષ્મીકાંત ભટ્ટ" (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૫૭૨૦-એ)

**PRE LEASED BANKS**

**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

**PEDDAR ROAD**

Doctor House Opp Jaslok full floor 2800 sqft 14 Cr. 4 Parking Outright & Lease 9892710071 Owner 9619048555. (B-15818)

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000 થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10% નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨. (બી-૧૫૮૪૬)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતીષ**

**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-બી)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**FLAT REPAIR**

**Interior by Civil Engineer. Contact: 9833521709. (15343/A)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## મુંબઈએ ૧૬૩ રનનો સાધારણ લક્ષ્યાંક ખૂબ સંઘર્ષ કરીને મેળવ્યો

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ અહીં સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ને ચાર વિકેટે હરાવીને સતત બીજો અને આ સીઝનમાં સાત મૅચમાં ત્રીજો વિજય મેળવ્યો હતો. જોકે મુંબઈએ છેલ્લે સંઘર્ષ કરીને લક્ષ્યાંક મેળવ્યો હતો અને બહુમૂલ્ય બે પૉઇન્ટ મેળવ્યા હતા. એશાન મલિન્ગાની ૧૮મી ઓવરમાં મુંબઈએ જીતવા માત્ર એક રન કરવાનો બાકી હતો ત્યારે હાર્દિક પંડ્યા (૨૧ રન, નવ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને નમન ધીરે (૦) વિકેટ ગુમાવી હતી. જીતવા માટે ફક્ત એક રન મેળવવા મુંબઈની ટીમે વલખાં મારવા પડ્યા હતા. છેવટે ૧૯મી ઓવરના પ્રથમ બૉલમાં તિલક વર્મા (૨૧ અણનમ, ૧૭ બૉલ, બે ફોર)એ વિનિંગ ફોર ફટકારી હતી.

તળિયાની ટીમ હૈદરાબાદે ૧૬૨ રન બનાવીને આપેલો ૧૬૩ રનનો સાધારણ લક્ષ્યાંક મુંબઈએ ૧૮.૧ ઓવરમાં (૧૧ બૉલ બાકી રાખીને) ૧૬૬/૬ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

ઇંગ્લૅન્ડનો સ્પિન-ઑલરાઉન્ડર વિલ જૅક્સ (૧૪ રનમાં બે વિકેટ અને ૨૬ બૉલમાં બે સિક્સર, ત્રણ ફોરની મદદથી ૩૬ રન) આ મૅચનો સુપરસ્ટાર હતો.

રોહિત શર્મા (૨૬ રન) ફરી લાંબી ઇનિંગ્સ રમવામાં નિષ્ફળ ગયો હતો. રિકલ્ટને ૩૧ રન, સૂર્યકુમારે ૨૬ રન કર્યા હતા. તિલક વર્મા અને હાર્દિક પંડ્યા () અણનમ રહ્યા હતા.

હૈદરાબાદના બોલર્સમાં કૅપ્ટન પૅટ કમિન્સે સૌથી વધુ ત્રણ વિકેટ, એશાન મલિન્ગાએ બે તેમ જ હર્ષલ પટેલે એક વિકેટ લીધી હતી. શમી, રાહુલ ચાહર અને ઝીશાન અન્સારીને વિકેટ નહોતી મળી.

ગઈ સીઝનમાં સૌથી વધુ લોકપ્રિયતા મેળવનાર હૈદરાબાદની ટીમ આ વખતે સાત મૅચમાં પાંચ મૅચ હારી છે અને પૉઇન્ટ્સમાં હજી પણ તળિયે જ છે.

એ પહેલાં, હૈદરાબાદે બૅટિંગ મળ્યા પછી ધીમી શરૂઆત બાદ છેવટે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે જે ૧૬૨ રન કર્યા હતા એમાં ઓપનર અભિષેક શર્માના ૪૦ રન હાઇએસ્ટ હતા. ■

## રાજસ્થાને સુપરઓવરમાં નીતીશ રાણાને મોકલવો જોઈતો હતોઃ પુજારા

નવી દિલ્હીઃ બુધવારે અહીં અરુણ જેટલી સ્ટેડિયમના મેદાન પર દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેના રોમાંચક મુકાબલામાં રાજસ્થાન રૉયલ્સ (આરઆર)એ બે વાર હાથમાં આવેલી બાજી ગુમાવી દીધી હતી અને એ ફિયાસ્કો વચ્ચે એવી ચર્ચા છે કે રાજસ્થાને સુપરઓવરમાં બૅટ્સમેનની પસંદગી કરવામાં ભૂલ કરી હતી. ભૂતપૂર્વ કૅરિબિયન ફાસ્ટ બોલર ઇયાન બિશપ અને ભારતના ટેસ્ટ-સ્પેશિયલિસ્ટ ચેતેશ્વર પુજારાનું એવું માનવું છે કે રાજસ્થાને સુપરઓવરમાં નીતીશ રાણાને બૅટિંગમાં મોકલવો જોઈતો હતો, કારણકે મુખ્ય મૅચમાં રાણાએ પ્રેશરના સમયે ચોથા નંબર પર આવીને ફક્ત ૨૮ બૉલમાં બે સિક્સર અને છ ફોરની મદદથી ૫૧ રન કર્યા હતા.

દિલ્હીએ બૅટિંગ મળ્યા પછી અભિષેક પોરેલના ૪૯ રન, કેએલ રાહુલના ૩૮ રન, અક્ષર પટેલના ૩૪ તેમ જ ટ્રિસ્ટેન સ્ટબ્સના અણનમ ૩૪ રનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૮ રન બનાવ્યા હતા. રાજસ્થાનની ટીમે યશસ્વી જયસ્વાલના ૫૧ રન, નીતીશ રાણાના પણ ૫૧ રન, કૅપ્ટન સંજુ સૅમસનના (રિટાયર હર્ટ થતાં પહેલાંના) ૩૧ રન તેમ જ ધ્રુવ જુરેલના ૨૬ રનની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૮૮ રન બનાવ્યા હતા. દિલ્હીના ફાસ્ટ બોલર (અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતનાર) મિચલ સ્ટાર્કે રાજસ્થાનની ઇનિંગ્સની ૨૦મી ઓવરમાં નવ રન ડિફેન્ડ કરવાના હતા અને એ ઓવરમાં આઠ રન બનતાં તેમ જ તેના છેલ્લા બૉલે ધ્રુવ જુરેલ રનઆઉટ થતાં સ્ટાર્ક હીરો બની ગયો હતો.

બન્ને ટીમના એકસરખા (૧૮૮-૧૮૮) રન બનતાં મૅચ ટાઇ થઈ હતી અને સુપરઓવરમાં ગઈ હતી.

જોકે આ એ તબક્કો હતો જ્યારે ૨૦૦૮ની પ્રથમ આઇપીએલની વિજેતા રાજસ્થાન રૉયલ્સની ટીમે ભૂલ કરી હોવાનું મનાય છે. સુપરઓવરમાં ફરી દિલ્હીએ મિચલ સ્ટાર્કને મોરચા પર મૂક્યો હતો, જ્યારે રાજસ્થાનની છાવણીમાંથી બૅટિંગમાં શિમરૉન હેટમાયર અને રિયાન પરાગને મોકલવામાં આવ્યા હતા. બૅટિંગમાં લેફ્ટ-રાઇટની જોડીને મોકલવાની યોજના હતી એટલે આ બન્નેને સુપરઓવરનો પડકાર ઝીલવા



મોકલવામાં આવ્યા હતા. ત્રીજા બૅટ્સમૅન તરીકે યશસ્વી જયસ્વાલને મોકલવામાં આવ્યો હતો.

રિયાન (ચાર રન) અને યશસ્વી (૦) રનઆઉટ થયા હતા અને આ બૅક-ટુ-બૅક રનઆઉટની ગરબડ વચ્ચે અણનમ રહેલો હેટમાયર એક ફોરથી બનેલા છ રન પર અણનમ રહ્યો હતો. બન્નેને રનઆઉટ કરાવવામાં બોલર સ્ટાર્કનું મોટું યોગદાન હતું.

ચોથા-પાંચમા બૉલ પર રનઆઉટમાં બે વિકેટ પડી જતાં નિયમ મુજબ રાજસ્થાનનો સુપરઓવરનો દાવ પાંચમા જ બૉલે ૧૧ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો.

ત્યાર બાદ રાજસ્થાને બોલિંગમાં પેસ બોલર સંદીપ શર્માને મોકલ્યો હતો. દિલ્હીના કેએલ રાહુલ (એક ફોર સાથે અણનમ સાત રન) અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (સિક્સરની મદદથી છ રન)ની જોડીએ ચાર જ બૉલમાં ૧૩ રન બનાવીને દિલ્હીને સુપરઓવરમાં જિતાડી દીધું હતું.

પુજારાએ એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટને કહ્યું હતું કે 'મારું એવું માનવું છે કે સુપરઓવરમાં રાજસ્થાનના ત્રણમાંથી એક બૅટ્સમૅન નીતીશ રાણા હોવો જ જોઈતો હતો. બીજું, યશસ્વીને ઓપનિંગમાં મોકલવો જોઈતો હતો. કારણ એ છે કે મુખ્ય મૅચમાં તે મિચલ સ્ટાર્ક સામે ઘણું સારું રમ્યો હતો. ટી-૨૦માં સ્ટાર્ક સામે યશસ્વીનો રેકૉર્ડ પણ સારો છે. ટી-૨૦માં તે સ્ટાર્ક સામે એકેય વાર આઉટ નથી થયો અને ટી-૨૦ મૅચોમાં તેના ૧૫ બૉલમાં યશસ્વીએ ૨૬ રન કર્યા છે. યશસ્વી ટેસ્ટ મૅચોમાં સ્ટાર્કની બોલિંગમાં ત્રણ વાર આઉટ થયો છે, પરંતુ તેના ૨૦૩ બૉલમાં તેણે ૧૩૩ રન બનાવ્યા છે. સુપરઓવરમાં જો યશસ્વી આક્રમક રમ્યો હોત તો સ્ટાર્કના યૉર્કર તેની સામે કારગત ન નીવડ્યા હોત.'

દિલ્હીનો વિજેતા કૅપ્ટન અક્ષર પટેલ પણ સુપરઓવરમાં હેટમાયરને બૅટિંગમાં આવતો જોઈને ચોંકી ગયો હતો. મૅચ પછી અક્ષરે કહ્યું, 'મેં જોયું હતું કે મુખ્ય મૅચમાં હેટમાયર બૉલ સાથે બૅટને કનેક્ટ કરવામાં પણ સંઘર્ષ કરી રહ્યો હતો એવામાં તેને સુપરઓવરમાં મોકલવામાં આવતાં મને નવાઈ લાગી હતી. હું તો સમજતો હતો કે યશસ્વી અને રિયાનને ઓપનિંગમાં મોકલવામાં આવશે. જોકે તેમણે જેમને મોકલ્યા એ અમારા ફાયદામાં જ હતું.' ■

### આઈપીએલની ૧૫ સુપરઓવરમાં કોણે કોને હરાવ્યું?

(૧) ૨૦૦૯માં રાજસ્થાને કોલકાતાને હરાવ્યું
(૨) ૨૦૧૦માં પંજાબે ચેન્નઈને હરાવ્યું
(૩) ૨૦૧૩માં હૈદરાબાદે બૅંગલૂરુને હરાવ્યું
(૪) ૨૦૧૩માં બૅંગલૂરુએ દિલ્હીને હરાવ્યું
(૫) ૨૦૧૪માં રાજસ્થાને કોલકાતાને હરાવ્યું
(૬) ૨૦૧૫માં પંજાબે રાજસ્થાનને હરાવ્યું
(૭) ૨૦૧૭માં મુંબઈએ ગુજરાત લાયન્સને હરાવ્યું
(૮) ૨૦૧૯માં દિલ્હીએ કોલકાતાને હરાવ્યું
(૯) ૨૦૧૯માં મુંબઈએ હૈદરાબાદને હરાવ્યું
(૧૦) ૨૦૨૦માં દિલ્હીએ પંજાબને હરાવ્યું
(૧૧) ૨૦૨૦માં બૅંગલૂરુએ મુંબઈને હરાવ્યું
(૧૨) ૨૦૨૦માં કોલકાતાએ હૈદરાબાદને હરાવ્યું
(૧૩) ૨૦૨૦માં પંજાબે મુંબઈને હરાવ્યું
(૧૪) ૨૦૨૧માં દિલ્હીએ હૈદરાબાદને હરાવ્યું
(૧૫) ૨૦૨૫માં દિલ્હીએ રાજસ્થાનને હરાવ્યું

**આઈપીએલમાં અલર્ટ**

## હૈદરાબાદનો બિઝનેસમૅન અગાઉ મૅચ-ફિક્સિંગના પ્રયત્નો કરી ચૂક્યો છે

### મૅચ-ફિક્સરની કાર્ય પદ્ધતિ અનોખી છેઃ જાણો છો, તે કોને-કોને ફસાવવાનો પ્રયત્ન કરે છે?

નવી દિલ્હીઃ ૧૮ વર્ષ જૂની અને ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં મૅચ-ફિક્સિંગની જાળ બિછાવીને કોઈને ફસાવવા હૈદરાબાદનો એક બિઝનેસમૅન ફરી રહ્યો હોવાની બાબતે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ આ ટૂર્નામેન્ટ સાથે સંકળાયેલા દરેકને ચેતવ્યા એને પગલે બીસીસીઆઇની જ ઍન્ટિ-કરપ્શન સિક્યૉરિટી યુનિટ (એસીએસયુ)એ એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે આ બિઝનેસમૅનના બુકીઓ તેમ જ પન્ટરો સાથે સંપર્ક છે અને તે અગાઉ આવી (મૅચ-ફિક્સિંગની) પ્રવૃત્તિઓમાં સંડોવાઈ ચૂક્યો છે.

એસીએસયુના મતે 'આ હૈદરાબાદી બિઝનેસમૅન ખાસ કરીને ખેલાડીઓને ફિક્સિંગ માટે જાળમાં સપડાવવાની કોશિશ કરતો હોય છે. કહેવાય છે કે તે ટીમ હોટેલોની આસપાસ તેમ જ સ્ટેડિયમોમાં એક કે એકથી વધુ વખત આવી ચૂક્યો છે. તે ખાસ કરીને ખેલાડીઓ અને તેમના સ્ટાફ સાથે દોસ્તી કરે છે અને પછી તેમને પ્રાઇવેટ પાર્ટીઓમાં આવવાનું આમંત્રણ આપે છે. તે માત્ર ખેલાડીઓને જ નહીં, તેમના પરિવારજનોને પણ ગિફ્ટ ઑફર કરતો હોય છે.'

આના પરથી ક્રિકેટજગતમાં ચર્ચા છે કે હૈદરાબાદના આ કથિત વેપારીએ ક્યારે, કયા તબક્કે અને કોની સાથે શેની બાબતમાં મૅચ-ફિક્સિંગ કે અન્ય પ્રકારના ફિક્સિંગ કર્યા હશે? બીજો સવાલ એ ચર્ચાય છે કે તેણે કોઈનો સંપર્ક કર્યો હશે તો એણે જાણ કેમ નહીં કરી હોય?

ક્રિકેટને લગતી એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ બીસીસીઆઇએ આઇપીએલના ફ્રેન્ચાઇઝીઓના માલિકો, ખેલાડીઓ, કોચિંગ સ્ટાફના મેમ્બર્સ, સપોર્ટ સ્ટાફ તેમ જ કૉમેન્ટેટર્સને ચેતવતા જણાવ્યું છે કે આ શંકાસ્પદ બિઝનેસમૅન સાથે કોઈ પ્રકારની વાતચીત કરવાનું ટાળવું, કારણકે તે ક્રિકેટમાં ભ્રષ્ટ કહેવાતી પ્રવૃત્તિઓ કરવા માટે લાલચ અને પ્રલોભનો આપવાનો પ્રયત્ન કરે છે.

એસીએસયુએ આઇપીએલ સાથે સંકળાયેલા તમામ લોકોને એ વાતે પણ વાકેફ કર્યા છે કે 'તમને કોઈ પણ પ્રકારની શંકાસ્પદ પ્રવૃત્તિની ગંધ આવે તો તરત અમને જાણ કરી દેવી. બીસીસીઆઇ આવા પ્રકારના દૂષણને નેસ્તનાબૂદ કરવા કટિબદ્ધ છે. આ બિઝનેસમૅનની મૉડસ ઑપરેન્ડી (કાર્ય પદ્ધતિ) એવી છે કે તે ઝવેરાત સહિતની મોંઘીદાટ ભેટસોગાદો આપે છે કે જેથી કોઈને તેના પર કે તેની પાસેથી ગિફ્ટ લેનારાઓ પર શંકા ન જાય. પહેલાં તો આ બિઝનેસમૅન ફ્રેન્ચાઇઝીઓના માલિકો, ખેલાડીઓ, કોચ તેમ જ સપોર્ટ સ્ટાફના મેમ્બર્સના પરિવારજનોને મળે છે, તેમની ટીમનો ડાઇ-હાર્ડ ફૅન હોવાનું કહીને તેમને મોંઘાદાટ ઘરેણાં વેચતા શૉ રૂમમાં લઈ જાય છે અથવા તો લાલચ આપીને ફાઇવસ્ટાર હોટેલમાં બોલાવે છે. આ મૅચ-ફિક્સર આઇપીએલની ટીમોના માલિકો તથા ખેલાડીઓના વિદેશોમાં રહેતા સંબંધીઓનો પણ સોશિયલ મીડિયાના પ્લૅટફૉર્મ મારફત સંપર્ક કરે છે.' ■

## મુનાફ પટેલને ઝઘડો ભારે પડ્યો, પચીસ ટકા ફી કપાઈ ગઈ

### ખેલાડીને મેદાન પર મોકલવા અધિકારીએ પરવાનગી ન આપી એટલે દલીલ કરી

નવી દિલ્હીઃ બુધવારે અહીં આઇપીએલની વર્તમાન સીઝનની જ નહીં, પણ છેલ્લાં ચાર વર્ષની પ્રથમ સુપરઓવરમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ રોમાંચક વિજય મેળવ્યો, પણ મૅચના ઉતાર-ચઢાવની ઘટનાઓ વચ્ચે ભારતના ભૂતપૂર્વ પેસ બોલર અને દિલ્હીની ટીમના બોલિંગ-કોચ મુનાફ પટેલથી ક્રિકેટને લગતો એક ગુનો થઈ ગયો જે બદલ તેની પચીસ ટકા મૅચ-ફી કાપી લેવામાં આવી છે. એટલું જ નહીં, તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ પણ નોંધવામાં આવ્યો છે. મુનાફે એક અધિકારી સાથે જે દલીલ કરી એમાં મુનાફનો વાંક સાબિત જણાતાં તેને આ દંડ કરવામાં આવ્યો છે.

ગુજરાતી ક્રિકેટર મુનાફે રાજસ્થાન રૉયલ્સ સામેના આ હાઇ-વૉલ્ટેજ મુકાબલામાં આઇપીએલની આચારસંહિતાની કલમ ૨.૨૦ હેઠળ લેવલ-વન પ્રકારના નિયમનો ભંગ કર્યો હતો.

આ મૅચમાં બન્ને ટીમે એકસરખા ૧૮૮ રન બનાવતાં મૅચ સુપરઓવરમાં ગઈ હતી.

મૅચ-રેફરી શક્તિ સિંહે જાહેર કરેલી (દંડની) સજા મુનાફે સ્વીકારી લેતાં વધુ સુનાવણી નહોતી રાખવામાં આવી.

મુનાફનો શું ગુનો હતો એ અહેવાલોમાં સ્પષ્ટપણે નહોતું જણાવવામાં આવ્યું, પણ કહેવાય છે કે મુનાફને ફરજ પરના એક



મૅચ-અધિકારી સાથેનો ઝઘડો મોંઘો પડ્યો. મૅચ દરમ્યાન મુનાફ એક સંદેશ સાથે એક ખેલાડીને મેદાન પર મોકલવા માગતો હતો, પરંતુ એવું કરવાની તેને (મુનાફને) મનાઈ કરવામાં આવી હતી. એ વાતે મુનાફે અધિકારી સાથે દલીલ કરી હતી.

૨૦૧૧માં એમએસ ધોનીના સુકાનમાં ભારત વન-ડેનો વર્લ્ડ કપ જીત્યું એ ચૅમ્પિયન ટીમમાં મુનાફનો સમાવેશ હતો. ગયા વર્ષે નવેમ્બરમાં મુનાફને દિલ્હીના ફ્રેન્ચાઇઝીએ જેમ્સ હોપ્સના સ્થાને દિલ્હીની ટીમનો બોલિંગ-કોચ નિયુક્ત કર્યો હતો.

૪૧ વર્ષનો મુનાફ પટેલ મૂળ ભરૂચ જિલ્લાના ઇખર ગામનો છે. આઇપીએલમાં તે મુંબઈ ઇન્ડિયન્સ, રાજસ્થાન રૉયલ્સ અને ગુજરાત લાયન્સ વતી રમ્યો હતો. ભારત વતી મુનાફે ૨૦૦૬થી ૨૦૧૧ સુધીની કરીઅર દરમ્યાન ૭૦ વન-ડેમાં ૮૬ વિકેટ, ૧૩ ટેસ્ટમાં ૩૫ વિકેટ અને ત્રણ ટી-૨૦માં ચાર વિકેટ લીધી હતી. ■

### વૈશ્વિક સોનામાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલી

# સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૩૭૧ના સુધારા સાથે ₹ ૯૫,૦૦૦ની લગોલગ, ચાંદીમાં ₹ ૧૨૧નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ગઈકાલે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૩૩૫૭.૪૦ ડૉલરની નવી ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાપાન સાથે ટેરિફ અંગેની વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હોવાનું જણાવતા સોનામાં નફારૂપી વેચવાલી નીકળતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. તેમ જ આજે પણ લંડન ખાતે સત્રના આરંભે નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૦થી ૩૩૧ની આગેકૂચ જોવા મળી હતી, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૫,૦૦૦ની લગોલગ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૧૨૧ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલી તેમ જ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૧ના સુધારા સાથે રૂ. ૯૫,૧૫૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૦ વધીને રૂ. ૯૪,૫૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૩૧ વધીને રૂ. ૯૪,૯૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગને ટેકે હાજરમાં એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૩૫૭.૪૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ભાવ ઘટી આવ્યા હતા. તેમ જ આજે પણ લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૩૧.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહનામાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બે ટકાનો અને આ વર્ષમાં અત્યાર સુધીમાં ૨૭ ટકાનો ઉછાળો આવી ગયો છે.

# સતત ચોથા દિવસની જબરી છલાંગમાં સેન્સેક્સ ૭૮,૬૧૭ની સપાટીએ પહોંચ્યો, નિફ્ટીએ ૨૩,૮૫૦નું સ્તર પુનઃ હાંસલ કર્યું

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ મુદ્દે જબરદસ્ત ખેંચતાણ અને પ્રતિપ્રહારની પ્રવૃત્તિ જોરમાં છે અને અમેરિકાના બજારો ગબડી રહ્યા છે ત્યારે ભારતીય શેરબજારે આજે ગુરુવારે ૧૫૦૦ પોઇન્ટની છલાંગ લગાવીને રોકાણકારોને ચકિત કરી દીધા છે. શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે શેરબજાર બંધ રહેશે. એફઆઇઆઇની ફરી શરૂ થયેલી લેવાલી, ડોલરની નબળાઇ, ટેરિફ વોર વચ્ચે ભારતને લાભ થવાના આશાવાદ ઉપરાંત અમેરિકા અને જાપાનની ટેરિફ ટોક સફળ રહેવાના અશાવાદ વચ્ચે એશિયન બજારોમાં આવેલી તેજી પાછળ સેન્સેક્સે ૭૮,૫૦૦ પોઇન્ટની, જ્યારે નિફ્ટીએ ફરી ૨૩,૮૫૦ની સપાટી હાંસલ કરી છે. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૧૫.૦૦ લાખ કરોડ સામે રૂ. ૪.૬૦ લાખ કરોડ વધીને રૂ. ૪૧૯.૬૦ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ વધી હતી, જ્યારે બે સ્ક્રિપ ઘટી હતી.

સેન્સેક્સ સત્રને અંતે ૧,૫૦૮.૯૧ પોઇન્ટ અથવા તો ૧.૯૫ ટકાના ઉછાળા સાથે ૭૮,૫૫૩.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન સેન્સેક્સ ૧૫૭૨.૪૮ પોઇન્ટ અથવા તો ૨.૦૪ ટકાના ઉછાળા સાથે ૭૮,૬૧૬.૭૭ પોઇન્ટની ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૪૧૪.૪૬ પોઇન્ટ અથવા તો ૧.૭૭ ટકાના ઉછાળા સાથે ૨૩,૮૫૧.૬૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

એટર્નલ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ભારતી એરટેલ, સન ફાર્મા, સ્ટેટ બેન્ક, બજાજ ફિનસર્વ, કોટક મહિન્દ્રા બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સેન્સેક્સના ટોપ ગેઇનર્સ શેર રહ્યા હતા. જ્યારે ટેક મહિન્દ્ર અને મારુતિ ટોપ લુઝર્સ શેર રહ્યા હતા.

વિપ્રોમાં રેવન્યૂ ઘટવાની આગાહી પછી આ સત્રમાં પણ છ ટકા જેવો કડાકો પડ્યો હતો. વિપ્રોએ ચોથા ક્વાર્ટરમાં ૨૬ ટકાના વધારા સાથે રૂ. ૩૫૬૯.૬૦ કરોડનો ચોખ્ખો નફો જાહેર કરવા સાથે એવી આગાહી કરી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં આઇટી સર્વિસ રેવન્યૂમાં ૩.૫ ટકાનો ઘટાડો થઇ શકે છે.

ગેનસોલમાં પાછલા સત્રમાં પાંચ ટકાની નીચી સર્કિટ લાગ્યા બાદ આ ગુરુવારના સત્રમાં પણ ફરી પાંચ ટકાની લોઅર સર્કિટ લાગી હતી. માર્કેટ રેગ્યુલેટર સેબીએ ફંડ ડાઇવર્ઝન અને ગવર્નન્સની ક્ષતિઓના કેસમાં ગેનસોલ અને તેના પ્રમોટર અનમોલ સિંઘ જગ્ગી તથા પુનીત સિંઘ જગ્ગીને આગામી આદેશ સુધી સિક્યુરિટી બજારમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો છે. યશ બેન્કને આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ માટે આઇટી વિભાગ તરફથી રૂ. ૨૪૪ કરોડની ડિમાન્ડ નોટિસ મળી છે. ઇન્ફોસિસે ડીજીટલ ટ્રાન્સફોર્મેશન માટે સ્પાર્ક ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાથે ભાગીદારી કરી છે. આઇડીએફસી ફર્સ્ટના બોર્ડે વોરબર્ગ પિનકસ અને એઇડીઆ પાસેથી રૂ. ૭૫૦૦ કરોડના ફંડને મંજૂરી આપી છે. એલેમ્બિક ફાર્માને જેનેરિક ડ્રગ માટે યુસએફડીએ તરફથી મંજૂરી મળી છે.

એફઆઇઆઇએ અનેક સત્રોની સતત વેચવાલી બાદ બુધવારે રૂ. ૬૦૬૫.૭૮ કરોડની અને ગુરુવારે રૂ. ૩૯૩૬.૪૨ કરોડની લેવાલી નોંધાવી હતી. આમ બે દિવસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૦,૦૦૦ કરોડ જેવી લેવાલી કરી છે. અમેરિકાની મંદીની ભીતિ અને ડોલરની નબળાઇ એફઆઇઆઇને ભારત સહિતના ઇમર્જિંગ દેસો તરફ દોરે છે. એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, ટોકિયોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચા મથાળે પહોચ્યા હતા. યુરોપના બજારો ખૂલતા સત્રમાં નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા. જ્યારે અમેરિકાના બજારોમાં બુધવારે નોંધપાત્ર કડાકા જોવા મળ્યા હતા. અમેરિકા અને જાપાન વચ્ચે હાલ રેસિપ્રોકલ ટેરિફ અંગે વાટાઘાટો ચાલી રહી છે અને તે સાનુકૂળ રહેવાની આશા છે.

ટ્રેડ વોરની વધતી તીવ્રતા અને મંદીની ચિંતા વચ્ચે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીઅલ એવરેજ, નેસ્ડેક કમ્પોઝિટ અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સમાં ફરી નવા કડાકા જોવા મળ્યા હતા. જોકે, અમેરિકા અને જાપાનની વાટાઘાટોનું સકારાત્મક પરિણામ આવશે એવી આશા વચ્ચે એશિયાઇ બજારોમાં સુધારો જોવા મળ્યો હતો.

ટેરિફ વોર અને મંદીની ચિંતા વચ્ચે વિશ્વ બજારમાં જોવા મળેલી નરમાઇ પાછળ ભારતીય શેરબજાર પણ નીચા મથાળે ખૂલ્યું હતું અને પ્રારંભિક સત્રમાં નીચા સ્તરે અથડાતું રહ્યું હતું.

વિપ્રોના નાણાકીય પરિણામમાં આગામી સમયગાળા માટે નિરસ આગાહી થયા બાદ ખાસ કરીને આઇટી શેરોની આગેવાની હેઠળ વેચવાલી તીવ્ર રહી હતી. પરંતુ પાછળથી એચડીએફસી બેંક અને આઇસીઆઇસીઆઇ બેંકના શેરોની લેવાલી સાથે આખો માહોલ પલટાયો હતો. આ બંનેના પરિણામ જાહેર થવાના છે.

# ઇન્ફોસિસના નફામાં ૧૧.૭ ટકાનો ઘટાડો, શેરદીઠ ₹ ૨૨ના અંતિમ ડિવિડંડની ભલામણ

નવી દિલ્હી: ભારતની બીજી સૌથી મોટી આઇટી કંપની ઇન્ફોસિસે ગુરુવારે માર્ચ ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧.૭ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો અને તે રૂ. ૭,૦૩૩ કરોડ થયો હતો. કંપનીએ ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૭,૯૬૯ કરોડનો નફો નોંધાવ્યો હતો. કંપની બોર્ડે શેરદીઠ રૂ. ૨૨ના અંતિમ ડિવિડંડની ભલામણ કરી છે. કંપનીએ સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે તેના માર્ગદર્શન કરતાં વધુ કમાણી કરી છે. ઇન્ફોસિસે ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષનું રેવન્યૂ ગાઇડન્સ ૩.૭૫ ટકા - ૪.૫૦ ટકા સામે વધારીને ૪.૫૦ ટકાથી પાંચ ટકા જાહેર કર્યુ હતું. કંપનીએ ચાલુ નાણાકીય વર્ષ માટે કોન્સ્ટન્ટ કરંસીના ધોરણે રેવેન્યુમાં શુન્યથી ત્રણ ટકાના વધારાની ધારણાં જાહેર કરી હતી. સમીક્ષા હેઠળના ત્રિમાસિક સમયગાળામાં કંપનીએ રૂ. ૪૦,૯૨૫ કરોડની રેવેન્યૂ નોંધાવી છે.

# અમેરિકન ટૅરિફની માઠી અસર ધોવાઈને ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા મજબૂત

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત ચોથા સત્રમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૨૬ પૈસા મજબૂત થઈને ૮૫.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે તે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જ્યારે વિવિધ દેશો સામે રેસિપ્રોકલ ટૅરિફની જાહેરાત કરી હતી ત્યારે અથવા તો ગત બીજી એપ્રિલે રૂપિયો ૮૫.૫૨ની સપાટીએ પહોંચ્યો હતો અને આજે રૂપિયો આ સપાટીની અંદર ઊતરી ગયો છે. ફોરેક્સ ટ્રેડરોના મતાનુસાર સ્થાનિક ઈક્વિટી બજારમાં સુધારાતરફી વલણ અને ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડાનો રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો છે. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૪૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૨ અને ઉપરમાં ૮૫.૩૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસાના સુધારા સાથે ૮૫.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લા ચાર સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૧.૫૦ ટકા અથવા તો ૧૩૦ પૈસાનો સુધારો નોંધાયો છે.

તાજેતરમાં ઈક્વિટી માર્કેટમાં સુધારા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ટેકે રૂપિયામાં સુધારો જોવા મળ્યો છે.

# ખાંડમાં નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે માગ અનુસાર સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ અને ગુણવત્તાનુસાર વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૩૯૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૨થી ૪૦૮૨માં ટકેલા ધોરણે થયા હતા.

# કોપર અને નિકલમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને નિકલ, કોપરની વેરાઈટીઓ, ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૧ સુધીનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીએ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૧૩૬૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૭૪૮ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૮૫૦ના મથાળે રહ્યા હતા.

## દેશ-વિદેશ

# જાપાન ભારતને ગિફ્ટમાં આપશે બે બુલેટ ટ્રેન

નવી દિલ્હી/ટોકિયો: ભારતના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ બુલેટ ટ્રેન માટે સૌથી મોટા સમાચાર મળ્યા છે, જેમાં જાપાન સરકારે ભારતને બે શિન્કાનસેન ટ્રેન સેટ્સ ઈ-પાંચ અને ઈ-ત્રણ સિરીઝ ફ્રીમાં આપવાનો નિર્ણય લીધો છે, જેમાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરના ટેસ્ટિંગ અને નિરીક્ષણ કરવામાં પણ મદદ મળશે. આ ટ્રેન ૨૦૨૬ની શરૂઆતમાં ભારત પહોંચશે. જાપાન ભારતને બે શિન્કાનસેન ટ્રેન સેટ ઈ-પાંચ અને ઈ-ત્રણ સિરીઝ મફતમાં આપવાનો નિર્ણય લીધો છે. ઈ-પાંચ સિરીઝ ટ્રેનની ગણતરી જાપાનની સુપર ફાસ્ટ ટ્રેન પૈકીની ટ્રેન તરીકે ગણતરી કરવામાં આવે છે. આ ટ્રેનની સ્પીડ કલાકના ૩૨૦ કિલોમીટરની હોય છે, જ્યારે જાપાનમાં આ ટ્રેન ૨૦૧૧થી દોડાવવામાં આવે છે. જાપાનના મીડિયાના અહેવાલ અનુસાર ભારત પહોંચનારી આ હાઈસ્પીડ ટ્રેનના સેટ્સમાં ઈન્સ્પેક્શન માટેના ઈક્વિપમેન્ટ લગાવવામાં આવશે, જેમાં ટ્રેનની સ્પીડ, ટેમ્પરેચર અને ડસ્ટ વગેરેના પર્યાવરણ સંબંધિત બાબતનો ડેટા કલેક્ટ પણ કરશે, જેના આધારે આગામી વર્ષોમાં ઈ-૧૦ (આલ્ફા-એક્સ) ટ્રેનની ડિઝાઈન તૈયાર કરવામાં આવશે. જાપાનમાં ઈ-પાંચ સિરીઝની ટ્રેનની ગણતરી હાઈસ્પીડ ટ્રેન તરીકે કરવામાં આવે છે, જ્યારે તેની ઝડપ કલાકના ૩૨૦ કિલોમીટરની આસપાસ રહે છે, જ્યારે એની સામે ઈ-ત્રણ જૂનું મોડલ છે. ઈ-પાંચ સિરીઝની ટ્રેન જાપાનમાં લગભગ વર્ષ ૨૦૧૧થી ચલાવાય છે. જોકે, ઈ-ત્રણ મોડલને મિનિ શિન્કાનસેન તરીકે ઓળખવામાં આવે છે. તેની રાઈડ ક્વોલિટી, એરોડાયનેમિક ડિઝાઈન અને સેફ્ટી ફિચર્સ પણ શ્રેષ્ઠ છે. હાલના તબક્કે જાપાન ઈ-પાંચ સિરીઝની ટ્રેન દોડાવે છે, પરંતુ ભવિષ્યમાં ઈ-૧૦ની તૈયારી કરી રહ્યું છે. ઈ-૧૦ સિરીઝની ટ્રેન ભવિષ્યમાં કલાકના ૪૦૦ કિલોમીટરની ઝડપે દોડાવવામાં આવશે. આ ટ્રેનની સ્પીડ સહિત સુરક્ષા, પંક્ચ્યુઅલ અને આધુનિક એન્જિનિયરિંગનું પ્રતીક હશે, જે આગામી વર્ષોમાં ભારતીય રેલવેના પરિવર્તનનો મુખ્ય હિસ્સો હશે. જાપાન આ અગાઉ શિન્કાનસેન ટેક્નોલોજીને તાઈવાનને એક ટેસ્ટ ટ્રેન આપી ચૂક્યા છે. જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી આ પ્રોજેક્ટના ૮૦ ટકા સુધીની લોન આપશે, જેનો વ્યાજદર ફક્ત ૦.૧ ટકા હશે. જાપાન દ્વારા હાઈસ્પીડ ટ્રેનનો સેટ્સ આપ્યા પછી મુંબઈથી અમદાવાદ વચ્ચે ૨૦૨૭ પછીના વર્ષમાં દોડાવી શકાય છે.

# અલાબામામાં માછીમારી ટૂર્નામેન્ટમાં અકસ્માતમાં ત્રણનાં મોત

કુલમેન (યુએસ): અલાબામામાં બુધવારે માછીમારી ટૂર્નામેન્ટ દરમિયાન બે બોટ અથડાતા ત્રણ લોકોનાં મોત થયાં, એમ અધિકારીઓએ જણાવ્યું. મેજર લીગ ફિશિંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બર્મિંગહામથી લગભગ ૧૧૩ કિલોમીટર ઉત્તરમાં એક લોકપ્રિય મનોરંજન સ્થળ, લુઇસ સ્મિથ તળાવ પર આયોજિત ટેકલ વેરહાઉસ ઇન્વિટેશનલના બીજા દિવસે બોટિંગ અકસ્માત થયો હતો.

આ દુર્ઘટનાની તપાસ કરી રહેલી અલાબામા લો એન્ફોર્સમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે બુધવારે વહેલી સવારે એક બાસ ફિશિંગ બોટ સેન્ટર કન્સોલ પ્રકારના જહાજ સાથે અથડાઈ હતી. જહાજમાં સવાર ત્રણ લોકોનાં મોત થયાં હતાં.

રાજ્ય એજન્સી કે મેજર લીગ ફિશિંગે આ દુર્ઘટનાનું કારણ શું હતું તે અંગે માહિતી જાહેર કરી ન હતી. મેજર લીગ ફિશિંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સ્પર્ધક ફ્લિન્ટ ડેવિસ સામેલ હતા. રાજ્ય એજન્સીએ જણાવ્યું હતું કે અલ્ટુનાના ૫૮ વર્ષીય જોય એમ બ્રૂમ આ અથડામણમાં જીવલેણ ઘાયલ થયા હતા. કુલમેનના ૪૪ વર્ષીય જોન કે. ક્લાર્ક અને મિસિસિપીના બ્રાન્ડોનના ૬૨ વર્ષીય જેફરી સી. લિટલને પાણીમાં ફેંકાયા હતા અને ડૂબી ગયા હતા, એમ એજન્સીએ જણાવ્યું હતું.

''આ અમારી સમગ્ર સંસ્થા માટે હૃદયદ્રાવક ક્ષણ છે.'' મેજર લીગ ફિશિંગના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને જનરલ મેનેજર કેથી ફેનેલે એક નિવેદનમાં જણાવ્યું હતું.

# છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા, ૨૨ નક્સલીઓને ઝડપ્યા, વિસ્ફોટકો જપ્ત

બીજાપુર - છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષાદળોએ ૨૨ નક્સલવાદીઓની ધરપકડ કરી છે. પોલીસ અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા દળોએ જિલ્લાના ઉસૂર, જાંગલા અને નેલસનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ નક્સલવાદીઓની ધરપકડ કરી હતી.

તેમણે કહ્યું કે જિલ્લામાં ચલાવવામાં આવી રહેલા નક્સલ વિરોધી અભિયાનના ભાગ રૂપે મંગળવારે ઉસૂર પોલીસ સ્ટેશનથી જિલ્લા દળ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સની કોબ્રા બટાલિયનને પેટ્રોલિંગ પર મોકલવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ ટેકમેટલા ગામના જંગલમાંથી સાત નક્સલીઓની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા નક્સલવાદીઓ પાસેથી ટિફિન બોમ્બ, કોર્ડેક્સ વાયર, ઇલેક્ટ્રિક વાયર અને અન્ય વસ્તુઓ મળી આવી છે. તેમણે કહ્યું કે તે જ રીતે જિલ્લાના જાંગલા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી જિલ્લા દળ અને જિલ્લા રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) ની સંયુક્ત ટીમને બેલચર, ભૂરીપાની અને કોટમેટા ગામો તરફ પેટ્રોલિંગ પર મોકલવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ બેલચર ગામના જંગલમાંથી છ નક્સલીઓની ધરપકડ કરી હતી. નક્સલવાદીઓ પાસેથી ટિફિન બોમ્બ, કોર્ડેક્સ વાયર, ડિટોનેટર, ઇલેક્ટ્રિક વાયર, બેટરી, ખોદવાનાં સાધનો અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. તેમણે કહ્યું કે જિલ્લાના નેલસનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સુરક્ષા દળોને કાંદાકરકા ગામ તરફ મોકલવામાં આવ્યા હતા. સુરક્ષા દળોએ કાંદાકરકાના જંગલમાંથી નવ નક્સલીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ટિફિન બોમ્બ, કોર્ડેક્સ વાયર, ડિટોનેટર, ઇલેક્ટ્રિક વાયર, બેટરી, ખોદવાનાં સાધનો, નક્સલ સાહિત્ય અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. તેમણે કહ્યું કે આ વિસ્તારમાં નક્સલવાદીઓ વિરુદ્ધ અભિયાન યથાવત્ છે.

# દેશમાંથી માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવામાં સીએપીએફ અને સીઆરપીએફ મહત્ત્વની ભૂમિકા ભજવશે: અમિત શાહ

નીમચ: દેશમાંથી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો ખાતમો કરવામાં આવશે. જેમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સીએપીએફ) અને સીઆરપીએફ મહત્ત્વની ભૂમિકા ભજવશે, એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરૂવારે જણાવ્યું હતું. તેઓ મધ્ય પ્રદેશના નીમચ જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના ૮૬મા સ્થાપના દિવસ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. ગૃહ પ્રધાને જણાવ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી નક્સલવાદનો ખાતમો કરવામાં આવશે અને સીએપીએફ અને સીઆરપીએફ, ખાસ કરીને તેનું કોબરા (કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન) એકમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પહેલા શાહે અહીં સીઆરપીએફ સ્થાપના દિવસ પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

શાહે ઔપચારિક પરેડમાં હાજરી આપતા પહેલા સીઆરપીએફના શહીદ નાયકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ સીઆરપીએફના ૮૬મા સ્થાપના દિવસની ઉજવણીનો ભાગ હોવાનું એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે. દર વર્ષે ૧૯ માર્ચે સીઆરપીએફ દિવસ ઉજવવામાં આવે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ કાર્ય**

**ટેન્ડર આમંત્રણ સૂચના સં. - DRM-SnT-ADI-Sig 04 વર્ષ 2025-26** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્ય કરતા DRM/S&T, ટેન્ડર સંખ્યા DRM-SnT-ADI-Sig 04 વર્ષ 2025-26, છેલ્લી તારીખ 13.05.2025, 15:00 માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ / સુધારેલી બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકાશે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) કાર્યનું નામ :** અમદાવાદ ડિવિઝનમાં મહેસાણા - પાલનપુર અને મહેસાણા-વરાઠા સેક્શનની ખામીયુક્ત / જૂના મિડલાઇફ સિગ્નલિંગ ગિયર્સને બદલવા અને વિશ્વસનીયતા સુધારવા માટે સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **(2) કામનો અંદાજિત ખર્ચ :** ₹3,33,67,885.11/- (રૂપિયા ત્રણ કરોડ તેત્રીસ લાખ સડસઠ હજાર આઠસો પંચ્યાસી રૂપિયા અને અગિયાર પૈસા માત્ર) **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹3,16,800/- (ત્રણ લાખ સોળ હજાર આઠસો રૂપિયા માત્ર) **(4) સમાપ્તિ તારીખ અને સમય :** 13.05.2025 ના 15:00 કલાક સુધી. **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ખુલવાની તારીખ 13.05.2025 ના 15:30 કલાકે. **(6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ :** www.ireps.gov.in 013

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ કાર્ય**

**ટેન્ડર આમંત્રણ સૂચના સં. - DRM-SnT-ADI-Sig 05 વર્ષ 2025-26** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્ય કરતા DRM/S&T, ટેન્ડર સંખ્યા DRM-SnT-ADI-Sig 05 વર્ષ 2025-26, છેલ્લી તારીખ 13.05.2025, 15:00 માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ / સુધારેલી બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકાશે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) કાર્યનું નામ :** અમદાવાદ ડિવિઝનમાં ધ્રાંગધ્રા - સામાખ્યાલી - ગાંધીધામ - નવા ભુજ સેક્શનની વિશ્વસનીયતા સુધારણા અને ખામીયુક્ત / જૂના મિડલાઇફ સિગ્નલિંગ ગિયર્સને બદલવાના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **(2) કામનો અંદાજિત ખર્ચ :** ₹3,79,77,048.15/- (રૂપિયા ત્રણ કરોડ ઓગણએસિ લાખ સિત્યોતેર હજાર અડતાલીસ રૂપિયા અને પંદર પૈસા માત્ર) **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹3,39,900/- (રૂપિયા ત્રણ લાખ ઓગણચાલીસ હજાર નવસો માત્ર) **(4) સમાપ્તિ તારીખ અને સમય :** 13.05.2025 ના 15:00 કલાક સુધી. **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ખુલવાની તારીખ 13.05.2025 ના 15:30 કલાકે. **(6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ :** www.ireps.gov.in 014

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**વિવિધ ઇલેક્ટ્રિકલ કાર્ય**

**ટેન્ડર સં : EL/TRD/Tender/25-26/01** ભારતના રાષ્ટ્રપતિ મટે અને તેમના વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), વડોદરા, નીચેના કામ માટે ટેન્ડરો આમંત્રિત કરે છે **ટેન્ડર સં :** EL/TRD/Tender/25-26/01 **કામનું નામ :** વડોદરા વિભાગના સુરત-ગોધરા અને વડોદરા-ગેરતપુર વિભાગોમાં હાલના 1x25 kV AC OHE સિસ્ટમને 2x25 kV AC OHE સિસ્ટમમાં રૂપાંતરિત કરવા માટે જરૂરી ફિટિંગ સાથે ફીડર વાયર, એરિયલ અર્થ કંડક્ટર (AEC) અને બરીડ અર્થ કંડક્ટર (BEC) ની જોગવાઈ. **કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં) :** ₹134608540/- **બિડ સિક્યોરિટી (રૂ.માં) :** ₹823100/- **ટેન્ડર દસ્તાવેજો કિંમત અને સમાપ્તિ અવધિ :** સમાપ્તિ અવધિ 18 મહિના **ટેન્ડર સમાપ્તિ તારીખ :** ટેન્ડર સમાપ્તિ તારીખ 10/05/2025 અને સમાપ્તિ સમય તે જ તારીખે 12-00 કલાકે **વેબપેજની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને માહિતી માટે ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 **વેબસાઇટ @www.ireps.gov.in** 009

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ કાર્ય**

**ટેન્ડર આમંત્રણ સૂચના સં. - DRM-SnT-ADI-Sig 06 વર્ષ 2025-26** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્ય કરતા DRM/S&T, ટેન્ડર સંખ્યા DRM-SnT-ADI-Sig 06 વર્ષ 2025-26, છેલ્લી તારીખ 13.05.2025, 15:00 માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ / સુધારેલી બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકાશે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) કાર્યનું નામ :** અમદાવાદ ડિવિઝનમાં સાબરમતી - ધ્રાંગધ્રા(Ex) અને વિરમગામ - મહેસાણા(Ex) વિભાગમાં ખામીયુક્ત / જુના મિડલાઇફ સિગ્નલિંગ ગિયર્સના રિપ્લેસમેન્ટ અને વિશ્વસનીયતા સુધારણા સંદર્ભે સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **(2) કામનો અંદાજિત ખર્ચ :** ₹3,47,08,979.82/- (રૂપિયા ત્રણ કરોડ સુડ્તાલીશ લાખ આઠ હજાર નવસો ઓગણએસી રૂપિયા અને બ્યાશી પૈસા માત્ર) **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹3,23,600/- (રૂપિયા ત્રણ લાખ ત્રેવીસ હજાર છસો માત્ર) **(4) સમાપ્તિ તારીખ અને સમય :** 13.05.2025 ના 15:00 કલાક સુધી. **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ખુલવાની તારીખ 13.05.2025 ના 15:30 કલાકે. **(6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ :** www.ireps.gov.in 015

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळ**
**(म्हाडाचा घटक)**
**जाहीर निवेदन**

म्हाडा MHADA

सर्वसामान्य जनतेच्या तक्रारी/ अडचणी यांची न्याय्य व तत्परतेने शासकीय यंत्रणेकडून सोडवणूक करण्यासाठी एक प्रभावी उपाययोजना म्हणून ''लोकशाही दीन'' शासन/ प्राधिकरण स्तरावर राबविण्यात येत असतो. त्याच धर्तीवर मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळाचा अखत्यारीतील मुंबई शहरातील उपकरप्राप्त इमारती व मुंबई शहर व मुंबई उपनगरातील संक्रमण शिबीरातील इमारती/गाळे मधील नागरिकांचे प्रश्न तत्परतेने सोडविण्याकरीता मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळ स्तरावर ''जनता दरबार'' राबविण्याचे योजिले आहे.

त्यास अनुसरुन मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळ स्तरावर जनता दरबार पुढीलप्रमाणे राबविण्यात येणार आहे.

**जनता दिन–** दिनांक 22 एप्रिल, 2025.

**जनता दिन कार्यक्रम अध्यक्ष:** ''जनता दरबार'' कार्यक्रमाचे अध्यक्ष मुख्य अधिकारी, मुं.इ.दु.व.पु. मंडळ असतील.

**कार्यक्रमाचे स्थळ व वेळ:** गुलझारीलाल नंदा सभागृह, 3 रा मजला, गृहनिर्माण भवन, म्हाडा, वांद्रे (पू), मुंबई–400 051 येथे दुपारी 12.00 ते 02.00 या वेळेदरम्यान आयोजित करण्यात येईल.

मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळाच्या अखत्यारीतील मुंबई शहरातील उपकरप्राप्त इमारती व मुंबई शहर व मुंबई उपनगरातील संक्रमण शिबीरातील इमारती/ गाळे मधील नागरिकांनी वरील वेळी व ठिकाणी आपल्या निवेदन/ अर्ज व कागदपत्रांसह उपस्थित राहून, आपले प्रश्न सोडविण्याकरीता पुढाकार ध्यावा.


स्वाक्षरीत/–
(मिलिंद शंभरकर, भा. प्र. से.)
मुख्य अधिकारी,
मुं.इ.दु.व.पु. मंडळ

CPRO/A/312

म्हाडा–गृहनिर्माण क्षेत्रातील दशातील अग्रगण्य संस्था

Follow us:mhadaofficial

શ્રદ્ધાંજલી
દશા શ્રીમાળી દેરાવાસી જૈન



**શ્રી યોગેશ શાહ**
(પાટણ નિવાસી હાલ મુંબઈ (વરલી)
તે સ્વ. પુષ્પાબેન સેવંતીલાલ શાહના સુપુત્ર વનિતાબેન ના પતિ, કૌશલ સમીર કદમ, ફાલ્ગુની વિપુલ મહેતા, તેજલ નીરવ ગાંધીના પિતા, જીતેન્દ્રભાઈ સેવંતીલાલ શાહ, જયશ્રીબેન જવાહરભાઈ મેહતા, શૈલાબેન દિનેશભાઈ વસા ના ભાઈ, દક્ષાબેન જીતેન્દ્રભાઈ શાહના જેઠ, શ્રેયા, શૌર્ય, ઈશાન, સિયોના, આન્યાના નાના તા.૧૭.૦૪.૨૦૨૫ ગુરુવાર અરિહંત શરણ પામેલ છે.
લૌકિક વ્યવહાર બંધ છે.


# ૨૨.30 કરોડનું કોકેન, પોણાત્રણ લાખની રોકડ, વિદેશી ચલણ જપ્ત

## બે વિદેશી નાગરિક સહિત ભાયંદરની મહિલાની ધરપકડ

મુંબઈ: મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની ક્રાઇમ બ્રાન્ચે ૨૨.૩૦ કરોડ રૂપિયાનું કોકેન, વિદેશી ચલણ અને પોણાત્રણ લાખની રોકડ જપ્ત કરીને બે વિદેશી નાગરિક સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. આરોપીઓમાં ભાયંદરના મોતીલાલ નગરમાં રહેનારી સબીના શેખ (૪૨), નાઇજીરિયન નાગરિક એન્ડી ઉબાબુડીકે ઓનિન્સે (૪૫) તેમ જ કેમેરુન દેશની ક્રિસ્ટાબેલ એન્જેઇ (૩૨)નો સમાવેશ છે. ત્રણેય જણ હાલ પોલીસ કસ્ટડીમાં છે.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ (કાશીમીરા)ના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે મંગળવારે ભાયંદર પૂર્વના મોતીલાલ નગરમાં સબિના શેખના ઘરે રેઇડ પાડી હતી અને ૧૭.૭૪ કરોડ રૂપિયાનું કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકરણે સબીના શેખ વિરુદ્ધ નવઘર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સબીનાના ઘરેથી મળેલું કોકેન તેને મીરા રોડના હાટકેશ ખાતે રહેનારા એન્ડી નામના

(જુઓ પાનું ૪) ▶▶

## એઆઈથી બાળ ઠાકરેના અવાજમાં ભાષણ ...

# 'સાવ બાલિશ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે કહ્યું હતું કે શિવસેના (યુબીટી)એ એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સેનાના વડા સ્વર્ગસ્થ બાળ ઠાકરેનો અવાજ ફરીથી બનાવીને તેમને અપમાનિત કર્યા હતા.

શિંદેએ પત્રકારોને જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેએ તેમના પિતાના આદર્શો સાથે 'વિશ્વાસઘાત' કર્યો હોવાથી કોઈ શિવસેના (યુબીટી) સાથે રહેશે નહીં.

'અમે શિવસેનાને કોંગ્રેસના ચુંગાલમાંથી મુક્ત કરી હતી. તેઓ (ઉદ્ધવ ઠાકરે અને તેમની પાર્ટી) માત્ર સત્તા પરથી જ નહીં, પરંતુ લોકોના મનમાંથી પણ દૂર થઈ ગયા છે. જો તેમની પાસે થોડી પણ શરમ બાકી હોય, તો તેમણે આવા બાલિશ કૃત્યો ન કરવા જોઈએ અને બાળાસાહેબને અપમાનિત ન કરવા જોઈએ. બાળાસાહેબની છબીને નુકસાન થાય તેવું વર્તન ન કરવું જોઈએ,' એમ તેમણે ઉમેર્યું હતું.

શિંદેએ ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ સામે બળવો કર્યો હતો અને પાર્ટીનું વિભાજન કર્યું હતું.

તેમના ટીકાઓ અંગે પૂછવામાં આવતાં સેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે જેમણે સેનાના સ્થાપકના નામનો ઉપયોગ કરીને 'નકલી શિવસેના' બનાવી છે તેમણે આ મુદ્દા પર ટિપ્પણી ન કરવી જોઈએ.

ગયા મહિને પણ પાર્ટીના એક કાર્યક્રમમાં બાળ ઠાકરેનો

(જુઓ પાનું ૪) ▶▶

**શિવસેના (યુબીટી)ના નાશિક મેળાવડામાંના કૃત્યને આવા શબ્દોમાં વખોડ્યું એકનાથ શિંદેએ**

## 'બાળ ઠાકરે'એ ભાજપ, શિંદેના પક્ષ પર નિશાન સાધ્યું

### સેના (યુબીટી) ના મતે, જો બાળ ઠાકરે જીવતા હોત તો શું કહેત તે ભાષણમાં ફરીથી બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભા ચૂંટણીમાં થયેલા કારમા પરાજય પછી પાર્ટીની સંભાવનાઓને આગામી પાલિકાની ચૂંટણીઓમાં મજબૂત બનાવવા માટે શિવસેના (યુબીટી)એ બુધવારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરીને શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે જેવો અવાજ ફરીથી બનાવવાનો પ્રયાસ કર્યો હતો. બાળ ઠાકરે જેવા અવાજ

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રે નવી શિક્ષણ નીતિને મંજૂરી આપી

# હિન્દી ફરજિયાત ત્રીજી ભાષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મહારાષ્ટ્ર સરકારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી શરૂ કરીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)૨૦૨૦ના અમલ માટે એક વિગતવાર યોજનાની જાહેરાત કરી છે. આ યોજનાનો એક મુખ્ય ઘટક મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ પહેલીથી પાંચમીના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ત્રીજી ભાષા તરીકે હિન્દીને સામેલ કરાવવાનો છે.

એનઈપી ૨૦૨૦ હેઠળનો નવો અભ્યાસક્રમ તબક્કાવાર સમયરેખાને અનુસરશે, જે ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષમાં પહેલા ધોરણથી શરૂ થશે અને ૨૦૨૮-૨૯ સુધીમાં તમામ ધોરણોમાં વિસ્તૃત થશે.

ભાષા નીતિના ભાગરૂપે, પ્રારંભિક ધોરણના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા તરીકે રજૂ કરવામાં આવશે. આ પરિવર્તનને ટેકો આપવા માટે, રાજ્ય સરકાર ૨૦૨૫ સુધીમાં ૮૦ ટકા

**આ યોજનાનો એક મુખ્ય ઘટક મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ પહેલી થી પાંચમીના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ત્રીજી ભાષા તરીકે હિન્દીનો પરિચય કરાવવાનો છે: હિન્દીકરણ સામે રાજ ઠાકરે ભડક્યા**

શિક્ષકોને નવી શિક્ષણ પદ્ધતિઓ અને ડિજિટલ સાધનોમાં તાલીમ આપવાની પણ યોજના ધરાવે છે.

નવી નીતિ હેઠળ મહારાષ્ટ્ર ૫+૩+૩+૪ શૈક્ષણિક માળખું અપનાવશે, જેમાં અભ્યાસક્રમ વિકાસ સ્થાનિક રીતે એસસીઈઆરટી અને બાલભારતી દ્વારા હાથ ધરવામાં આવશે. એનઈપી ૨૦૨૦ દ્વારા નવા અભ્યાસક્રમ હેઠળ રજૂ કરાયેલ ૫+૩+૩+૪ શૈક્ષણિક માળખું, શાળા શિક્ષણને ચાર તબક્કામાં વિભાજિત કરે છે: એક પાયાનો

(જુઓ પાનું ૪) ▶▶

## રોગને ઊગતો જ ડામવાનું આઈઆઈટીનું સંશોધન

### નુકસાન કરે એ પહેલા જ જંતુનો ખાત્મો બોલાવાશે

મુંબઈ: સૂક્ષ્મ જંતુઓ માનવ શરીરને નુકસાન પહોંચાડે એ પહેલા જ તેમને ખતમ કરી દે એવા પ્રોટીનની શોધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેના સંશોધકોએ કરી છે. નાનકડા ટ્વીઝર જેવા મશીનોનો ઉપયોગથી આ શક્ય બનશે.

માનવ રોગપ્રતિકારક શક્તિના નવા હથિયારની શોધ માટેનું આ સંશોધન આઈઆઈટી બોમ્બેના પ્રોફેસર અનિર્બાન બેનર્જીની આગેવાની હેઠળના સંશોધકોના એક જૂથ દ્વારા હાથ ધરવામાં આવ્યું હોવાનું સંસ્થાએ ગુરુવારે જણાવ્યું હતું.

સંશોધનમાં મળેલું પ્રોટીન ચુનંદા વિશેષ ઓપરેશન યુનિટની જેમ કામ કરી સંભવિત સમસ્યા શોધી એ શરીરને નુકસાન પહોંચાડે તે પહેલાં તેને નાકામિયાબ બનાવી દે છે એમ સંશોધનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. બેક્ટેરિયા કોષ પર હુમલો કરી પોષક તત્વો છૂટા પાડે છે

(જુઓ પાનું ૪) ▶▶






## એન્જિનિયરિંગ અજાયબી

# અંધેરી (ઈસ્ટ)થી ઈન્ટરનેશનલ એરપોર્ટ મેટ્રો માટેની ટનલ ખોદાઇ

### ૧.૬૪૭ કિમી.ની ટનલનું ખોદકામ ટીબીએમ દ્વારા પૂરું કરાયું



**મોટી સિદ્ધિ:** અંધેરી પૂર્વમાં મેટ્રોને ઈન્ટરનેશનલ એરપોર્ટને જોડતી મેટ્રો માટે ટનલના ખોદકામ ગઈ કાલે પૂરું થયું હતું અને આને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઇજનેરી અજાયબી ગણાવી છે. (અમય ખરાડે)

મુંબઈ: મુંબઈ મેટ્રો લાઇન-૭એ માટે તહેનાત કરાયેલા બોરિંગ મશીન દ્વારા અંધેરી (પૂર્વ) અને શહેરના એરપોર્ટ વચ્ચે ૧.૬૪૭ કિલોમીટરની અન્ડરગ્રાઉન્ડ ટનલ ખોદવાનું કામ પૂર્ણ કરી નવી સિદ્ધિ પ્રાપ્ત કરાઇ છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડિવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા મુંબઈના મેટ્રો નેટવર્કની પ્રથમ અન્ડરગ્રાઉન્ડ ટનલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અંધેરી પૂર્વના બામનવાડા નજીક ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) 'દિશા' દ્વારા આ ઐતિહાસિક તબક્કો પાર પાડવામાં આવ્યો હતો. આ ટનલ અંધેરી પૂર્વ અને છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (સીએસએમઆઇએ)ને જોડશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

એમએમઆરડીએએ એક્સ પર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી હતી અને કહ્યું હતું કે આ ઐતિહાસિક સિદ્ધિ અને એન્જિનિયરિંગ અજાયબી છે.

૬.૩૫ મીટર વ્યાસની ૧.૬૪૧ કિલોમીટરની આ ટનલ દહિસર પૂર્વ અને અંધેરી પૂર્વ વચ્ચેની મેટ્રો-૭ને

(જુઓ પાનું ૪) ▶▶












## ૨૦૨૪ની ચૂંટણી: દેવેન્દ્ર ફડણવીસને હાઈ કોર્ટના સમન્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ હાઈકોર્ટની નાગપુર ખંડપીઠે ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને નાગપુર દક્ષિણ પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી ૨૦૨૪માં મળેલી જીતને પડકારતી પિટિશન સંબંધે સમન્સ જારી કર્યા છે.

કોંગ્રેસના ઉમેદવાર પ્રફુલ્લ વિનોદરાવ ગુડધેએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન વિરુદ્ધ પિટિશન દાખલ કરી હતી, જેઓ ચૂંટણી દરમિયાન ફડણવીસ સામે ૩૯,૭૧૦ મતોના માર્જિનથી હારી ગયા હતા.

અરજીમાં ગુડધેએ એવી માગણી કરી હતી કે હાઈકોર્ટ ફડણવીસની જીતને 'રદબાતલ અને નિરસ્ત' જાહેર કરે, જેમાં પ્રક્રિયાગત ભૂલો અને ભ્રષ્ટ પ્રથાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

જસ્ટિસ પ્રવિણ પાટીલની બેન્ચે મુખ્ય પ્રધાન ફડણવીસને સમન્સ જારી કર્યા હતા, જેની મુદત આઠમી મે સુધીની છે, એમ ગુડધેના વકીલ પવન

(જુઓ પાનું ૪) ▶▶

# સારા સિબિલ સ્કોરવાળાઓના નામે ક્રેડિટ કાર્ડ લઈને બૅન્કોને છેતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સારો સિબિલ સ્કોર ધરાવતી વ્યક્તિનો ડેટા પ્રાપ્ત કર્યા પછી તેને આધારે બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને મેળવેલા ક્રેડિટ કાર્ડથી બૅન્કો અને ફાઈનાન્સ કંપનીઓને ચૂનો ચોપડનારી ટોળકીને આસામ રાજ્યમાંથી પકડી પાડવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ મોહેબૂર અબ્દુલ રહેમાન (૨૮), અઝરુલ સાદિકુલ ઈસ્લામ (૨૭), ઈલિયાસ રફીકુલ ઈસ્લામ (૨૫), અબુબકર સિદ્દીક રમઝાન અલી (૩૭) અને મોહિનુદ્દીન અહમદ અબ્દુલ મલિક (૨૬) તરીકે થઈ હતી. આરોપીઓને આસામમાં મોરગાંવ જિલ્લાના અલગ અલગ ગામોમાંથી તાબામાં લેવાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ એક ખાનગી બૅન્કના

(જુઓ પાનું ૪) ▶▶






"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.